## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| જહન્નમ અને જન્નતની કેફીયત | ૧૧ |
| મઆરિફુલ હદીસ | ૧૩ |
| ઈસ્લામ સંપૂર્ણ દીનનું નામ છે. | ૧૯ |
| ઝમીં ખા ગઈ આસમાં કૈસે કૈસે ? | ૨૨ |
| આહ ! હઝ. મવ. યાકૂબ કાસમી રહ. | ૨૭ |
| હઝ. મવ. યાકૂબ કાસમી રહ. | ૩૪ |
| હઝ. મવ. કાસમી સાહેબ રહ. | ૩૯ |
| મવ. યાકૂબ મુન્શી કાસમી રહ. | ૪૮ |
| હઝ. મવ. યાકૂબ સાહેબ કાસમી રહ. | ૫૨ |
| હઝ. મવ. યાકૂબ કાસમી સાહેબ રહ. | ૫૬ |
| મવલાના યાકૂબ સાહેબ કાસમી રહ. | ૬૧ |
| કાવીના કર્મવીર વિશ્વ વિખ્યાત વિદ્વાન | ૭૦ |
| મવ. કાસમી રહ.ની તબ્લીગી સફરો | ૭૯ |
| મવ. કાસમી રહ.ની તફસીરી ખિદમત | ૮૫ |
| ફતાવા વિભાગ | ૯૦ |
| જનાબ અ.લતીફ માયની ચિર વિદાય | ૯૨ |
| ૭૬ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી | ૯૩ |
| The great loss for Jamiah | ૯૫ |
| બોધકથા | ૯૮ |
| છેલ્લા પાને | ૯૯ |



# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

**મુફતી અહમદ દેવલ્વી**

સપ્ટે. ઓકટો. – ૨૦૨૨ ઈ.

સફર – રબી. ૧ – ૧૪૪૪ હિ.

વર્ષ : ૨૨, અંક : ૭–૮

વાર્ષિક લવાજમ

રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

www.jamiahjambusar.in/Al_Balag.php


અલબલાગના આ અંકમાં હઝરત મવલાના યાકૂબ કાસમી રહ. વિશે લખવામાં આવેલ વિશેષ તઅઝિયતી લેખો શામેલ કરવામાં આવ્યા છે.

અને સપ્ટેમ્બર તેમજ ઓકટોબરનો સંયુકત અંક ગણાશે.

તંત્રી સ્થાનેથી

## મુરબ્બી, વડીલ અને પથદર્શક

# હઝ. મવ. યાકૂબ સાહેબ રહ.

આ દુનિયામાં અસંખ્ય લોકો આવે છે અને અલ્લાહ તઆલાના અટલ અને અચળ નિમયને આધીન નિયુકત અને નિર્ધારિત સમયે પાછા ફરે છે; પરંતુ વિદાય પામનાર લોકોમાં અમુક એવી હસ્તીઓ હોય છે, જે ઊંડા અને અમીટ નિશાનો છોડી જાય છે, તેમની વસમી અને ચિર વિદાયથી સર્જાયેલ ખોટ વર્ષો વર્ષ મહસૂસ કરવામાં આવે છે, પ્રાણ પ્યારા મુહસિન વ મુરબ્બી હઝરત મવલાના યાકૂબ સાહબ કાસ્મી રહ. એવી જ વ્યકિતઓ પૈકી છે, જેમની ચિર વિદાયની અસર બહુ જ મહસૂસ કરવામાં આવે છે.

મરહૂમનો જન્મ ૧ જૂન ૧૯૩૧માં ભરૂચ જિલ્લાના જગ વિખ્યાત ગામ કાવી ખાતે થયો હતો, આપે ધોરણ સાત સુધીની દુન્યવી તાલિમ (ઉર્દૂ મિડિયમ)કાવી ગામની સ્કુલમાં પ્રાપ્ત કરી અને મકતબ તેમજ ફારસી, અરબી અને ફન્ને કિરાઅતની બુનિયાદી તાલિમ કાવી ગામમાં જ ગ્રહણ કરી.

ત્યાર બાદ ઉચ્ચ દીની તાલિમ પ્રાપ્ત કરવા રાંદેર ગયા, ત્યાં દૌરએ હદીસ સુધીની આલિમ–ફાજીલની તાલિમ પ્રાપ્ત કરી, આપ સાત વર્ષ પઢવાના સમયમાં દરેક વર્ષે પ્રથમ ક્રમે આવતાં. આ દરમિયાન ઉસ્તાદોની ખિદમત કરીને પોતાના અખ્લાક દ્વારા પણ તેમના દિલ જીતી લીધા હતા, જેથી આપને તેમની દુઆઓ પણ મળતી રહી, આપના ઉસ્તાદોમાં આપ ત્રણ ઉસ્તાદનો ખાસ ઝિકર કરતા હતા,

(૧)મરહૂમ મૌલાના અબ્દુસ્સમદ કાછવી રહ.(ખલીફા હજરત મૌલાના હુસૈન અહમદ મદની રહ.) એમનાથી હિદાયા વિગેરે કિતાબ પઢી હતી. આપ લખે છે કે નાનપણ અને ઓછી ઉમરના લઇ હું કિતાબ મોઢે યાદ કરી લેતો હતો, પરંતુ તે પ્રમાણે ન સમજી શકતો હતો જે પ્રમાણે સમજવું જોઈએ, મવલાના કાછવી રહ.એ મને કિતાબ સમજતા શિખવાડયું, કિતાબ પઢવા અને મુતાલહ કરવાનો શોખ આપ્યો, ઉર્દુ અને અરબીભાષા સાફ બોલવા તરફ પણ મારુ ધ્યાન કેન્દ્રિત કર્યું, ઉસ્તાદોની ખિદમત કરવા પ્રતિ પણ મારું ધ્યાન કેન્દ્રિત કર્યું, આપને તેમની ખિદમત કરવાનો પણ અવસર પ્રાપ્ત થયો.

(૨)મૌલાના અબ્દુલ ગની રહ. એમનાથી મિશકાત શરીફ, જલાલૈન શરીફ વિગેરે કિતાબો પઢી હતી, આપ મૌલાનાના સંબંધી હોવાના લઈ તેમની દેખરેખ હેઠળ રહેતા હતા.

(૩)હઝરત મૌલાના અહમદ રજા અજમેરી સાહબ રહ.એમનાથી સિરાજી, જલાલૈન, દોરએ હદીસની કિતાબ વિગેરે પઢવાનો મોકો મળ્યો અને આપની પણ ખિદમતનો સોનેરી અવસર પ્રાપ્ત થયો.

### દારૂલ ઉલૂમ દેવબંદ તરફ

હઝરત મવલાના યાકૂબ સાહબે રાંદેર અશરફિય્યહમાં દોરએ હદીસ સુધીની તાલિમ પુર્ણ કરી, ત્યાર બાદ આપને દેવબંદ તાલિમ હાસીલ કરવા જવાનો ઘણો શોખ હતો, પરંતુ ગરીબીના કારણે ઘરની પરિસ્થિતિ સારી ન હોવાને લઈ દેવબંદ પઢવા જવું મુમકિન ન હતું, પરંતુ હજરત મોલાના સઈદ અહમદ બુઝુર્ગ રહ.(મોહતમીમ જામિઅહ ડાભેલ)એ ખર્ચ આપવાની ઝિમ્મેદારી લીધી, એટલે ૧૯૫૨માં રમજાન બાદ દેવબંદ માટે રવાના થયા.

દેવબંદમાં હજરત મોલાના સય્યદ હુસેન અહમદ મદની રહ.થી બુખારી શરીફ પઢવાની ઈચ્છા હતી, માટે દોરએ હદીસમાં દાખલા માટે ઈમ્તિહાન દેવાનું નકકી થયું ,જેમાં હઝરત મોલાના એઅજાઝ અલી સાહબ(શૈખુલ અદબ)ને ઈમ્તિહાન આપવા ગયા, અને કિતાબની ઈબારત ખુબ સારી પઢી, જેનાથી મવલાના એજાઝ અલી સાહબ પણ પ્રભાવિત થયા, પરંતુ આપે આ કિતાબ પઢી ન હતી જેથી તેનો મતલબ બયાન ન કરતા કહયું મે આ કિતાબ પઢી નથી, તે સમયે દેવબંદમાં દોરએ હદીસમાં દાખલા માટે અમુક કિતાબો પઢી હોવું જરૂરી હતું, અને તે કિતાબોમાંથી અમૂક આપે રાંદેરમાં પઢી ન હતી, જેથી આપનો દેવબંદમાં દાખલો એક વર્ષ બાકી રહેલ કિતાબો પઢયા પછી થવાનું નકકી થયું, ઘરની પરિસ્થતિ ન હોવાને લઈ આપ માટે બે વર્ષ પઢવું મુશકેલ હતું માટે આપ રહ. હઝરત મોલાના સય્યદ હુસેન અહમદ મદની રહ.ને ચિઠ્ઠી લખીને દોરએ હદીસમાં દાખલો આપવાની અરજ કરી, જેથી આપને દાખલો મળ્યો અને સાથે સાથે દેવબંદના કાયદામાં પણ બદલાવ કરવામાં આવ્યો, જેમાં નકકી થયું કે આ પ્રમાણે પઢીને આવેલ તલબાની અમુક કિતાબો પઢવાની બાકી હોય અને તે દોરએ હદીસમાં દાખલો લેવા ઈચ્છતા હોય તો દાખલો આપવામાં આવે અને વર્ષ પુર્ણ કરવા પર સનદ ન

આપવામાં આવે, ફકત દેવબંદમાં દોરએ હદીસ પઢવાની તસ્દીક લખી આપવામાં આવે, બહર હાલ આપને ત્યાં દાખલો મળ્યો, આપને મહીનાના ૨૫ રૂપિયા વજીફા પેટે મળતા હતા, જેમાંથી ૧૫ રૂપિયા મહિનાના ખાવા – પીવામાં ખર્ચ થતા અને ૧૦ રૂપિયા ચ્હા પીવામાં, તેમાં પણ આપના એક સહપાથીનો ખાવા–પીવાનો બંદોબસ્ત ન હોવાને લઈ આપ પોતાના ખાવામાં તેમને પણ શરીક કરતા હતા.

***ભડકોદ્રામાં તદરીસી ખિદમત***

દેવબંદથી ફરાગત પછી આપને જામિઅહ હુસૈનિયહથી પઢાવવા માટે બોલાવવામાં આવ્યા, પરંતુ અમુક મજબૂરીના કારણે આપ ત્યાં ન જઈ શકયા, અને ભડકોદ્રા ગામમાં મકતબ પઢવવા માટે ગયા, જયાં આપને ૮૦ રૂપિયા વજીફા પેટે મળતા હતા, આપે ભડકોદ્રામાં સન.૧૯૫૩થી સન.૧૯૬૧સુધી ૮ વર્ષ ખિદમત બજાવી.

***ભડકોદ્રામાં દીની અને સામજિક ખિદમત***

આપ જયારે ભડકોદ્રા ગામમાં ખિદમત આપવા ગયા, ત્યારે મકતબમાં ૮૦ છોકરાઓ પઢતા હતા, ગામમાં બિદઅત–રસમો વધુ પ્રમાણમાં ફેલાયેલ હતી, આપસી ઝઘડાને લઈ ગામ બે ભાગમાં વહેંચાય ગયું હતું, ગામના મુસલમાનો ફકત જુમ્અહની નમાઝમાં મસ્જિદમાં આવતા હતા, અને અરબીક કિતાબો પઢાવવાના શોખને લઈ આપનું પણ દિલ લાગતું ન હતું, આપે ગામને મેહનતનું મેદાન બનાવી ખુબ મેહનત કરી, જેથી ગામમાં ઘણો જ બદલાવ આવ્યો, ગામનો આપસી મતભેદ અને ઝઘડો ખતમ થઈ ગયો, ત્યાં સુધી કે ૮ વર્ષના લાંબા સમયગાળામાં એક પણ કોર્ટમાં ઝઘડો ગયો નહી, અને લોકો પ્યાર મોહબ્બતથી રહેવા લાગ્યા, મકતબમાં ૮૦ છોકરાથી વધીને ૩૫૦ છોકરાઓ થઈ ગયા, અને પઢાવનાર ઉસ્તાદો (૨)થી વધીને ૮ થઈ ગયા, આપ ગામમાં બયાન કરતા હતાં અને રોજ ઈશાં પછી દરસે કુર્આનના રૂપે તફસીર પણ કરતા હતા.

આપ જયારે ભડકોદ્રામાં ખિદમત આપતા હતા,ત્યારે દેવલા, ભડકોદ્રામાં બિદઅત–રસ્મ રિવાજ ખુબ જ વધારે અને દીનદારી ઘણી જ ઓછી હતી, જેથી આપ તે બાબત ખૂબ જ ફિકરમંદ રહેતા હતા, બિદઅત ખતમ કરવા

દીની માહોલ કાયમ કરવાના અર્થે આપ રહ., મોલાના યાકૂબ શેખ રહ. અને હઝરત મવલાના ઈબ્રાહિમ સાહબ દેવલા દા.બ.ની ત્રિપુટી અવાર નવાર મળી વિસ્તારથી વિચારવિમર્સ કરતા હતા, ઘણી વાર આ જ ફિકરોને લઈ ભડકોદ્રાથી દેવલા પગપાળા ચાલી જતા, અને હઝરત મવલાના ઈબ્રાહિમ સાહબ(દા.બ.)થી મશ્વેરો કરી બિદઅત, બેદીની દૂર કરી દીનદારીનો માહોલ કાયમ થાય તેની ફિકર કરતા હતા, સાચું કહે તો હઝરત મવલાનાના ભડકોદ્રામાં ખિદમત આપતા પહેંલા ત્યાં મુસલમાની અને દીનદારી ફકત નામની જ હતી, આજે જે મુસલમાની અને દીનદારી, વધુ પ્રમાણમાં ઉલમાનું હોવું વિગેરે આપની મહેનતોની જ બરકત છે.

૮ વર્ષ બાદ જામિઅહ ડાભેલે આપને પઢાવવા માટે દરખ્વાસ્ત કરી તો આપે તેને કબૂલ કરી ગામ લોકોની આંખો અશ્રુભીની છોડી પોતાના દિલ પર પથ્થર મુકી ડાભેલ ગયા.

### ડાભેલમાં તદરીસી ખિદમત

સન ૧૮૬૧થી સન. ૧૯૬૩ બે વર્ષ આપે ખિદમત બજાવી, જેમાં ફારસી કિતાબો અને અરબીકમાં ફિકહી કિતાબો(કન્જુદકાઈક, ઉસૂલુશ્શાશી) પઢાવી, તે સમયે નાચિજને આપની શાગિર્દીની સઆદત પ્રાપ્ત થઈ અને એવો અતૂટ,ગાઢ સંબંધ બન્યો, જે તેમની છેલ્લી ઘડી સુધી કાયમ રહયો, તે સમયે ભરૂચ જીલ્લામાંથી ડાભેલ ઘણાં જ ઓછા તલબા પઢવા જતા હતા, આપ ડાભેલ પઢાવવા ગયા ત્યારે આપની દેરેખ અને નિગરાની હેઠળ સાત/આઠ છોકરાઓ ડાભેલ પઢવા ગયા હતા, ત્યારથી જ ભરૂચ જીલ્લા અને વિશેષરૂપે દેવલા, ભડકોદ્રા અને ખાનપૂરના તલબાનો ડાભેલ પઢવા જવાનો સિલસિલો શરૂ થયો જે આજ દિન સુધી ચાલુ જ છે.

### ડાભેલ સાલાન ઈજલાસનો એક દિલચસ્પ કિસ્સો

મને ખૂબ સારી રીતે યાદ છે કે એક વાર ડાભેલમાં સાલાના ઈજલાસના સમયે હઝરત મવલાના અ.વહહાબ શાહજહાંપુરી રહ. તશરીફ લાવવાના હતા. કોઈ કારણસર તેમને આવવાનું સ્થગીત થયું તો હઝરત મવલાના સઈદ અહમદ રહ. મવલાના અહમદુલ્લાહ સાહબને લેવા માટે રાંદેર ગયા હતા, તેમને ઘણું જ મોડું થયું હતું, જલસામાં શરીક થવા, બયાન સાંભળવા ઘણાં

બધા લોકો આવ્યા હતા, તે સમયે હજારોની મેદની સામે બે કલાક બયાન કરી જલસાની બેહતરીન વ્યવસ્થા કરી હતી, અલ્લાહ તઆલાએ દઅવતો તબ્લીગની બરકતથી આપની ઝબાનમાં એક તાસિર પૈદા કરી હતી.

***તબ્લીગી ખિદમત અને યુ.કે.માં સ્થાયી થવું***

સન.૧૮૫૮માં પ્રથમ વાર દેવલા મુકામે કાજી અ.વહહાબ સાહબ રહ.ની જમાત સાથે મુલાકાત થઈ અને ત્યાર બાદ મોલાના ઉમર સાહબ પાલપુરી સાથે હૈદરાબાદ ચાલીસ દિવસ પ્રથમ વાર જમાતમાં જવાનો અવસર અને સઆદત પ્રાપ્ત થઈ, ત્યાંથી વાપસી વેળાએ નિજામુદીન દિલ્હીમાં હજરતજી મવલાના યૂસુફ સાહબ રહ.ના બયાનથી ખુબ જ પ્રભાવિત થયા. અને ઉત્સાહપૂર્વક આ જ કામને પોતાના જીવનનો ધ્યેય, ઉદ્દેશ્ય બનાવી લીધો અને તે જ હેતુથી આપ યુ.કે.માં સ્થાયી થયા અને ત્યાં તબ્લીગી કામની બુનિયાદ નાખી, અને તબ્લીગના હેતુથી મરાકશ, બગદાદ, બસરહ, શામ, અમેરીકા,કેનેડા વિગેરે દેશોનો સફરો કર્યો,જેની વિગતો ઘણી જ લાંબી છે.

***યુ.કે.માં ખિદમતો***

યુ.કે.માં વર્ષના વધુ દિવસોમાં વાદળો રહેવાને લઈ ચાંદ દેખાતો નથી, જેથી રમજાન–ઈદ વિગેરે નકકી કરવું મુશ્કેલ હતો, તેમજ શફકે અહમર (સુરજ ગુરૂબ થયા પછીની વાદળની લાલશ)પણ ન છુપાવવાના લઈ ઈશાંની નમાઝનો વખત નકકી કરવો પણ ચિંતાનો વિષય હતો, તેમજ સુબ્હે સાદિક નજર ન આવવાના લઈ ફજરનો વખત, સહેરીનો સમય વખતો નકકી કરવું વગેરે મસાઈલ ઘણાં જ ગૂઢ અને જટિલ હતા, આપે તેની ફિક્ર કરી એક સવાલનામું તૈયાર કર્યુ અને જમઈય્યતે ઉલમાએ યુ.કે.ના લેટરપેડ પર લખી મને ઈન્ડિયા મોકલી ફરમાવ્યું કે હિન્દો–પાકના બધા જ દારૂલ ઈફતામાં આ સવાલો મોકલીને જવાબો પ્રાપ્ત કરો, તે સમયે મેં બધા જ દારૂલ ઈફતામાં સવાલો મોકલી જવાબો પ્રાપ્ત કર્યા હતા, તે બધા ફતાવા ભેગા કરી આપે ત્યાં સુબહે સાદિક, ગુરૂબે આફતાબ, ચાંદ વિશે વગેરે મસાઈલ તૈયાર કરી ત્યાંના લોકોને સમજાવ્યા હતા, અને તેના જ આધારે આપે નમાઝના વખતોની તકવીમ પણ તૈયાર કરી છે.

ત્યાર પછી ખગોળવિદ્યા આપનો ખાસ મોજૂઅ–વિષય બની ગયો, અને આ વિષય પર આપે ઘણી બધી કિતાબો લખી, હિન્દુસ્તાનમાં ''રૂઅયતે હિલાલ''(ચાંદ વિશે) ફિકહ એકેડમીનો સેમીનાર થયો ત્યારે આપ હિન્દુસ્તાન તશરીફ લાવી, સેમીનારમાં વિસ્તૃતથી તે વિશેના મસાઈલનું માગદર્શન આપી રહેબરી ફરમાવી હતી.

આપમાં વિનમ્રતા ઘણી જ હતી, કોઈ પણ ઈખ્તિલાફ અને મતભેદને મનભેદ ન બનાવતાં હતા, કોઈ પણ મસ્અલહ વિશે ખુબ મેહનત કરી પુરતી દલીલો તૈયાર કરતા અને તેના ઉપર અડગ રહેતા, તે બાબત બીજી વ્યકિત સાથે વિવાદમાં ઉતરવું, જવાબોનો સિલસિલો શરૂ કરવો વગેરેને પસંદ ન કરતા હતા, મતભેદને અહંકાર અને અનાનિય્યત ન બનાવતા.

એક વાર હું યુ.કે.(પ્રેસ્ટન)માં મવલાના યાકૂબ શેખ રહ.ના ઘરે હતો, બલ્કેબનમાં અમુક લોકો દ્વારા ઈદનો ચાંદ જોવાની જાણ થતાં, મેં ત્યાં જઈને ગવાહોથી ગવાહી લધી અને એના આધારે ઈદનો ફૈસલો કરી આપ્યો. હઝરત રહ.ને ઈલ્મે ફલકિય્યાત(ખગોળવિદ્યા)માં ઘણી મહારત(જાણકારી) હતી, આપનો મત હતો કે યુ.કેમાં ચાંદ દેખાતો નથી, જેથી આજૂ–બાજૂના નઝદીકી દેશનો એતેબાર કરી ચાંદનો ફેસલો કરવામાં આવશે. તેમ છતાં આપને જાણ થતા કે મેં ચાંદ જોનારની ગવાહી કબૂલ કરી ઈદનો ફેસલો કર્યો છે, તો આપે પણ ઈદનો ફેસલો કરી નાખ્યો, અને તે વિશેના આપના મતભેદને મનભેદ, પોતાની મોટાઈ અને અહંકારનો મસ્અલહ ન બનાવ્યો.

આપ રહ.એ યુ.કે.માં ''મજલિસે તહકીકાતે શરઈય્યહ''અને ઈસ્લામિક રિસર્ચ સેંન્ટર નામની સંસ્થાઓ સન ૧૯૮૯માં કાયમ કરી હતી. તેના હેઠળ ઘણી બધી દીની અને ઈલ્મી કિતાબો પ્રકાશિત થઈ છે, ત્યાર પછી આ જ સંસ્થામાં પારિવારિક અને ઘરેલું લડાઈ જઘડાનુ નિરાકારણ કરવા અને દરેક વ્યકિતને તેના દરેક પ્રકારના હકોની અદાઈગી વિશે સમજ આપવા માટે 'શરઈ કોન્સલ' પણ કાયમ  પણ કરવામાં આવી.

### *આપની વિશેષ્ટાઓ*

આપમાં ઘણી બધી ખૂબીઓ અને વિશિષ્ટાઓ હતી, જેમાંથી બે ખુબ જ વધુ પ્રમાણમાં જોવા મળતી હતી, જે કાબિલે રશ્ક છે.(૧)મુતાલઅહ(કિતાબો પઢવાનો)શોખ (૨) બુઝુર્ગો સાથે તઅલ્લુક.

આપને કિતાબો પઢવાનો ઘણો જ શોખ હતો, કોઈ પણ નવી કિતાબ પ્રકાશિત થવાની જાણ થતી તો તરત જ તેને પ્રાપ્ત કરવાની કોશિશ કરતા, અને પ્રાપ્ત કરી પુરી પઢતા, આપના ઘરે હિન્દો–પાકથી છપાતા દરેક દીની મેગેઝિન અને સામાયિકો આવતા, અને તેને મહિનો પુરો થતા પહેલાં પઢી લેતા, આપ કોઈ પણ કિતાબ પઢતા તો તેમાંની જરૂરી વાતોની નોટસ જરૂર તૈયાર કરતા, તેના પર કંઈ વધારે લખવા જેમ હોય તો બીજી કિતાબોનું વાંચન કરી તે પણ લખતા હતા.

જામિઅહ જંબૂસરના પ્રકાશન વિભાગનું માસિક "અલ બલાગ" પણ આપના જ મશવેરા અને મદદથી શરૂ કરવામાં આવ્યું છે, આપ રહ. દરેક મહિને અલ બલાગને પુરૂ વાચીં ફોન કરી તેમાં લખેલ વાતોના વખાણ કરતા હતા, છેલ્લી ઉમરમાં પણ આપને અલ બલાગ આપવામાં આવતું તો ખૂબ ખૂશી વ્યકત કરી તેના વખાણ કરતા અને પુરૂ પઢતા હતા.

હિન્દો–પાકના દરેક ચોટીના બુઝુર્ગો સાથે ખુબ જ નઝદીકી સંબંધો હતા, તેમની દરેક ખુશી અને ગમમાં પત્ર વ્યવહારથી અવાર નવાર મુલાકાતથી શરીક રહેતા. બુઝુર્ગો પણ આપને ખુબ જ માન–સન્માન આપતા અને પત્ર લખતા. હઝરત શૈખ ઝકરિય્યહ રહ.થી બયઅત પણ હતા અને આપની ખિદમતમાં રહેવાનો મોકો પણ પ્રાપ્ત થયો હતો. હઝરતજી મવલાના યુસૂફ સાહબ કાંધલવી, હઝરત મવલાના મન્જૂર સાહબ નોઅમાની, હઝરત મવલાના અબૂલ હસન નદવી રહ.,વિગેરેના પણ મહબૂબ હતા, હઝરત મવલાના અબૂલ હસન નદવી રહ.સાથેના ગાઢ અને નઝદીકી સંબંધોનો અંદાજો હઝરતે આપને લખેલ પત્રોથી લગાવી શકાય છે,જે 'અરમુગાને ફિરંગ"માં છપાયેલ છે.

એક પત્રમાં હઝ. મવલાના અબૂલ હસન અલી નદવી સા. રહ. લખે છે :

"તમે હિન્દુસ્તાન (મુલાકાત માટે) તશરીફ લાવો, શું તમે તે માટે નથી આવતા કે અમારા સાથેની મુલાકાતમાં (તમને)કોઈ દીની ફાયદો માલૂમ નથી થતો ? તમારી મુલાકાત માટે મારે યુ.કે. આવવું પડશે? આ વાત મુમકિન જ નથી કે હું યુ.કે. આવું અને તમારી મુલાકત કર્યા વિના પાછો આવી જાવ, અને આ વાત તમે કેવી રીતે સોચી લીધી ? "

આપ રહ.ને ઉલમાએ દેવબંદ સાથે ખાસ મોહબ્બત હતી, હિન્દુસ્તાનના

સફર દરમિયાન દેવબંદ તશરીફ લઈ જતા, ત્યાંના અસાતિઝહ સાથે મુલાકાત કરતા, ખાસ રીતે મુફતી સઈદ પાલનપૂરી રહ. સાથે ખુસુસી સંબંધો હતા.

***જામિઅહ સમર્પિત વ્યકિતત્વ***

સન ૧૯૮૭/૧૮૮૮માં યુ.કે.ના સફરમાં આપ રહ.એ અને હઝરત મવલાના યાકૂબ સાહબ શેખ (રહ.)એ પોતાના વતન અને ઈલાકાની ફિક્ર કરતા જંબૂસરમાં જામિઅહ કાયમ કરવાનો મશ્વેરો આપ્યો હતો, ત્યાર બાદ જામિઅહની સ્થાપના થઈ અને આજ સુધી કાયમ છે, જે યકીનન આપની ફિક્રો અને દુઆઓના જ પ્રતાપે છે, અને તેમના માટે ઈસાલે સવાબ છે.

હઝરત રહ. જામિઅહનો અતુટ, અભિન્ન અને અવિભાજય અંગ અને અંશ હતા, આપ જામિઅહની દરેક પ્રકારની ખિદમત માટે હંમેશા ઉત્સાહસાથે, ધગશપુર્વક અને સક્રિય રીતે પ્રવૃત્ત રહેતા, જામિઅહના દરેક સુખ દુઃખ, ખુશી–ગમીમાં શરીક રહેતા, અવાર નવાર ફોન કરી જામિઅહના અહેવાલ વિગેરે પુછતા, જામિઅહની જરૂરતો પુરી કરવાની કોશિશ કરતા, કુતુબખાના માટે જરૂરી કિતાબો મોકલતા. આજે નજરે પડતી જામિઅહની તાલીમી અને ઉચ્ચ તામીરી પ્રગતિમાં આપનો સિંહફાળો છે.

આપના અવસાનથી વિશેષરૂપે જામિઅહ પરિવારે એક ફેમિલી સભ્ય, આત્મીય જન અને પ્રિયતમ ગુમાવ્યો છે, ખરેખર જામિઅહની ઈમારતનો એક કાંગરો યા એક આધારસ્તંભ ધરાશાયી થઈ ગયો હોવાનો એહસાસ થઈ રહયો છે, બસ આ સંકટના સમયે તે જ ઉદગારો જીભેથી સરી પડે છે જે હઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના સુપુત્રની વફાતના સમયે ફરમાવ્યા હતા : ઈન્ના બિ–ફિરાકિ–ક યા યાકૂબુ લ–મહઝૂનુન

વહાલા યાકૂબ ! અમે તારી જુદાઈથી રંજગમના અથાગ સમંદરમાં ગળાડુબ છીએ.

આપણા માટે આપ હઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના નીચે લખેલ શબ્દો જ આશ્વાસનરૂપ અને સંતોષકારક છે.:

إن لله ما أخذ و له ما أعطى و كل شيء عنده بأجل مسمى فلنصبر ولنحتسب

બેશક, અલ્લાહનું જ હતું, જે તેણે લઈ લીધું અને તેણે જ અર્પણ કર્યું હતું, અને અલ્લાહ તઆલાએ દરેક વસ્તુનો સમય નિયુકત કર્યો જ છે, જેથી આપણે સબ્ર કરવી જોઈએ અને સવાબની ઉમ્મીદ રાખવી જોઈએ.

# જહન્નમના અઝાબ અને જન્નતની રાહતોની ટુંકી કેફીયત

– મુફતી ફરીદ અહમદ કાવી

بسم الله الرحمن الرحيم

اِنَّ الَّذِيْنَ كَفَرُوْا بِاٰيٰتِنَا سَوْفَ نُصْلِيْهِمْ نَارًا ؕ كُلَّمَا نَضِجَتْ جُلُوْدُهُمْ بَدَّلْنٰهُمْ جُلُوْدًا غَيْرَهَا لِيَذُوْقُوا الْعَذَابَ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَزِيْزًا حَكِيْمًا ﴿۵۶﴾ وَالَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ سَنُدْخِلُهُمْ جَنّٰتٍ تَجْرِيْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَآ اَبَدًا ؕ لَهُمْ فِيْهَآ اَزْوَاجٌ مُّطَهَّرَةٌ ۫ وَّنُدْخِلُهُمْ ظِلًّا ظَلِيْلًا ﴿۵۷﴾

તરજમહ : જે લોકોએ અમારી આયતોનો ઈનકાર કર્યો, નિશંક એમને અમે વહેલી તકે (દોઝખની) આગમાં નાખીશું, જયારે પણ તેઓની ચામડી (બળીને) પાકી જશે તો તેના સ્થાને બીજી ચામડી અમે તેઓને બદલી આપીશું કે જેથી તેઓ અઝાબ ચાખતા રહે. બેશક, અલ્લાહ જબરદસ્ત હિકમતવાળો છે. (૫૬) અને જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામો પણ કર્યા તો ટૂંક સમયમાં અમે તેઓને એવી જન્નતોમાં દાખલ કરીશું, જેની નીચે નહેરો વહેતી હશે. તેમાં જ તેઓ સદા રહેશે, તેઓ માટે ત્યાં પાક – પવિત્ર સ્ત્રીઓ હશે અને અમે તેઓને શીતળ છાયામાં દાખલ કરીશું. (૫૭)

તફસીર : અગાઉની આયતોમાં યહૂદીનોની અદાવત, અદેખાઈ અને કરતૂતોના વર્ણન કર્યા પછી એમની સજા વર્ણવવામાં આવી હતી કે આવા લોકોની સજા માટે ભભૂકતી આગ કાફી છે.

સજા અને અઝાબની આ વાત આગળ વધારીને અલ્લાહ તઆલા દરેક નાફરમાનને આપવામાં આવનાર સજા – અઝાબની કંઈક કેફિયત

આ આયતમાં વર્ણવે છે કે અલ્લાહ, એના રસૂલ અને એના આદેશોના ઈન્કાર કરનાર લોકોને અમે જહન્નમાં નાંખીશું, ત્યાં બળી બળીને એમના ચામડાં પાકી જશે કે સુકાય જશે તો અમે તુરંત એમની ચામડાં – ખાલ બદલી નાંખીશું, જેથી તેઓ અઝાબ મહસૂસ કરી શકે. મવ. ખાલિદ સયફૂલ્લાહ દા.બ. ફરમાવે છે કે માનવ શરીરની રચના વિશે વર્તમાન રિચર્સ આ છે કે માણસના શરીરમાં ચામડી – ખાલ જ મુખ્ય પણે દર્દ અને તકલીફ મહસૂસ કરે છે. કુરઆની આ આયતમાં પણ આ જ વાત કહેવામાં આવી છે. કુરઆનનો મુખ્ય વિષય માણસને ખુદાઈ માર્ગદર્શન આપવાનો છે. પણ જરૂરત મુજબ કુરઆનમાં સૃષ્ટિ કે શરીરની કોઈ બાબતનું જે ઉદાહરણ પણ આપવામાં આવ્યું છે, એ આજે ૧૪૦૦ વરસ પછીના આધુનિક રિચર્સ પ્રમાણે પણ સિદ્ધ બાબત હોય છે.

આયત નં : ૫૬માં કાફિરો – અલ્લાહના હુકમનો અનાદર કરનાર લોકોની સજા વર્ણવ્યા પછી આયત નં ૫૭માં નેક અને મોમિન લોકોના સવાબ અને બદલાનું વર્ણન છે. અઝાબ અને સવાબ વર્ણન કરવામાં કુરઆનની આ સામાન્ય રીત છે કે વારા ફરતી બંને બાબતોને એકબીજા પછી વર્ણન કરે જ છે. મોમિનોને હમેંશા માટે જન્નતમાં સ્થાન આપવામાં આવશે, જેમાં નહેરો વહેતી રહેશે. એમાં પાક – સાફ બીવીઓ હશે, બાળકો જણવા કે માસિકના દિવસોની નાપાકી જેવી કોઈ બાબત એમનામાં નહીં હોય, જે પરસ્પર એકબીજાથી સુખ ભોગવવામાં કોઈ અવરોધરૂપ બને. ઉપરાંત એમાં તડકો કે તાપ પણ નહીં હોય.

<u>દુઆએ મગફિરત :</u> 'મુસ્લિમ પર્સનલ લો બોર્ડ'ના ઉપપ્રમુખ, જમાઅતે ઈસ્લામી હિંદના માજી પ્રમુખ, અનેક કિતાબોના લેખક, વિદ્વાન અને ભારતીય મુસ્લિમ સમાજ માટે સદાયે ફિકરમંદ રહેનાર હસ્તી જનાબ મવલાના જલાલુદ્દીન ઉમરી સાહેબ રહ. પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે અને એમની નેકીઓને કુબૂલ ફરમાવીને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે. આમીન..

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : *મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

*(બ્લેકબર્ન. યુ.કે.)*

૧૬૯

## હજ્જતુલ વિદાઅ

***એટલે કે હુઝૂર સલ.ની છેલ્લી હજ***

એ બાબતે આલિમોના મંતવ્યોના વિરોધાભાસનો આગળ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે હજ ફરજ થવાનો હુકમ કયા વર્ષે આવ્યો, અને એ પણ લખવામાં આવ્યું છે કે મજબૂત કથન એ છે કે સન હિજરી આઠમાં મક્કા મુકર્રમા પર ઈસ્લામી રાજય સ્થાપિત થયા પછી હિજરી સન નવમાં હજ ફરજ થવાનો હુકમ આવ્યો, તે વર્ષે હુઝૂર (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ જાતે તો હજ ન કરી પરંતુ હઝરત અબૂ બકર સિદ્દીક રદિ.ને હજના અમીર બનાવી મોકલ્યા, અને તેમની અમારતમાં તે વર્ષે હજ અદા કરવામાં આવી અને ભવિષ્ય માટે અમૂક અગત્યની જાહેરાતો કરવામાં આવી જેમાંથી એક એ પણ હતી કે ભવિષ્યમાં કોઈ મુશ્રિક, કાફિર હજમાં શામેલ થઈ શકશે નહીં, અને જાહિલિય્યતના ખરાબ અને મુશ્રીકોની રીત રીવાજોની કોઈને પરવાનગી આપવામાં આવશે નહીં, લગભગ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ) એ તે વર્ષે પોતે હજ ન કરવાની ખાસ હિકમત એ પણ હતી કે આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ) ચાહતા હતા કે આપની હજ એવી અનોખી હજ હોય જેમાં કોઈ એક માણસ પણ કુફ્ર, શિર્ક અને જાહિલિયતના રીત રિવાજોથી હજને ગંદી ન કરે, બલકે પહેલેથી છેલ્લે સુધી નુર જ નુર અને ભલાઈ સિવાય બીજુ કંઈજ ન હોય, અને આપની દઅવત અને હિદાયત તેમજ તાલિમ અને તરબિયતના પરિણામનું

ખરૂં પ્રતિબિંબ હોય એ રીતે સને હિજરી નવની તે હજ જે હઝરત અબૂ બકર રદિ.ની અમારતમાં અદા થઈ આગલા વર્ષે આપની થવાની હજ માટે અગમચેતી અને તે બારામાં એક આગલું પગથીયું હતું.

પછી આગલા વર્ષે દસ હિજરીમાં જે આપના જીવનનું છેલ્લું વર્ષ છે આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ હજનો ઈરાદો કર્યો, અને જો કે આપને એ ઈશારો મળી ચુકયો હતો કે હવે દુનિયામાં આપના રહેવા તેમજ કામ કરવાનો સમય થોડો જ રહી ગયો છે જેથી આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ પોતાના હજના ઈરાદાને ખાસ મહત્વતા પૂર્વક જાહેરાત કરવી, જેથી વધુ થી વધુ મુસલમાનો એ મુબારક સફરમાં આપની સાથે શામેલ થઈ હજના અરકાનો અને દીનના બીજા મસ્અલાઓ અને હુકમો શીખી શકે, અને હજના સફરની ખાસ સંગાથ અને બરકતો પ્રાપ્ત કરી શકે, જેથી દૂર અને નજીકના હજારો મુસલમાનો જેમને તેની ખબર મળી અને તેમને કોઈ લાચારી ન હતી, તેઓ મદીનહ તૈયબા આવી પહોંચ્યા, ચોવીસ ઝિલ્કઅદહ એ જુમ્આનો દિવસ હતો, તે દિવસે આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ) એ ખુત્બામાં હજ અને હજની મુસાફરી બાબતે ખાસ સુચનો આપ્યા, અને બીજા દિવસે ૨૫ ઝિલ્કઅદહ સને હિજરી ૧૦ શનીવારે ઝુહરની નમાઝ પછી મદીનહ તૈયબાથી મહાન કાફલો રવાના થયો અને અસરની નમાઝ ઝુલહુલૈહા જઈ અદા કરી, જયાં આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)ને પહેલી મંઝીલ (પડાવ) બનાવી ત્યાંથી એહરામ બાંધવો હતો, રાત પણ ત્યાં જ ગુઝારી અને બીજા દિવસે રવીવારે ઝુહરની નમાઝ પઢી આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ અને સહાબા રદિ.એ એહરામ બાંધ્યું અને મક્કા મુકર્રમા તરફ રવાના થયા અને નવમાં દિવસે ૪ ઝિલ્હજના રોજ મક્કા મુકર્રમામાં પ્રવેશ કર્યો, સફરના સાથીઓમાં રસ્તામાં વધારો થતો રહ્યો.

આ સફરમાં આપની સાથે હજ કરનારાઓની સંખ્યા વિષે વિવિધ રિવાયતો છે ચાલીસ હજારથી લઈ એક લાખ વીસ હજાર અને એક લાખ ત્રીસ હજાર સુધીના બયાનો રિવાયતોમાં મળે છે. મુજ નાચીઝ સમક્ષ આ ઈખ્તિલાફ એવો જ છે જેમકે મોટા સંમેલનો અને મેળાઓમાં ભાગ

લેનારાઓની સંખ્યા વિષે લોકોના આસરાઓ આજે પણ જુદા જુદા હોય છે. જેણે જે સંખ્યા બતાવી પોતાના આસરા મુજબ બતાવી. કાયદેસર હિસાબ અને ગણત્રી કરી કોઈએ બતાવ્યું નથી તે છતાં એટલી વાતમાં સહમત રીતે બધી રિવાયતોમાં છે કે લોકોની ભીડ અસંખ્ય હતી જે બાજુ નજર પડતી માણસો જ દેખાતા હતા.

આ હજમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ વિવિધ મોકાઓ પર ખુત્બા આપ્યા, અને એવા અંદાજમાં બલકે સ્પષ્ટ રીતે આગાહી આપી ખુત્બા આપ્યા કે હવે મારો નક્કી સમય પુરો થવા આવ્યો છે અને તમને દીનની તાલીમ તેમ કેળવણી મેળવવાનો મોકો હવે પછી મળશે નહીં, મતલબ કે પુરા સફરમાં આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ તાલીમ અને કેળવણી ત્થા હિદાયત અને સુચનાઓનો ખાસ પ્રબંધ કર્યો.

હજ્જતુલ વિદાઅ બાબતમાં જે રિવાયતો હદીસની કિતાબોમાં છે (જેમાંથી અમૂક અહીંયા પણ ટાંકવામાં આવી છે) તેનાથી હજના અરકાનો અને હુકમો ત્થા તેની વિગતવાર રીત જાણવા સિવાય દીન અને શરીયતના બીજા ઘણા ભાગો વિષે ઘણી જ અગત્યની તાલીમ તેમ સુચનાઓ પણ ઉમ્મતને મળે છે. હકીકત એ છે કે લગભગ એક માસના સફરમા દીનની તાલીમ, તબ્લીગ, અને હિદાયત તેમજ સુચનાઓનું એટલુ બધુ કામ થયું અને એટલા બહોળા વિસ્તારમાં થયું કે તે કામ આ સફર સિવાય વર્ષોમાં પણ થઈ શકત નહીં, એનાથી જ અમૂક તોફિકવાળા ઉમ્મતના મુહાનુભાવોએ સમજી લીધુ કે દીન અને દીનની બરકતો પ્રાપ્ત કરવાનું ગુણાકારક સાધન દીની સફરોમાં સંગાથ અને સાથે રહેવું છે.

આ ટુંકી વ્યાખ્યા પછી હજ્જતુલ વિદાઅ બાબતમાં સૌથી પહેલાં હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ રદિ.ની હદીસ મુસ્લિમ શરીફમાંથી ટાંકવામાં આવે છે પરંતુ આ હદીસ ઘણી લાંબી હોવાથી વાંચકોની સહુલત માટે તેના એક એક ભાવ નો અનુવાદ કરી તેની સાથે ખુલાસો રજૂ કરવામાં આવશે.

(١٦٤) عَنْ جَعْفَرِ بْنِ مُحَمَّدٍ عَنْ اَبِيْهِ قَالَ دَخَلْنَا عَلٰى جَابِرِبْنِ عَبْدِ اللّٰهِ فَسَأَلَ عَنِ الْقَوْمِ حَتّٰى انْتَهٰى اِلَيَّ فَقُلْتُ اَنَا مُحَمَّدِ بْنِ عَلِيِّ بْنِ حُسَيْنٍ فَاَهْوٰى بِيَدِهٖ اِلٰى رَأْسِىْ فَنَزَعَ زِرِّى الْاَعْلٰى ثُمَّ نَزَعَ زِرِّى الْاَسْفَلَ ثُمَّ وَضَعَ كَفَّهٗ بَيْنَ

ثَـدُيَـيَّ وَاَنَـا يَـوُمَـئِـذٍ غُلاَمٌ شَابٌّ فَقَالَ مَرُحَباًبِكَ يَابُنَ اَخِى سَلُ عَمَّا شِئُتَ فَسَـأَلُتُـهٗ وَهُوَ اَعُمٰى وَحَضَرَ وَقُتُ الصَّلٰوةِ فَقَامَ فِى نَسَّاجَةٍ مُلُتَحِفاً بِهَا كُلَّمَا وَضَـعَهَـا عَـلٰـى مَنُكِبَيُهِ رَجَعَ طَرُفَاهَا اِلَيُهِ مِنُ صِغُرِهَا وَرِدَائُهٗ عَلٰى جَنُبِهٖ عَلٰى الُـمَشُـجَـبِ فَـصَـلّٰى بِنَا فَقُلُتُ اَخُبِرُنِى عَنُ حَجَّةِ رَسُوُلِ اللّٰهِ ﷺ فَقَالَ بِيَدِهٖ فَـعَـقَـدَ تِسُعاً فَقَالَ اِنَّ رَسُوُلَ اللّٰهِ ﷺ مَكَثَ تِسُعَ سِنِيُنَ لَمُ يَحُجَّ ثُمَّ اَذَّنَ فِى الـنَّـاسِ فِـى الُعَاشِرَةِ اَنَّ رَسُوُلَ اللّٰهِ ﷺ حَاجٌّ فَقَدِمَ الُمَدِيُنَةَ بَشَرٌ كَثِيُرٌ كُلُّهُمُ يَـلُتَـمِـسُ اَنُ يَّـاتَمَّ بِرَسُوُلِ اللّٰهِ ﷺ وَيَعُمَلَ مِثُلَ عَمَلِهٖ فَخَرَجُنَا مَعَهٗ حَتّٰى اَتَيُنَا ذَاالُـحُـلَيُـفَةِ فَـوَلَـدَتُ اَسُـمَاءُ بِنُتُ عُمَيُسٍ مُحَمَّدَ بُنِ اَبِى بَكُرٍ فَاَرُسَلَتُ اِلٰى رَسُـوُلِ اللّٰهِ ﷺ كَيُفَ اَصُنَعُ قَالَ اِغُتَسِلِىُ وَاسُتَثُفِرِى بِثَوُبٍ وَاَحُرِمِىُ فَصَلّٰى رَسُـوُلُ الـلّٰـهِ ﷺ فِـى الُمَسُجِدِ ثُمَّ رَكِبَ الُقَصُوَاءَ حَتّٰى اِذَا اسُتَوَتُ بِهٖ نَاقَتُهٗ عَـلٰـى الُبَيُـدَاءِ نَظَرُتُ اِلٰى مَدِّ بَصَرِىُ بَيُنَ يَدَيُهِ مِنُ رَاكِبٍ وَ مَاشٍ وَعَنُ يَمِيُنِهٖ مِثُـلَ ذَالِكَ وَعَـنُ يَسَـارِهٖ مِثُـلَ ذَالِكَ وَمِنُ خَلُفِهٖ مِثُلَ ذَالِكَ وَرَسُوُلُ اللّٰهِ ﷺ بَيُـنَ اَظُهُـرِنَا وَعَلَيُهِ يَنُزِلُ الُقُرُآنُ وَهُوَ يَعُرِفُ تَاوِيُلَهٗ وَمَا عَمِلَ مِنُ شَيُئٍ عَمِلُنَا بِـهٖ فَـاَهَـلَّ بِـالتَّـوُحِيُدِ لَبَّيُكَ اَللّٰهُمَّ لَبَّيُكَ لَبَّيُكَ لاَشَرِيُكَ لَكَ لَبَّيُكَ اِنَّ الُحَمُدَ وَالـنِّـعُمَةَ لَكَ وَالُمُلُكَ لاَ شَرِيُكَ لَكَ، وَاَهَلَّ النَّاسُ بِهٰذَا الَّذِى يُهِلُّوُنَ بِهٖ فَلَمُ يَرُدَّ رَسُوُلُ اللّٰهِ ﷺ عَلَيُهِمُ شَيُئاً مِنُهُ وَلَزِمَ رَسُوُلُ اللّٰهِ ﷺ تَلُبِيَتَهٗ۔

**તરજુમા:–** હઝરત જઅફર બિન મુહમ્મદ (જે સૈયદના) હુસૈન બિન અલી (રદિ.)ના પળપોત્રા છે અને ઈમામ જઅફર સાદિકના ઉપનામથી પ્રખ્યાત છે) તેમના પિતા હઝરત મુહમ્મદ બિન અલી (જેઓ ઈમામ બાકર રહ.ના નામથી પ્રખ્યાત છે)થી રિવાયત કરે છે કે અમે અમૂક સાથીઓ જાબિર બિન અબ્દુલ્લાહ રદિ.ની સેવામાં હાજર થયા તેમણે અમને પુછયું કે તમો કોણ કોણ છો, (અમારામાંથી દરેકે પોતાનો પરિચય આપ્યો) જયારે મારો નંબર આવ્યો તો મેં કહ્યું હું મુહમ્મદ બિન અલી બિન હુસૈન છું (તેઓ તે સમયે ઘણા જ વૃધ્ધ અને આંધળા થઈ ચુકયા હતા તેમણે પ્યાર અને

મુહબ્બતથી) તેમનો હાથ મારા હાથ પર ફેરવ્યો, પછી મારા કુરતાની ઉપરનો બટન ખોલ્યો, પછી નીચેનો બટન ખોલ્યો, પછી પોતાનો હાથ (કુરતાની અંદર લઈ જઈ) છાતીની વચ્ચે હાથ મુકયો, હું તે સમયે ગભરૂ જવાન હતો અને (મારા આવવા પર પોતાની ખુશી જાહેર કરતા) મને ફરમાવ્યું "મરહબંબિક યા ઈબ્ન અખી" (મરહબા એય મારા ભત્રીજા મારા ભાઈ હુસૈનની યાદગાર) તમારે જે કંઈ મારાથી પુછવું હોય વિના સંકોચે પુછો.

(ઈમામ બાકર રહ. કહે છે કે) એવામાં નમાઝનો સમય થઈ ગયો, હઝરત જાબિર રદિ. એક ટુંકી ચાદર લપેટી સુતેલા હતા તે જ ચાદર વિંટાળી નમાઝ માટે ઉભા થઈ ગયા અને તે ટુંકી હોવાના કારણે હાલત એ હતી કે જયારે તેઓ ખભા ઢાંકતા તો તેના છેડા ઉપર સુધી ચાવી જતા હતા જો કે તેમની મોટી ચાદર તેમની પાસે જ ખુંટી પર લટકતી હતી (પરંતુ તેમણે તે ચાદર ઓઢી નમાઝ પઢવી જરૂરી ન સમજી, અને તે જ નાની આદર લપેટી અમને નમાઝ પઢાવી) નમાઝથી પરવારી મેં કહ્યું કે મને રસુલૂલ્લાહ (સ.અ.વ.)ની હજ્જતુલ વિદાઅની વિગત દર્શાવો. તેમણે હાથની આંગણીઓથી નવની ગણત્રીનો ઈશારો કરતા મને કહ્યું કે રસૂલુલ્લાહ સલ.એ અહીંયા આવી નવ વર્ષ સુધી કોઈ હજ કરી નથી પછી સને હિજરી ૧૦માં આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ જાહેરાત કરી કે આ વર્ષે આપનો ઈરાદો હજ કરવાનો છે.

આ જાહેરાત મળતાં જ લોકો મોટી સંખ્યામાં મદીના હાજર થયા દરેકની તમન્ના એ હતી કે આ મુબારક સફરમાં આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ) સાથે રહી આપની પુરેપુરી તાબેદારી કરી આપનું અનુકરણ કરીએ. (હઝરત જાબિર રદિ. કહે છે કે જયારે રવાના થઈ ઝુલ્હુલૈફા પહોંચ્યા તે દિવસે ત્યાં જ થોભ્યા અહીંયા પહોંચ્યા પછી એક બનાવ એ બન્યો કે અસ્મા બિન્તે ઉમૈસ રદિ. (જે હઝરત અબૂ બકર રદિ.ના પત્નિ હતા, તેણી પણ એ કાફલામાં હતા) તેમના ત્યાં બાળકનો જન્મ થયો (એટલે મુહંમ્મદ બિન અબૂ બકર રદિ.) તેણીએ હુઝૂર (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)ને પુછાવ્યું કે આ હાલતમાં મારે શું કરવું જોઈએ? આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ ફરમાવ્યું એ જ હાલતમાં એહરામ માટે

સ્નાન કરી લો, અને જે પ્રમાણે આવી હાલતમાં સ્ત્રીઓ કપડાની લંગોટ વાપરે છે તે મુજબ તમે પણ લંગોટ વાપરી એહરામ બાંધી લો પછી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ ઝુલહુલૈફાની મસ્જીદમાં છેલ્લી ઝુહરની નમાઝ પઢી, અને પોતાની ઉંટડી "કસ્વાઅ" પર સવાર થયા જયારે ઉંટડી (ઝુલહુલૈફાથી આગળ વધી) "બૈદાઅ" પર પહોંચી (જે ઝુલહુલૈફાથી નજીકમાં થોડે ઉંચાઈ પર સરખુ મેદાન જેવું છે.) તો મેં તે ઉંચાઈ પરથી ચારે બાજુ નજર દોડાવી જોયું તો આગળ પાછળ ડાબે જમણે નજર પહોંચે ત્યાં સુધી સવાર, અને પગે ચાલતા માણસો જ દેખાયા, અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ) અમારી વચમાં હતા આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ) પર કુર્આન ઉતરી રહ્યું હતુ. આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ) તેની હકીકત અને એનો સ્પષ્ટ મતલબ અને ભાવાર્થ જાણતા હતા (જેથી આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ) જે કંઈ કરતા હતા અલ્લાહના હુકમ અને તેની વહી મુજબ કરતા હતા) અને અમારી રીત એ હતી કે જે કંઈ આપ સલ.ને કરતાં જોતા તે જ અમે પણ કરતા હતા. (તો આપની ઉંટડી "બૈદાઅ" પહોંચી તે વખતે આપ સલ.એ જોરથી તોહીદની આ તલ્બીયા કહી

"لَبَّيْكَ اَللّٰهُمَّ لَبَّيْكَ لَبَّيْكَ لَاشَرِيْكَ لَكَ لَبَّيْكَ اِنَّ الْحَمْدَ وَالنِّعْمَةَ لَكَ وَالْمُلْكَ لَا شَرِيْكَ لَكَ۔"

અને આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)ના સાથી સહાબા રદિ. જે તલ્બીયા પઢતા હતા (તેમા અમુક શબ્દોનો વધારો પણ થતો હતો) તેમણે પોતાની તે તલ્બીયા જોરથી પઢી તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ તેમને રોકયા નહીં અને ખોટુ હોવાનું બતાવ્યું નહીં, અને પોતે પોતાનો તલ્બીયા પઢતા રહ્યા, (ભાવાર્થ એ છે કે આપ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)ના અમૂક સહાબાએ લબ્બૈકમાં અમુક તાઝીમી અને અબ્દીય્યતના શબ્દો વધારી પઢતા હતા અને તેની છુટ તેમ ગુંજાઈશ હોવાના કારણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલય્હિ વસલ્લમ)એ તેમને રોકયા નહીં, પરંતુ આપે પોતાની લબ્બૈકમાં કોઈ વધારો કર્યો નહી. (ક્રમશ)

---

*માણસ ચાહે તે કરે અને બોલે, એનું નામ ઇસ્લામ નથી.*

# ઇસ્લામ, સંપૂર્ણ દીનનું નામ છે.

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઇસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ ● *મુફતી ફરીદ અહમદ કાવી.*

'ઈસ્લામ' જેનું નામ છે, એનું તે સ્વરૂપ જ માન્ય છે, જેમાં એના બધા આદેશો શામેલ હોય. કોઈ આદેશ કે આદર્શ બાકી ન હોય. અમુક અહલે કિતાબ લોકો મુસલમાન બન્યા પછી પણ તવરાતના અમુક આદેશ ઉપર અમલ જારી રાખવાની ઈચ્છા રાખતા હતા, એમના વિશે અલ્લાહ તઆલા ફરમાવે છે : હે ઈમાન વાળાઓ ! ઈસ્લામમમાં પૂર્ણ રીતે દાખલ થઈ જાઓ. અને શયતાનના પગલે ન ચાલો. એ તમારો ખુલ્લો દુશ્મન છે. અને જો તમે તમારી પાસે ખુલ્લી નિશાનીઓ આવ્યા પછી પણ લપસી ગયા, તો જાણી લ્યો કે અલ્લાહ તઆલા શકિતશાળી અને હિકમતવાળો છે. (બકરહ)

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. ફરમાવે છે કે અહલે કિતાબ ઈસ્લામ લાવ્યા પછી પણ તવરાતના અમુક આદેશો ઉપર અમલ કરવાની ઈચ્છા રાખતા હતા. એમના વિશે જ આ આયત ઉતારવામાં આવી કે દીને મુહમ્મદીના આદેશોમાં પૂર્ણ રીતે શામેલ થઈ જાઓ. અને એમાંથી કોઈ વસ્તુને છોડો નહીં.

ઈકરીમહ રદિ. ફરમાવે છે કે અમુક મુસલમાન થઈ થયેલા અહલે કિતાબ લોકોએ શનિવારના દિવસને પવિત્ર – મુબારક ગણવાની દરખાસ્ત કરી હતી, એમના વિશે આ આયત નાઝિલ કરવામાં આવી.

આજે અમુક લોકો વાંધો ઉઠાવે છે કે, નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તો મુનાફિક લોકો સાથે પણ સાચા મુસલમાનો જેવો વર્તાવ કરતા હતા, અને આજના મુસલમાનો બીજા સાચા મુસલમાનોને પણ કાફિર કહે છે.

આવો વાંધો ઉઠાવનાર લોકોએ જાણી લેવું જોઈએ કે, આ વાત સાચી કે ઈસ્લામના આરંભે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ મુનાફિક લોકો સાથે પણ મુસલમાનો જેવું વર્તન રાખતા હતા. પણ પ્રશ્ન આ છે કે,

કુરઆનની એક આયત : હે નબી ! કાફિરો અને મુનાફિકો સાથે લડાઈ કરો. અને એમના ઉપર કડકાઈ વર્તો, એમનું ઠેકાણું જહન્નમ છે. અને તે બુરું ઠેકાણું છે. (સૂ. તવબહ) ઉતર્યા પછી પણ શું મુનાફિકો પ્રત્યે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું વર્તન પહેલાં જેવું જ રહયું હતું ?

હદીસ શરીફમાં છે, હઝરત ઈબ્ને અબ્બાસ રદિ. ફરમાવે છે કે એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જુમ્અહના દિવસે મિમ્બર ઉપર બિરાજમાન હતા. અને મસ્જિદમાં મોજૂદ મુનાફિકોને એક એકનું નામ લઈને બહાર કાઢી મુકયા. હઝરત ઉમર રદિ. આ વેળા મસ્જિદમાં મોજૂદ ન હતા. તેઓ આવ્યા તો એમને કોઈકે આ ખુશીના સમાચાર આપ્યા કે આજે તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે મુનાફિકોને અપમાનિત કર્યા.

હઝરત અબૂ મસ્ઉદ રદિ. ફરમાવે છે કે એકવાર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે વઅઝ ફરમાવી. એવી તકરીર આજ પહેલાં અમે કદી સાંભળી ન હતી. અને એમાં ફરમાવ્યું કે, હું જેનું નામ લેતો જાઉં, તેઓ મજલિસમાંથી ઉઠીને ચાલતી પકડે. અને પછી ૩૬ માણસોને નામ લઈનુ કાઢી મુકયા. (દુર્રે મન્ષૂર)

હઝરત હુઝૈફા રદિ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ઝમાનામાં મુનાફિકોનું અસ્તિત્વ હતું, આજે કાં તો ઈસ્લામ હશે કે કુફ્ર હશે. (બુખારી શ.)

શામના અમુક માણસોએ શરાબ પીધી. હઝરત યઝીદ બિન અબૂ સુફયાન એ વેળા શામના હાકેમ હતા. એમણે શરાબખોરોને સજા આપી. શરાબખોરોએ રજૂઆત કરી કે શરાબ હલાલ છે, અને દલીલ રૂપે કુરઆનની આયત રજૂ કરી કે,

ليس على الذين آمنوا وعملوا الصالحات جناح فيما طعموا (مائده)

જે લોકો ઈમાન લાવ્યા અને નેક આમાલ કરે છે, તેઓ જે કંઈ ખાય એમાં એમના ઉપર કોઈ ગુનો નથી, જયાં સુધી કે તેઓ અલ્લાહથી ડરતા રહે, ઈમાન ધરાવતા હોય અને નેક આમાલ કરતા હોય...

હઝરત યઝીદે આ બાબત હઝરત ઉમર રદિ.ની સેવામાં લખી મોકલી. હઝરત ઉમર રદિ.એ જવાબ લખ્યો કે મારો જવાબ દિવસે પહોંચે તો રાત

પડવાની રાહ ન જોજો અને રાતે પહોંચે દિવસની રાહ ન જોશો. આયત દ્વારા શરાબ હલાલ હોવાની વાત કરનાર લોકો અન્યોને ગુમરાહ કરે એ પહેલાં એમને પકડીને મારી પાસે મોકલો. આ લોકોને હઝરત ઉમર રદિ.ની સેવામાં લાવવામાં આવ્યા. હઝ. ઉમર રદિ.એ સહાબા રદિ. સાથે મશ્વેરો કર્યો, સહાબા રદિ.એ ફરમાવ્યું : આ લોકોએ ઈસ્લામ બાબતે એવી વાત કરી છે, જેની અલ્લાહ તઆલાએ ઈજાઝત નથી આપી. માટે આ લોકોની ગરદન ઉડાવી દેવામાં આવે. હઝરત અલી રદિ. ખામોશ હતા. હઝરત ઉમર રદિ.એ એમને પૂછયું કે તમારું શું મંતવ્ય છે : એમણે જણાવ્યું કે, આ શરાબખોરોને પૂછવામાં આવે, એમણે શરાબ પીવાને હલાલ સમજીને નશો કર્યો છે તો એમને કતલ કરી દેવામાં આવે. કારણ કે એક એવી વસ્તુને તેઓ હલાલ કહી રહયા છે જેને અલ્લાહ તઆલાએ હરાર ઠેરવી છે. અને જો હરામ સમજીને શરાબ પીધી છે તો નિયમ મુજબ એમને ૮૦ કોરડાની સજા આપવામાં આવે.

શું આ બધા લોકો કલિમહ પઢનાર અને અહલે કિબ્લહ ન હતા ? છતાં ફકત શરાબને હલાલ સમજવાના કારણે એમને કતલ કરવા વિશે બધા જ સહાબા સહમત થઈ ગયા ! તે ઝમાનામાં આવા એનક કિસ્સાઓ છે, જેમાં દીનની જરૂરી બાબતોમાંથી કોઈ એકના ઈન્કાર કરવા ઉપર કુફ્ર – મુરતદ થવાનો હુકમ લાગુ કરવામાં આવ્યો. અત્રે એ બધા કિસ્સાઓ વર્ણવવાનો મોકો નથી. પણ હું આ બાબતે ધ્યાન અપાવવા માંગું છું કે જે લોકો એમ કહે છે કે કલિમહ પઢનાર કોઈ પણ માણસને કાફિર ઠેરવવામાં ન આવે. ચાહે ગમે તે કરે અને મનફાવે તેમ બોલે, આલિમો લોકોને કાફિર બનાવતા ફરે છે એ ખોટું છે ... આવું કહેનાર લોકો ચાહે ઉલમા વિશે ટોણો મારતા હોય, છતાં તેઓ સાચું બોલી રહયા છે કે આ ફકત ઉલમાનું જ કામ છે. જે દીનનો આલિમ ન હોય એને શી ખબર અને શી સમજ કે કઈ બાબતે કુફ્રનો હુકમ લાગુ પડી શકે છે. હા, એક વાત સહી છે કે કોઈ શરઈ દલીલ વગર કોઈ માણસને કાફિર કહેવો નાજાઈઝ અને હરામ છે. જેમ કે અગાઉ નંબર ૩ ની વિગતમાં આવી ચુકયું છે. અત્રે આ વિષય વચ્ચે આવી ગયો હતો, અને મુળ આ વાત હું કહી રહયો હતો કે ઉલમા વિશે બુરું ભલું બોલનાર લોકો આવી બાબતોનો પણ ખ્યાલ રાખે એ જરૂરી છે. ● ● ● ●

# ઝમીં ખા ગઈ આસમાં કૈસે કૈસે !

## હઝ. મવ. યાકૂબ કાસમી સા. રહ.ની વફાત

● હઝ.મવ. બશીર ભડકોદ્રવી સા.
મુદર્રિસ જામિઅહ જંબુસર.

---

તા. ૧૮/ઓગષ્ટ/૨૦૨૨ની સવારે મોબાઈલમાં ડોકિયું કર્યું તો વોટસએપ પર મેસેજોની ભરમાર હતી. વધુ પડતા મેસેજો યુ.કે.થી હતા. જેમાં એ દુઃખદ સમાચાર હતા કે, ૧૭/ઓગષ્ટની સાંજે એટલે ઈન્ડિયાના રાત્રે ૧૧:૩૦ વાગે મવલાના યાકૂબ સાહબ મુન્શી (કાવીવાલા) અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. إنا لله و إنا إليه راجعون

આખિર મૌત સે કિસકો રૂસ્તગારી હૈ
આજ ઉનકી તો કલ હમારી બારી હૈ.

મવ.મર્હૂમનું મૂળવતન કાવી (જીલ્લે ભરૂચ)હતું. મવલાનાનો જન્મ ૧૪/મુહર્રમ ૧૩૫૦ હિજરી અને ઈ.સન પ્રમાણે ૧/જૂન/૧૯૩૧ ના કાવી મુકામે થયો હતો. એટલે હિજરી સન પ્રમાણે ૯૪ વરસનું બરકતવંતુ લાંબુ આયુષ્ય આપને મળ્યું હતું, અને ઈસ્વી સન પ્રમાણે પૂરાં ૯૧ વરસની વસંતો આપની આંખોએ નિહાળી હતી. અંતે અલ્લાહનો અટલ કાનૂન "દરેકને મોતની મઝા ચાખવાની છે," મુજબ મવલાના પણ આખેરત તરફ પ્રયાણ કરી ગયા. તા. ૧૮/ઓગષ્ટને જુમેરાતના રોજ યુ.કે.ના ટાઈમ મુજબ ૦૨:૩૦ વાગે બપોરે આપનો અંતિમ સફર શરૂ થયો. અને ડયુઝબરીના કબ્રસ્તાનમાં તદફીન અમલમાં આવી.

હુએ નામ વર બે નિશાં કૈસે કૈસે   મિલે ખાકમેં એહલે શાં કૈસે કૈસે

મકીં હો ગયે બે મકાં કૈસે કૈસે   ઝમીં ખા ગઈ આસમાં કૈસે કૈસે

પ્રાથમિક દીની તા'લીમ કાવી ગામના જ મકતબમાં હાસિલ કરી. અને આવશ્યક સ્કૂલનું શિક્ષણ પણ કાવી ગામમાં જ પ્રાપ્ત કર્યુ, ત્યારબાદ ઉચ્ચ દીની તા'લીમ માટે તે સમયના ઈલ્મી મરકઝ ગણાતા રાંદેર

(જી.સુરત) પહોંચ્યા અને મદ્રસા અશરફિયહમાં દાખલ થયા. અશરફિય્યહ દારૂલ ઉલૂમમાં તે વખતે મવલાના મુહમ્મદ રઝા અજમેરી (રહ.), મવ.અ.ગની કાવી સાહબ (રહ.) વિગેરે ખ્યાતનામ આલિમોના શાગિર્દ બન્યા. શૈખુલ હદીષ મવલાના અજમેરી સાહબના તો આપ ખાદિમે ખાસ હતા, મવ.અજમેરી સાહબ પણ મવ.યાકૂબ સાથે મુખ્લિસાના મુહબ્બત રાખતા હતા. ઘરના સભ્યની જેમ જ મવલાના અજમેરી સાહબનો મવ.યાકુબ સાથે સંબંધ હતો, પોતાના અંગત પ્રશ્નોની પણ એક બીજા સાથે ચર્ચા થતી હતી. મવલાના અજમેરી સાહબની પ્રથમ પત્નિના તલાક થયા હતા. અને બીજા નિકાહ માટે મથામણ ચાલુ હતી, એ કિસ્સાને યાદ કરતા મવ.યાકૂબ કાસિમી સાહબ એક દિવસ હસતાં હસતાં કહેવા લાગ્યા (લખનાર પણ મજલિસમાં હતો) કે અજમેરી સાહબે મને સંબોધીને કહયું કે મોલવી યાકુબ "ઉસ ઔરત (તલાકશુદા) કી બહેન હે" મેં (મવ.યાકુબે) તુરંત આપણી આગવી ભરૂચી શૈલીમાં કહયું કે ના બને, ડાંગો નિકળે, પરંતુ એ હકીકત બન્યું અને ઉકત તલાકશુદાની બહન સાથે અજમેરી સાહબના નિકાહ થયા. અને કામયાબ પણ નિવડયા. આપણા સમાજમાં આવા નિકાહના ઉદાહરણો દુર્લભ છે. કે તલાક શુદાની બહેન સાથે નિકાહ થાય. પરંતુ આ એક સત્ય ઘટના છે. કારણ કે, છોકરીના મોહતરમ પિતા આલિમે દીન હતા. અને સામે પક્ષે દામાદ પણ ખુદારસીદહ બુજુર્ગ હતા.

રાંદેર મદ્રસા અશરફિય્યહથી દરસે નિઝામીથી ફારેગ થઈ મવલાના મર્હૂમ દારૂલ ઉલૂમ દેવબંદ પહોંચ્યા હતા. દેવબંદમાં તે સમયના ધુરંધર ઉલમાએ કિરામથી ઈલ્મ પ્રાપ્તિનો મોકો મળ્યો હતો, હઝરત મવલાના હુસૈન અહમદ મદની (રહ.)થી બુખારી શરીફ અને તિરમિઝી શરીફ પઢી હતી. અલ્લામા ઈબ્રાહીમ બલ્યાવી (રહ.)થી મુસ્લિમ શરીફ અને સુનને અબુદાઉદ હઝરત શૈખ એઝાઝ અલી સાહબ (રહ.)થી અને નસઈ શરીફ શૈખ ફખરૂલ હસન (રહ.)થી પઢી હતી. તેમજ અન્ય હદીષની કિતાબો તે સમયના દેવબંદના મો'તબર ઉલમાએ કિરામથી પઢવાનું આપને

સૌભાગ્ય નશીબ થયું હતું.

દારૂલ ઉલૂમ દેવબંદથી આલિમની સનદ મેળવી મવલાના મર્હૂમ દીની – ઈલ્મી ખિદમતમાં મશ્ગૂલ થઈ ગયા. શરૂઆતમાં જંબુસર તાલુકાના ગામડાઓ : ભડકોદ્રા, ખાનપુરદેહ ખાતે મકતબમાં સેવા આપી અને એ સાથે તબ્લીગી જમાઅત સાથે પણ સંકળાયેલા રહયા. જામિઅહ ઈસ્લામિયહ ડાભેલમાં પણ મવલાનાએ તદરીસી સેવા આપી હતી.

સન ૧૯૬૬ માં મૌલાના સાહબ યુ.કે. હિજરત કરી ગયા હતા. યુ.કે.માં ડયુઝબરી શહેરને પોતાની કર્મભૂમિ બનાવી હતી. શરૂઆતમાં ત્યાં તબ્લીગી જમાઅતનું કામકાજ પ્રચલિત કરવામાં મૌલાનાએ સક્રિય ભૂમિકા ભજવી હતી. ડયુઝબરી તબ્લીગી મરકઝ ખાતે પણ આપનું અમુલ્ય યોગદાન રહયું હતું. યુ.કે.માં પ્રથમ ડયુઝબરીની ઝકરિયા મસ્જિદમાં આપ ઈમામ રહયા હતા. અને મસ્જીદના બાંધકામ વિગેરેમાં નોંધપાત્ર સેવાઓ આપી હતી. વિશેષતા ઝકરિયા મસ્જિદમાં તફસીરે કુર્આનથી બહોળો વર્ગ ફૈઝવંત થતો હતો. આજે પણ આપની ઉકત સેવાઓની ગુંજ સંભળાય છે. યુ.કે.માં મવલાનાને દીનની ખિદમતનું મોકળું મેદાન મળ્યું હતું. ત્યાં "મજલિસે તહકિકાતે શરઈય્યહ બ્રિટન" નામની સંસ્થાની સ્થાપના કરી હતી. ઉકત સંસ્થાના માધ્યમથી મવલાનાએ બ્રિટનમાં વસ્તી મુસ્લિમ કૌમની પ્રશંસાપાત્ર દીની–મીલ્લી રેહબરી કરી હતી.

બ્રિટનમાં આકાશ વધુ પડતું વાદળ છાયું રહે છે. અને ઉનાળામાં સુબ્હે સાદિકનો મસ્અલો પણ ઘણો પેચીદહ રહે છે, મવલાનાને ઉકત મસાઈલમાં ખાસ દિલચસ્પી હતી. બલકે આપની પાસે સંશોધનાત્મક તહકીક હતી. એ વિષય પર મવલાના એ કિતાબો પણ લખી છે. મજલિસ દ્વારા ઘણી દીની કિતાબો પ્રગટ કરવામાં આવી છે, જેમાં મવલાનાની ખુદની પણ ઘણી તસ્નીફાત શામેલ છે. (૧) ઈસ્લામ ઔર રૂઅયતે હિલાલ, (૨) બરતાનિયહમેં સુબ્હે સાદિકકા વકત, (૩) બરતાનિયહમેં અવકાતે નમાઝકે મુશાહિદા પર એક નજર, (૪) અવકાતે શવમ વ

સલાત, (૫) નિકાહ વ તલાક કી શરઈ હૈસિયત, (૬) ઈસાલે સવાબ કે લીયે ઈજતેમાઈ ખત્મે કુર્આન વ યાસીન શરીફ કી શરઈ હેસિયત વગેરે.

મવલાનાની ઉર્દૂ કિતાબ "નિકાહ ઔર તલાક કી શરઈ હૈસિયત" નો ગુજરાતી અનુવાદ કરવાની સઆદત મને પણ પ્રાપ્ત થઈ છે. અને ઉંગ્લી કટા કર શહીદોં મે નામ"ની ઉકિત અનુસાર નાચીઝ પણ પોતાને એમના નેક કાર્યોમાં સદ્ભાગી સમજે છે. (ફલિલ્લાહિ લ હમ્દ)

મવલાના ઘણા જ સીધા અને સરળ સ્વભાવના વ્યકિત હતા. સાદગી સભર આપનું જીવન હતું. નાના–મોટા દરેકનો આદર કરી જાણતા હતા. રહન – સહન કે વાતચીતમાં કોઈપણ જાતનું આડંબર ન હતું. ઓળખીતા, અજાણ્યા સાથે મિલનસારી અને પ્રેમભાવથી પેશ આવતા હતા. દરેક સાથે બે તકલ્લૂફ અંદાઝમાં હળતા–મળતા હતા. આપ આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતા મોટા આલિમ હોવા છતાં આપના સીધા – સરળ અને બે તકલ્લૂફ અંદાજે આપની બુજુર્ગી (મહાનતા) પર પરદો કરી રાખ્યો હતો, ઈંગ્લેન્ડ જેવા ભૌતિકવાદી દેશમાં રહેવા છતાં પણ મૌલાનાએ પોતાની જાતને ભૌતિક ચમક–દમકથી બચાવી રાખી હતી. ખાલિશ દીની–ઈલ્મી પ્રવૃત્તિઓમાં જ હંમેશા પ્રવૃત્ત રહેતા હતા. " રહે દરિયા મેં ઔર કપડોં કો ન લગે પાની" નું જીવંત ઉદાહરણ હતા.

ઓકસફોર્ડ યુનિ.ના પ્રોફેસર ડો.મુહમ્મદ અકરમે લખ્યું છે કે, મવલાના એ મને કહયું હતું કે, મુફતી મેહમૂદ હસન ગંગોહી (રહ.)એ મને ઈજાઝતે બૈઅત આપી છે, મવલાના ફારૂક મેરઠી સાહબને કોઈ સાહબે કહયું કે, મેં ખ્વાબમાં હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને જોયા, મૌલાના યાકૂબ કાસિમી સાહબ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને ભેટ–સોગાતો આપી રહયા છે. મવલાના ફારૂક સાહબે કહયું કે તમો હમણાં જ મૌલાના યાકૂબ સાહબ પાસે જાઓ. અને પૂછો કે તમારા શું મા'મુલાત છે. મેં આ પ્રમાણે ખ્વાબમાં જોયું છે. મવલાનાએ અતિ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો કે ભાઈ ! મારા કોઈ મોટા અમલ નથી. હા સૂતાં પહેલાં ૫૦૦ વાર દુરૂદ શરીફ પઢું છું. સફર–હજર દરેક હાલતમાં

દુરૂદનો અમલ અવશ્ય કરું છું.

ન પુછ ઈન ખિરકા પોશોં કી ઈરાદત હોતો દેખ ઉન કો

યદે બયઝા લિયે બેઠેં હૈં અપની આસ્તીનોમેં

મર્હૂમ મવલાના રહ. જામિઅહ જંબુસરના ફાઉન્ડર ટ્રસ્ટી હતા. મવલાનાના મશ્વેરાથી જ જંબુસરમાં જામિઅહ ઉલૂમુલ કુર્આનની સ્થાપના કરવામાં આવી છે. મર્હૂમની તા'ઝિયતી મજલિસમાં મુફતી અહમદ દેવલવી સાહબે પોતાના બયાનમાં કહયું હતું કે, મારા યુ.કે.ના સફર દરમ્યાન મને મવ.યાકુબ કાસિમી સાહબે અને મવલાના યાકૂબ શેખ દેવલાવાળા સાહબે ભારપૂર્વક કહયું હતું કે, જંબુસરમાં દારૂલ ઉલૂમની સ્થાપના કરો. જંબુસર તાલુકાના છોકરા આખા ગુજરાતમાં દીની તા'લીમ માટે દોડાદોડી કરે છે અને જંબુસરમાં જ દારૂલ ઉલૂમ નથી. જંબુસરમાં દારૂલ ઉલૂમ તાતી જરૂરત છે. બંને બુજુર્ગોના મશ્વેરો જ આ જામિઅહની બુનિયાદ છે. જે બંને મર્હૂમો માટે સવાબે જારિયહ છે.

જામિઅહનું હિત હઝરત મર્હૂમના હૈયે વસેલું હતું. અને જામિઅહની પ્રગતિ માટે પોતાનાથી બનતા બધા પ્રયાસ કરી છૂટતા હતા. જામિઅહના પ્રતિનિધિઓના યુ.કે.ના પ્રવાસ દરમ્યાન પોતાનાથી બનતો બધો સાથ – સહકાર આપતા હતા. જામિઅહ સાથે હઝરત મર્હૂમને આત્મિય સંબંધ હતો, બલકે મર્હૂમનો પૂરો પરિવાર જામિઅહને પોતાનો મદ્રસો સમજે છે. હમણા મર્હૂમના મોટા દિકરા અ.હય સાહબ સાથે ફોનથી તાઝિયત કરી હતી ત્યારે તેમણે જામિઅહ સાથે પોતાના આત્મિય સંબંધનો એકરાર કર્યો અને કહયું કે જામિઅહને અમો અમારો જ મદ્રસો સમજીએ છીએ.

અલ્લાહ તઆલા મર્હૂમની કોશિષો અને કુર્બાનીઓને કબુલ ફરમાવે. જામિઅહને આપના માટે સવાબે જારિયહ બનાવે અને જન્નતુલ ફિરદૌસમાં આ'લા મુકામ નશીબ ફરમાવે, અને પસમાંદગાંને શબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.

આસમાં તેરી લહદ પર શબનમ અફશાની કરે

નુર સે મા'મુર યે ખાકી શબિસ્તાં હો તેરા

# આહ ! હઝ. મવ. યાકૂબ કાસિમી સા. રહ.

• મુફતી ઈસ્માઈલ અદા સારોદી સા.
• મુદર્રિસ જામિઅહ જંબુસર

---

ફરોગે શમઅ જો અબ હે, રહેગી રેહતી દુનિયા તક
મગર મેહફિલ તો પરવાનોં સે ખાલી હોતી જાતી હે

આપણે ઈમાનવાળાઓનો અકીદો અને માન્યતા છે, બલકે એક નાસ્તિક પણ માને છે કે દરેક જીવનું સર્જન મરવા માટે થયેલ છે. મૌતથી કોઈ બચી શકયું નથી અને બચી શકશે નહીં كل نفس ذائقة الموت , દરેક સજીવને મૌતનો મઝા ચાખવાનો છે.

હદીષ શરીફનો ભાવાર્થ છે મદીના મુનવ્વરાની કબરો પાસેથી હઝરત નબીએ કરીમ (સ.અ.વ.) પસાર થયા, આપે કબરવાળાઓ તરફ મુખ કરીને ફરમાવ્યું : અસ્સલામુ અલયક યા અહલલ્ કુબૂર... અર્થાત હે કબરવાસીઓ ! તમાર ઉપર સલામતી નાઝિલ થાય, અલ્લાહ તમારી અને અમારી બક્ષિશ કરે, તમે અમારી આગળ ગયા અને અમે તમારી પાછળ આવીશું. ખરેખર..

મૌત સે કિસ કો રૂસ્તગારી હે, આજ વો કલ હમારી બારી હૈ.

***<u>તારીખે વફાત :</u>***

૧૯ મહોર્રમ ૧૪૪૪ હિજરી મુતાબિક ૧૮ ઓગષ્ટ ૨૦૨૨ ને ગુરૂવારે સવારે ખબર મળી કે ઈંગ્લેન્ડમાં મહાન આલિમે દીન પ્રખર ફકીહ અને મુફતી આલિમે રબ્બાની હઝરત મવલાના યાકૂબ ઈસ્માઈલ સાહેબ મુન્શી કાવીવાલા ૯૧ વર્ષ અને ૨ માસની ઉમરે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન. આ સમાચાર જાણી કારમો આઘાત અનુભવ્યો, જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસરના સર્વ સ્ટાફ માટે એક ઘરની વ્યકિતના ઈન્તેકાલ સમાન બનાવ હતો. અલ્લાહ તઆલા મર્હૂમની બાલ–બાલ મગફિરત ફરમાવે, એમને જન્નતુલ ફિરદૌસ અતા ફરમાવે અને એમના વારસદારોને સબ્રે જમીલની નેક તૌફીક આપે, મર્હૂમની હયાતીમાં અલ્લાહ પાક જે જે નેઅમતોથી નવાઝતો હતો તે નેઅમતોથી નવાઝી રાખે. (આમીન)

### જન્મ અને જન્મ સ્થળ.

ભરૂચ જિલ્લાના બિલકુલ દક્ષિણના આખરી કિનારે અને ખંભાતના અખાત પર આવેલ આલિમખેઝ વસ્તી કાવી તા. જંબુસર, જિ. ભરૂચમાં ૧૪ મોહર્રમ ૧૩૫૦ હિજર મુતાબિક પહેલી જુન ૧૯૩૧ના રોજ પ્રતિષ્ઠિત મુન્શી ખાનદાનમાં આપનો જન્મ થયો હતો.

### પ્રાથમિક અને ઉચ્ચ તાલીમ

આપ (રહ.) એ પ્રાથમિક દીની – દુન્યવી તાલીમ કાવીમાં રહી મેળવી, આજથી આશરે નેવું વર્ષ પહેલાં જયારે આપણી આસપાસ આજના જેટલી ન દીની તા'લીમની ચર્ચા હતી, ન તો દીની દર્સગાહોની આટલા વ્યાપક પ્રમાણમાં વ્યવસ્થા, ઉપરાંત ભરૂચ જિલ્લાનમાં મોટા પાયે લોકો બિદઆત અને ખુરાફાતની ગોદમાં બેસેલા હતા, તેવા સમયે હઝરત મવલાના યાકૂબ કાસિમી સા. (રહ.) એ કિશોર વયે તલબે ઈલ્મના નેક ઈરાદાથી ગુજરાતની પ્રખ્યાત અને મકબૂલ સંસ્થા એટલે દારૂલ ઉલૂમ અશરફિય્યહ રાંદેરનું રૂખ કર્યુ, જયાં ફારસીથી લઈ દૌરએ હદીષ શરીફની ઉચ્ચ અરબીની તા'લીમ પ્રાપ્ત કરીને ફરાગત હાસિલ કરી તે સમયના પોતાના અસાતિઝહના લાડલા અને નૂરેનજર બન્યા અને વધુ ઉચ્ચ તાલીમ અર્થે દારૂલ દેવબંદનું રૂખ કર્યું અને હિજરી સન ૧૩૭૨માં ફરાગત પ્રાપ્ત કરી.

### દારૂલ દેવબંદના અસાતિઝા

અઝહરે હિંદ દારૂલ ઉલૂમ દેવબંદમાં જે ઉલમાએ રબ્બાની પાસે ઈલ્મે હદીષની તા'લીમ પ્રાપ્ત કરી તેઓના મુબારક નામો અને તેઓ પાસે જે કિતાબો પઢી તેની યાદી નીચે મુજબ છે :

(૧) બુખારી શરીફ તથા સુનને તિર્મિઝી : શૈખુલ ઈસ્લામ હઝરત મવ. હુસૈન અહમદ મદની (રહ.)

(૨) સહીહ મુસ્લિમ શરીફ : અલ્લામા ઈબ્રાહીમ બલ્યાવી સાહબ (રહ.)

(૩) સુનને અબૂદાઉદ શરીફ : શૈખુલ અદબ મવ. એ'ઝાઝ અલી અમરોહી સાહેબ (રહ.)

(૪) સુનને નસાઈ શરીફ : મવલાના ફખ્રુલ હસન સાહબ (રહ.)

(૫) સુનને ઈબ્ને માજહ શરીફ : મવ.ઝુહુર અહમદ દેવબંદી સાહબ રહ.

*(ડો. મવ. મુહમ્મદ અકરમ નદવી ઝી.મ. ના સૌજન્યથી મળેલ જાણકારી)*

***તદરીસી સેવા :***

અમુક સમય તા'લીમુલ ઈસ્લામ, ભડકોદ્રા તા. જંબુસર, જિ. ભરૂચ માં મકતબની તાલીમ આપી, તે પછી જામિઅહ ઈસ્લામિય્યહ તા'લીમુદ્દીન ડાભેલમાં પ્રારંભિક કલાસોમાં ફિકહ અને અરબી કિતાબોની તાલીમ આપી.

***ડયુઝબરી ઈંગ્લેન્ડમાં આપની માનદ સેવાઓ***

સોશ્યલ મિડિયા ઉપર પ્રગટ થયેલ ડો. મવ. અકરમ નદવી (ઝી.મ.)ના લેખમાં જણાવ્યા મુજબ ૧૫ રમઝાન હિજરી સન ૧૩૮૫ મુતાબિક ૧૯૬૬ ઈ.સ.માં બ્રિટિશ – ડયુઝબરીની હિજરત ફરમાવી. ૧૪૦૯ હિજરીમાં મજલિસે તહકીકાતે શરઈય્યહની સ્થાપના કરી, મહત્વપૂર્ણ વિષયો ખાસ કરી બ્રિટનમાં વિવાદિત રહેતા ચાંદના મસ્અલા ઉપર અનમોલ અને માહિતિસભર કિતાબો લખી જેમ કે :

(૧) ઈસ્લામી માહ ઔર રૂઅયતે હિલાલ શરીઅત વ ઈલ્મે ફલક કી રોશનીમેં.

(૨) બર્તાનિયામેં સુબ્હે સાદિક કા વકત

(૩) બર્તાનિયામેં અવકાતે નમાઝ કે મુશાહદા પર એક નઝર

(૪) અવકાતે સૌમ વ સલાત

(૫) ઈસ્લામી નિકાહ વ તલાક

(૬) બર્તાનિયા વ આ'લા અરૂજુલ બિલાદ પર સુબ્હે સાદિક વ શફક કી તહકીક.

(૭) ઈસાલે ષવાબ કે લિયે ઈજતિમાઈ ખત્મે કુર્આન વ યાસીન શરીફ કી શરઈ હેસિયત.

***દઅવત અને તબ્લીગ :***

મારી જાણ મુજબ મવલાના મૌસૂફ (રહ.) હજરતજી મવલાના યૂસુફ કાંધલવી (રહ.)ના નૂરે નઝર હતા, હજરતજીના મશ્વેરાથી ડયુઝબરીમાં કિયામ કર્યો હતો અને ત્યાં આપે પ્રશંસાપાત્ર ખિદમતો અંજામ આપી. બલકે ઈંગ્લેન્ડ અને યુરોપમાં તબ્લીગી જમાતની બુનિયાદ અને પ્રચારનું આપ

માધ્યમ અને કેન્દ્રબિંદુ બન્યા.

***આપનો મિજાઝ ઈલ્મી (જ્ઞાની) :***

આપ ઉપર જણાવેલ કિતાબોના લેખક હોવાની સાથે સાથે ફિકહના માહિર હતા. હઝરત મવલાના મુજાહિદુલ કાસિમી રહ.એ સ્થાપના કરેલ ફિકહ એકેડમીના સભ્ય હોવાના સાથે મવલાનાના નિકટના સાથી હતા, ફિકહ એકેડમીમાં અવશ્ય હાજર રહેતા, જે તે વિષય પર હવાલા અને દલીલો સહિત લખતા અને બોલતા, હાજરજનો આપની વાત ધ્યાનથી સાંભળતા.

***જામિઅહ જંબુસરના ટ્રસ્ટી***

૧૯, ઓગષ્ટ ૨૦૨૨ ના રોજ હઝરત મુફતી અહમદ સા. દેવલ્વી દા.બ. એ તા'ઝિયતી ઈજલાસમાં જણાવ્યું હતું કે ''મારા યુ.કે.ના સફર દરમિયાન મવલાના રહ. એ મને ભારપૂર્વક જણાવ્યું હતું કે આપણા વિસ્તારમાં ઉચ્ચ તાલીમ આપતી દીની દર્સગાહ હોવી જોઈએ, તે પછી મવ. યાકૂબ શૈખ દેવલ્વી (રહ.) એ પણ એ બાબત ધ્યાન કેન્દ્રિત કર્યું. આ બુનિયાદી બાબતે જામિઅહની સ્થાપના કરી. હઝરત મુફતી અહમદ સા. દેવલ્વી (દા.બ.)ને મેનેજીંગ ટ્રસ્ટી બનાવવામાં આવ્યા, અને આજે આપ જામિઅહને જોઈ રહયા છો, એ હિસાબે મવલાના મર્હૂમ પાયાના ટ્રસ્ટીઓમાંથી હોય જામિઅહ અને તેના તાબા હેઠળ ચાલતી દરેક પ્રવૃત્તિઓ હઝરત મર્હુમ માટે સદકએ જારિઅહ છે.

***ડયુઝબરીના રહેઠાણ દરમિયાન વતનની સફરો***

જયારે જયારે હિંદુસ્તાન આવતા ત્યારે જામિઅહ જંબુસરમાં રોકાતા અને જામિઅહના માનનીય મોહતમિમ હઝરત મુફતી અહમદ દેવલવી સાહેબ (દા.બ.)ના મહેમાન બનીને જ રહેતા, મોહતમિમ સા. (દા.બ.)ની સાથે જ અન્ય ઈદારાઓ, ઉલમા, સગાવહાલાંઓની મુલાકાત કરતા. અસર પછી જામિઅહના રોકાણ દરમિયાન મુઝ નાચીઝ અને જામિઅહના ઉસ્તાદે હદીષ હઝરત મવલાના બશીર સા. (ઝી.મ.) ભડડોદ્‌વી સાથે ચેહલકદમી માટે પણ નીકળતા હતા.

***સફરમાં ઈલ્મી પ્રવૃત્તિ***

જયાં પણ સફર કરતા ત્યાંના કુતુબખાનામાં જો કોઈ નાયાબ કિતાબ

મળતી તેની ઝેરોક્ષ કઢાવી લાવી જામિઅહના અર્પણ કરતા. એક સફરમાં આવ્યા ત્યારે મેં સંપાદન કરેલ એક રિસાલો જે પરવેઝિય્યતના વિરૂધ્ધ તૈયાર કર્યો હતો આપને બતાવ્યો, આપે વાંચ્યો અને પોતાની એટીચીમાંથી એક જેરોક્ષ પડોશી દેશથી કાઢી લાવ્યા તે મને આપી, મેં શુક્રિયા સાથે જણાવ્યું કે મારા સંપાદનમાં ઘણો સારો વધારો થઈ જશે. ત્યારે મને ફરમાવ્યું "અલ્હમ્દુલિલ્લાહ ! આપણા ગુજરાતમાં હજુ સુધી પરવેઝિય્યતનો ફિત્નો આવ્યો નથી, એટલે આપણે એમની તરદીદ (રદ) કરીને તેમને શોહરત આપવાની (પ્રખ્યાત કરવાની) જરૂરત નથી" તે પછી તે રિસાલાને છપાવી પ્રગટ કરવાનું મુલ્તવી રાખ્યું.

### મદ્રસા તર્બિયતુલ બનાત

સારોદ માટે બયાન કરવાની દાવત નાચીઝે આપી, ત્યારે જણાવ્યું કે 'હું છોકરીઓના મદ્રસા કાયમ કરવાનો બહુ સખત વિરુદ્ધ છું, તમારે ત્યાં આવીશ તો તમારા અને તમારા બનાતના મદ્રસાના વિરોધમાં બયાન કરીશ." મેં અરજ કરી કે ઠીક છે, આપે જે બયાન કરવું હોય તે કરશો. હઝરત (રહ.) સારોદ તશરીફ લાવ્યા, આપની તશરીફ આવરીનું સાંભળીને માનવ મેદની ઉભરી આવી અને જુમ્આ મસ્જિદ ફુલ થઈ ગઈ. મવલાનાએ દરેક પાસાઓ ઉપર વિગતવાર બયાન ફરમાવ્યું અને બોર્ડિંગ–લોજીંગ વગરના છોકરીઓના મદ્રસા ગામે ગામ કાયમ કરવાની દાવત અને રગબત અપાવી. બયાન – દુઆ પછી યુ.કે.ના સફર પહેલા જે લોકો મવલાના (રહ.)ની અમારત હેઠળ જમાઅતમાં ગયા હતા તે લોકો સાથે બેસીને યુ.કે.ના તબ્લીગી માહોલ વિષે કારગુઝારી બયાન ફરમાવી.

એક સફર દરમિયાન જામિઅહની મિટીંગમાં "ફતાવા અ.ગની (કાવી) રહ." જે ફતાવા સંગ્રહ જામિઅહ જંબુસરથી પ્રગટ કરવામાં આવેલ છે જેના સંપાદનની જવાબદારી હઝરત મોહતમિમ સાહબ (દા.બ.)એ મુઝ નાચીઝને સુપરત કરી હતી. મવલાના (રહ.) તે સફરના રોકાણ દરમિયાન જયાં જયાંથી પણ મુફતી અ. ગની સા. રહ.નો ફત્વો મળતો મુજ નાચીઝને લાવીને આપતા હતા. ફતાવા અ. ગની (રહ.)" માંથી મુફતી સાહેબે લખેલ પ્રસ્તાવનામાંથી એક ફકરો રજુ કરૂ છું.

" આ ફતાવા મને યંગ વહોરા વેલફેરના તંત્રી અને "મુજાહિદ" પાક્ષિકના સંપાદક હઝરત મવ. યાકૂબ સરીગત નદવી સાહેબ (ઝી.મ.) એ ફતાવાની ગેર મુસ્તબ શકલમાં મને અર્પણ કર્યો અને હઝરત મવ. અ.ગની સાહબ (રહ.) ના ઈલ્મી ભંડોળને એક સુંદર રીતે પ્રગટ કરી ગુર્જર મુસ્લિમો સમક્ષ રાખવાની તમન્ના જાહેર ફરમાવી, ત્યાર બાદ તા. ૧–૧૧–૯૬ અને ૧૮ જમા.આખર ૧૪૧૭ના રોજ મળેલ જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુસર ટ્રસ્ટી મંડળની એક મિટીંગમાં પ્રમુખ સ્થાનેથી હઝરત મવ. યાકૂબ કાસિમી સાહેબની રજૂઆત અને ફેસલાના આધારે આ ફતાવાને તરતીબ આપવાનો અને પ્રગટ કરવાનો સર્વાનુમતે ઠરાવ પસાર કરાવમાં આવ્યો."

સારાંશ કે હઝરત મોહતમિમ સા.(દા.બ.)ના તાઝિયતી ઈજલાસના બયાનથી પુરવાર થાય છે કે જામિઅહ – જંબુસર મર્હુમ મવલાના કાસિમી (રહ.) માટે સદકએ જારિયહ છે, તેવી જ રીતે ઉપરોકત ફકરાથી પુરવાર થાય છે કે "ફતાવા અ.ગની (રહ.)" જેવા ૪૩૫ પેજનો ઈલ્મી ભંડોળ પણ આપ મર્હુમ માટે સદકએ જારિઅહ છે.

અલ્લાહ પાક કબૂલ ફરમાવે, મર્હુમના દરજાત બુલંદ ફરમાવે, (આમીન)

### ઈલ્મ અને વાંચનના શોખીન

મવલાના (રહ.)ને હંમેશા કિતાબોના વાંચનનો શોખ લાગેલો રહેતો હતો, કિતાબોથી ખૂબ મહોબ્બત અને ઈલ્મ અને પોતાની જાણમાં તહકીક સાથે વધારો કરવાનો કાબિલે રશ્ક જઝબો હતો. આપની મુલાકાતે જનાર આલિમો જણાવે છે કે જયારે પણ મવલાના (રહ.)ના ઘરે જવાનું થયું અને મવલાના (રહ.) દરવાજો ખોલવા માટે આવ્યા ત્યારે આપના હાથમાં કિતાબ જ હોય.

### ઉલમાએ ઉમ્મત સાથે સંબંધ

મર્હૂમ (રહ.) પોતે મહાન આલિમ અને પ્રખર ફિકહ શાસ્ત્રી હોવા ઉપરાંત એક વિદ્રાન આલિમ હોય, ભારત,પાક. અને બાંગ્લાદેશના મહાન આલિમો સહિત અરબ અને મિસરના ઉલમા, ઈમામો ફિકહ શાસ્ત્રીઓ સાથે સંબંધ ધરાવવાના સાથે સાથે આપ અનેક ઉલમાના મેઝબાન પણ બનતા.

### પ્રખર વકતા તરીકે :

આપ અનેક મજલિસોને, ઉલમાને, અવામને ફિકહી સેમિનારોમાં

પોતાની આગવી શૈલીમાં સંબોધતા, આજથી તેર વરસ પહેલા ગુજરાતના મહાન લેખક અને ચિંતક એવા ગુણવંતશાહ સાહેબની હાજરીમાં ગુજરાતી ભાષામાં આપે વિદ્યાની મહત્તા, માનવસેવા ઉપર ભાષણ આપતા લોકોએ આપના બયાનને તાળીઓના ગળગળાટથી વધાવી લીધુ હતું. જે યુટયુબ પર જોઈ શકો છો.

***વારસદારો***

આપે નરીના ઔલાદમાં પાંચ દિકરાઓ અને એક દિકરી છોડયા, આપની અહલિયા મોહતરમા આપનાથી પહેલા અલ્લાહને પ્યારા થઈ ગયાં હતાં, આપ રહ. પોતાની ઔલાદમાં ઉલમા, હુફ્ફાઝ અને ફિકહના નિષ્ણાંત હોવા ઉપરાંત સમાજ સેવક અને દુખિયારાઓની મદદ કરનાર, સગાંઓ સાથે સિલા રેહમી કરનાર એવા અનેક સિફતો ધરાવતા સાચા નાયબ અને આપના મિશનને ચાલુ રાખનાર ઔલાદ છોડી ગયા છે.

***હઝરત મવ. વિષે આખરી વાત***

છેવટમાં હઝરત મવલાના (રહ.) વિષે એક શાઈરના અશ્આર વર્ણન કરીને લેખ સમાપ્ત કરું છું અને દુઆ ગુજારૂ છું કે અલ્લાહ તઆલા મર્હુમના હસનાતને કબૂલ ફરમાવે, જન્નતમાં ઉચ્ચ સ્થાન અર્પણ કરે, આપણ સૌને મવલાના (રહ.)ની રાહ પર ચાલવાની તૌફીક અતા ફરમાવે, આપ્તજનોને સબ્રેજમીલ અર્પણ ફરમાવે. આમીન.

ખુદા યાદ આયે જિનકો દેખ કર વો નૂર કે પુતલે
નબુવ્વત કે યે વારિષ હૈં યહી હૈં ઝિલ્લે રહમાની
વોહી હૈં જિન કે સોને કો ફઝીલત હૈ ઈબાદત પર
ઈન્હીં કે ઈત્તિકા પર નાઝ કરતી હૈ મુસલમાની
ઈન્હીં કી શાન કો ઝૈબા નબુવ્વત કી વિરાષત હૈ
ઈન્હીં કા કામ હે દીની મરાસિમ કી નિગહબાની

---

# હઝરત મવલાના યાકૂબ કાસમી રહ.

## જીવનને તાજગી આપતી એમની સાદગીની અમુક યાદો

• હઝ.મવ. ઈકબાલ ફલાહી ખાનપૂરી સાહેબ.
જામિઅહ જંબુસર.

---

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ لَهُ الْبَقَاءُ وَكَتَبَ عَلٰى غَيْرِهِ الْفَنَا وَالصَّلٰوةُ وُ السَّلَامُ عَلٰى خَاتَمِ النَّبِيِّيْنَ وَسَيِّدِ الرُّسُلِ الْأَتْقِيَاءِ مُحَمَّدٍ وَالِهِ الْأَتْقِيَاءِ وَصَحْبِهِ الْأَذْكِيَاءِ وَمَا دَامَ تَهْمِى الْعُيُوْنُ بِالْبُكَاءِ وَتَسْكِى الْقُلُوْبُ بِالْعَزَاءِ وَبَعْدُ:

આપણે સૌ જાણીયે છીએ અને અનુભવ પણ કરી રહયા છીએ કે ઈન્સાની ઝિંદગી ખૂશીઓ અને ગમોથી ઘેરાયલી રહે છે, પણ અમુક ગમીઓ તો એવી આવી પડે છે કે મરણનો દિલાસો દેવાવાળાઓ પાસે દિલાસાના શબ્દો પણ હોતા નથી. આવીજ એક બાબત છે કે મર્હૂમ હઝરત મવલાના યાકૂબ કાસ્મી સા. (રહ.)નું આપણને છોડી આખિરતની હમેશા હમેશની ઝિંદગી તરફ ચાલ્યા જવું.

લિખેગા વકત આબે ઝર સે તેરે કારનામોં કો
મુસલમાં હિફઝ કરલે કાશ ઈન ઝર્રી પયામોં કો
કહીં મુદતમેં સાકી ભેજતા હે એૈસા મસ્તાના
બદલ દેતા હે જો બિગડા હુવા દસ્તૂરે મયખાના

લગભગ ૧૯૬૪–૬૫ની વાત છે કે જયારે હું દારૂલ ઉલૂમ ફલાહે દારૈનમા ઝેરે તાલીમ હતો, એ ઝમાનામા તડકેશ્વરમા લાઈટ ના હતી એટલે જુમ્આ મસ્જિદના જનરેટરની લાઈટમાં પઢતા હતા, અને જુમ્આની નમાઝ પણ ત્યાં જ પઢતા હતા, એક જુમ્આના એવું થયું કે એક મવલાનાનું બયાન હતું, તેમણે પોતાનુ બયાન પુરૂ કરતા કરતાં એવું કહયૂં કે જો તમને ખોટું લાગ્યૂં હોય તો ભલે, હું મારા શબ્દો પાછા લેવાનો આદી નથી. પછી જાણવા મળ્યું કે આ તો ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના કાવી ગામના મવલાના યાકૂબ કાસમી છે કે જેઓ યૂ.કે. ખાતે રહે છે, બહૂ મોટા આલિમ છે, એમને ચાલતુ ફરતું કુતુબખાનું પણ કહેવામાં આવે છે.

તો મર્હૂમ રહ.થી તો આ મારી સૌ પ્રથમ ફકત ઝિયારત જ થઈ હતી, મુલાકાતનો તો કોઈને પણ મોકો મળ્યો ના હતો, મર્હૂમ (રહ.)થી મારી ખરી મુલાકાત તો ત્યારે થઈ જયારે કે હું લુણાવાડાને ખૈરઆબાદ કહી જંબુસર ખાતે હઝરત મવલાના મુફતી અહમદ દેવલ્વી સાહેબ (દામત બરકાતુહુમ)ની ખિદમતમાં હાજર થયો, અને તેના અમુક ટાઈમ પછી મર્હૂમ મવ. યાકુબ કાસમી સા.(રહ.)ની આમદ મુબારક થઈ, પટેલ સોસાયટીમા એમનું એક મકાન હતું તેમા આરામ કરી રહયા હતા, મને જાણ થઈ તો હું મુલાકાત માટે હાજર થયો, ઘરમા દાખલ થતી વખતે મેં જોયું કે મરહૂમ (રહ.) સુતાં સુતાં કોઈ રિસાલો વાંચી રહયા છે, અ–લય–ક સ–લય–ક પછી એમણે મારી ઓળખાણ જાણવા માંગી, તો મેં એમને મારાથી વાકિફ કર્યા. અને હસ્તા ચેહરે મેં એમને જણાવ્યું કે અમુક વર્ષો પહેલા તડકેશ્વરની જુમ્આ મસ્જિદમાં આપ મોહતરમનું બયાન મે સાંભળ્યું હતું, જેમાં છેલ્લે વાઅઝ પુરી કરતાં કરતાં આપ મોહતરમે ફરમાવ્યું હતું કે : જો તમને ખોટું લાગ્યું હોય તો ભલે, પણ હું મારા શબ્દો પાછા લેવાનો આદી નથી,મારી આ વાતને સાંભળીને મર્હૂમ મુસ્કુરાવા લાગ્યા.

અમારી આ મજલિસનો આ માહોલ ચાલુ જ હતો એ દરમિયાન જામિઅહ ઉલૂમુલ કુર્આન જંબુંસરના રઈસે મોહતરમ હઝરત મવલાના મુફતી અહમદ દેવલ્વી સાહબ દામત બરકાતુહૂમ આવી પડયા, તેઓ અમારી આ ચાલુ મજલિસમાં થોડી વાર રોકાયા, અને મને ઈશારાથી કહયું કે આ બાજુ આવ, એમ કહીને મને મકાનના રસોડામાં લઈ ગયા અને બતાવ્યું કે જો આ બધું બાંધકામ કમઝોર થઈ ગયું છે અને ઈટો પણ નીકળી રહી છે, એટલે આ બધૂં રીપેરીંગ કરાવી નાખ અને રસોડાનો રૂમ પણ તૈયાર કરી લે.

અમુક લોકોએ અમારી આ વાત સાંભળી લીધી હશે એટલે અંદરો અંદર વાતો કરવા લાગ્યા કે આ મોલ્વીનું કામ નથી, અત્યાર સુધી ભડકોદ્રાના મર્હૂમ હાજી સુલેમાન તીજોરીવાલા સાહેબ (રહ.)આ બધા કામો કરતા હતા, મોટા માણસ છ,અને માલદાર માણસ છે, અને અનુભવી માણસ છે, આ બધી ગુપ સુપ વાતો મેં સાંભળી, પણ હું કંઈ બોલ્યો નહી

કારણ કે હું મુફતી અહમદ દેવલ્વી સાહબને સારી રીતે ઓળખતો હતો તેઓ મારા વડીલ છે,અને તેઓ પણ મને સારી રીતે ઓળખતા હતા, અને એવુંજ થયું કે કામ મનેજ સોંપવામા આવ્યું, મને એ બાબતે ઘણીજ ખૂશી એટલા માટે હતી કે એક બહુ મોટા બુઝુર્ગ અલ્લાહના નેક બંદાની ખિદમત કરવાનો સુનેહરો મોકો મળવો નેક અને સારા નસીબની વાત ગણાય, ખેર બીજા દિવસે જયારે હું ઉપરોકત મકાને એક કામ અર્થે ગયો તો મેં જોયું કે ગઇ કાલે જે લોકો એમતેમની વાતો કરતા હતા, તેમાનો એક માણસ મકાનની બહાર ઉભેલો હતો, મને જોઇને કટાક્ષ કરતા જોરથી બોલ્યો : લો મોટા એખ્જીન્યર આવી ગયા, હું સબર કરી ગયો, અને એ ભાઇએ અમુક ટાઇમ પછી જયારે મારા બધા કામો જોયા તો ઘણો પસ્તાવો પણ કરતા હતા.

"આમદમ બર સરે મતલબ", તો વાત એ ચાલી રહી હતી કે મર્હૂમ સાથેની આ મારી પહેલી મુલાકાત, હમેશાની મુલાકાતનો વાસ્તો અને સબબ બની ગઈ, અને એમા વધારો જ થતો રહયો, એમને જયારે એ વાતની જાણ થઈ કે હું કોમ્પયુટર ઉપર ગુજરાતી, ઉર્દૂ, અંગ્રેજી અને અરબી એમ ચાર ભાષાઓમાં લખી શકુ છું, ઘણા ખુશ થયા અને મને કહેવા લાગ્યા કે તેઓ પોતે પણ એક કિતાબ કોમ્પ્યુટર પર લખીને લાવ્યા છે અને પ્રિન્ટ પણ છે, અને એની ઓરિજનલ ફાઇલ પણ સીડીમાં લાવ્યો છું, હવે એમાં અમુક સુધારા પણ કરવાના છે, અને અમુક પેજ ટાઈપ કરીને એમા ઉમેરો કરવાનો છે. આમ તેઓ પણ મારી સાથે કોમ્પ્યુટર પર બેસ્યા અને અમે બંનેએ થઈને કામ પુરૂ કરી લીધું.

એક વખતે એમણે આમોદ પ્રેસમાં જવાનો પોગ્રામ બનાવ્યો, કારણ કે જંબુસર ખાતે કોઈ ઓફસેટ મશીન ન હતું, મને કહયું કે ચાલ આમોદ જઇને આવીએ, મે પુછયું કે કેવી રીતે જઈશું ? એમણે જવાબ આપ્યો કે તારા સ્કુટર પર, મેં કહયું કે તમોને ફાવશે નહિ, કહેવા લાગ્યા કે ફાવશે. જલ્દી કર. પરિણામે હું સ્કુટર પર બેસ્યો, તેઓ મારી પાછળ બેસ્યા અને અમો આમોદ જવા રવાના થયા, હવાના કારણે ટોપી ઉડવા લાગી તો એકાદ વખતે તો ચાલુ સ્કુટરે વ્યવસ્થિત કરી લીધી પણ મને મુનાસિબ ના લાગતા સ્કુટરને રોડની એક સાઈડે ઉભું કરીને ટોપીને ગજવામા મુકવા લાગ્યો.

મરહૂમ (રહ.)એ પુછયું કે શું કરો છો ? મેં જવાબ આપ્યો કે ટોપી ઉડી જાય છે એટલે ગજવામા મુકી રહયો છું, મર્હૂમ કંઈ બોલ્યા નહીં, જયારે અમે આમોદ નઝદીક પહોચ્યા ત્યારે ફરીવાર સ્કુટર ધીરૂ કર્યુ તો તરત બોલી ઉઠયા કે હવે શું છે ? મેં જવાબ આપ્યો કે આમોદ આવી ગયું છે તો ટોપી પહેરી લઉ, તો ફરમાવ્યું કે જવા દે, જવા દે, મુકતદીએ પણ ઈમામની તકલીદ કરી છે. મે જોયું તો એમની ટોપી પણ એમના ગજવામાં હતી, એમણે ત્યાંથીજ ગજવામા મુકી દીધી હતી, જયાંથી મેં મુકી દીધી હતી.

હવે મને સવાલ કરવાનું મન થાય છે કે શુ તમે કદી એવો માણસ જોયો છે કે જેને અલ્લાહ તઆલાએ દીન અને દુનિયા બંને રીતે ખૂબ નવાજયો હોય, એવો માણસ જે હઝારો માણસોને તેમની પરેશાનીનો ઉકેલ બતાવતો હોય, તેનુ તવાજુઅ, અને ઈન્કિસારી તેમજ સાદગી એટલી હદે હતી કે માણસને એનો અંદાઝ પણ ના થઈ શકે.

અને વળી પોતાના સગાઓમાં મોહતાજો અને ગરીબીની રેખા નીચે જીવતા લોકોની એ હદે લાગણી ધરાવતા હતા કે અનેક માટે માસિક વઝીફો બાંધી દીધો હતો.

અત્યારે હું કઈ એમની ''હયાતે કાસિમી'' લખવા નથી બેઠો, એના માટે તો મર્હૂમ (રહ.)એ પોતે પોતાની આપવીતી લખેલ છે, જેને કોમ્પ્યુટર ઉપર મેં પોતે ટાઈપ કરીને એમને આપી હતી. સો પેજથી વધુની કિતાબ છે. મેં તો મર્હૂમ (રહ.)ના એવા પેહલુઓ ઉપર લાઈટીંગ કરી છે, જેનાથી વાચક બિરાદરો કઈક પ્રાપ્ત કરી શકે.

મરહૂમ (રહ.)નો આ નિત્યક્રમ દરેક સફરમાં કોઈપણ જાતના ફેરફાર વગર બરાબર રહેતો હતો હતો, જાણે કે કારબન કોપી ના હોય, વળી આ બધાની સાથે સાથે આજુબાજુના ગામડાઓમા તકરીરનો પોગ્રામ તો ખરો જ. એમની તકરીરનો અંદાઝ એવો રહેતો હતો કે સામેવાળાના દિલમાં ઉતરી જાય, આ તકે આપની સામે એક દાખલો ટાંકુ છું કે ખાનપુર એમનું બયાન હતું, હું એમની સાથે જ હતો, અમણે નવજવાનોને સંબોધીને કરીને ફરમાવ્યું કે એય જવાનો ! જવાનીની કદર કરો, પોતાની ઝિદગી શરીઅત પ્રમાણે બનાવો, નહીતો ''જવાની'' તો જવાની, જવાની અને જવાની જ છે.

જવાનીને બે અલગ અલગ અર્થમાં લીધી છે. જવાની (એટલે નવજવાની), જવાની (એટલે જતી રહેવાની) એમ જવાનીને બે અર્થમાં લઈને એક મોટીમસ વાતને ઈશારામાં સમજાવી આપી.

એક જગાએ દવાખાનાનું ઉદઘાટન હતું, ત્યાં એમ તો કહી ના સકતા હતા કે આપનું દવાખાનું ખૂબ ચાલે. એટલે મર્હૂમે ફરમાવ્યું કે અલ્લાહ તઆલા આપના દવાખાનાથી લોકોને ખૂબ ફાયદો પહોંચાડે, એ પછી એક નસીહતભરી વાત ફરમાવી કે :

સામે આવે તો બચતું નથી    અંદર જાય તો પચતું નથી

મતલબ એ છે કે ખાવાની વાનગીઓ સામે આવે છે તો માણસ એટલું ખાય છે કે એમાંથી કશુ જ બચતું નથી, અને જયારે એ બધું પેટમા જાય છે તો હઝમ થતું નથી. મતલબ એ છે કે ખાવામા કંટ્રોલ રાખવો જોઈએ. જેથી બીમારીઓ ઓછી આવે.

હવે આટલેથી બસ કરું છું કે અલ્લાહ તઆલા મરહૂમની બાલ બાલ મગફિરત ફરમાવે, કરવટ કરવટ જન્નત નસીબ ફરમાવે, એમના ઘરવાળાઓ, દોસ્તો, સંબંધ વાળાઓને સબ્રે જમીલ અને અજર અતા ફરમાવે. આમીન સુમ્મ આમીન.

اَللّٰهُمَّ اغْفِرْهُ، وارْحَمْهُ، وَ عَافِهٖ، وَاِعْفَ عَنْهُ،وَأَكْرِمْ نُزُلَهُ، وَوَسِّعْ مَدْخَلَهُ وَاغْسِلْهُ بِمَاءٍ وَالثَّلْجِ، وَنَقِّهِ مِنَ الْخَطَايَا كَمَا يُنَقَّى الثَّوْبُ الْأَبْيَضُ مِنَ الدَّنَسِ وَأَبْدِلْهُ دَارًا خَيْرًا مِّنْ دَارِهِ، وَأَهْلًا خَيْرًا مِّنْ أَهْلِهِ وَأَدْخِلْهُ الْجَنَّةَ وَأَعِذْهُ مِنَ النَّارِ وَمِنْ فِتْنَةِ الْقَبَرِ بِرَحْمَتِكَ يَاأَرْحَمَ الرَّاحِمِيْنَ، بِحُرْمَةِ سَيِّدِ الْمُرْسَلِيْنَ وَخَاتَمِ النَّبِيِّيْنَ وَإِمَامِ الْمُتَّقِيْنَ سَيِّدِنَا مُحَمَّدٍ صَفْوَةِ الْبَرِيَّةِ سَيِّدِنَا مُحَمَّدٍ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ وَاٰلِهٖ وَأَصْحَابِهٖ وَأَتْبَاعِهٖ أَجْمَعِيْنَ إِلٰى يَوْمِ الدِّيْنِ۔ سُبْحَانَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ وَسَلَامٌ عَلَى الْمُرْسَلِيْنَ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ۔

---

નકશ દિલ પર કૈસી કૈસી સૂરતોં કા રેહ ગયા
ક્યા બતા સક્તા હું ક્યા જાતા રહા ક્યા રેહ ગયા

# હઝરત મવલાના કાસમી સાહબ રહ...

## યાદો, વાતો અને ગુણો

● *મુફતી અસ્જદ અહમદ દેવલાવી.*
*શૈખુલ હદીસ, જામિઅહ જંબુસર.*

જો થે નૂરી વો ગએ અફલાક પર
મિસ્લે તલછટ રેહ ગયા મેં ખાક પર

હઝરત મવલાના યાકૂબ સાહબ કાસમી (રહ.) ઈલ્મી દુન્યાની એક મહાન વિભુતી હતા, સમાજના દરેક વર્ગ અને તબકામાં સન્માનીય, લોકપ્રિય અને અતિ મકબૂલ હતા, અહલે ઈલ્મથી લઈ સામાન્ય માણસ અને અમીરથી લઈ ગરીબ વ્યકિતના દિલમાં પણ આપની મુહબ્બત, માન–સમ્માન અને આપની મકબૂલિય્યતના ચિન્હો સ્પષ્ટ રીતે જોવા મળતા હતા, બુઝુર્ગોએ લખ્યું છે કે 'માણસની સાચી લોકપ્રિયતા અને અલ્લાહ તઆલાની બારગાહમાં મકબૂલ હોવાની નિશાની છે કે એની મકબૂલિય્યત અલ્લાહ વાળાઓના દિલોમાં જોવા મળે છે તે પછી આમ લોકોના દિલોમાં પ્રસરે છે.'

હઝરત મવલાના યાકૂબ સાહબ (રહ.)ની શાન અને સ્થિતિ પણ કંઈ આવી જ હતી, હઝરતના વતન કાવી(જી.ભરૂચ)ના મકતબના અસાતિઝા, દારૂલ ઉલૂમ અશ્રફિય્યહના અસાતિઝા, માદરે ઈલ્મી દારૂલ ઉલૂમ દેવબંદના અસાતિઝહ –જે તમામ આરિફ બિલ્લાહનો મકામ ધરાવતા હતા– તેઓના દિલોમાં ઈલ્મ હાસિલ કરવાના સમયગાળા દરમિયાન અને પછી પણ હઝરત મવલાના રહ.ની સલાહિય્યત અને સાલિહિય્યતના લઈ માન અને પ્રિયતાનું સ્થાન ધરાવતા હતા, પ્રાથમિક અને ઉચ્ચ દીની તાલીમ પુર્ણ કર્યા બાદ પણ હઝરત રહ.ની મકબૂલિય્યત અને પ્રિયતામાં વધારો થતો જ રહયો, અહિંયા સુધી કે તે વેળાના હિન્દુસ્તાનના ચોટીના ઉલમા હઝરતજી મવલાના યૂસુફ સાહબ સા.કાંધલવી, હઝરત મવલાના મન્ઝૂર

નોઅમાની, હઝરત મવલાના સય્યિદ અબુલ હસન અલી નદવી (રહ.)અને અન્ય બુઝુર્ગોના ત્યાં હઝરત મવલાના પ્રત્યે ઘણું જ માન સન્માન જોવા મળતું હતું અને સામાન્ય લોકોમાં તો હઝરત મવલાનાની લોકપ્રિયતા અને મકબુલિય્યત જગ જાહેર હતી અને છેવટ સુધી આ શાન બાકી રહી, જાણે હઝરત મવલાના રહ. હઝરત રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના પવિત્ર ઈરશાદ "જયારે અલ્લાહ તઆલા કોઈ બંદાથી મુહબ્બત કરે છે, તો હઝરત જિબ્રઈલ અલ. પણ તેનાથી મુહબ્બત કરે છે, પછી હઝરત જિબ્રઈલ અલ. આસમાનવાળાઓને પુકારે છેઃ અલ્લાહ તઆલા ફલાણાં બંદાથી મુહબ્બત ફરમાવે છે, તમે બધા પણ તેનાથી મુહબ્બત કરો, જેની અસરથી સર્વે આસ્માનવાળા તે બંદાથી મુહબ્બત કરે છે, અને પછી તો અલ્લાહ તઆલા તે બંદાની લોકપ્રિયતા જમીનમાં પૈદા કરી આપે છે."ના સાર્થક હતાં.

❑ હઝરત મવલાના રહ.ની વફાત બાદ આમ, ખાસ તથા બુઝુર્ગો, ઉલમા અને સામાન્ય માણસો તરફથી પ્રતિક્રિયાઓ, તાઝીયતી શબ્દો, વખાણપાત્ર કલિમાત સાંભળતા નુબુવ્વત કાળનો એક બનાવ અને આપ સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમની એક બશારત અને ખુશખબરી યાદ આવે છે કે પેગમ્બર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક મજલિસમાં મૌજૂદ હતા અને સામેથી એક જનાઝો પસાર થયો, આપે પુછયું કે આ જનાઝો કોનો છે ? તો હાજરજનોએ અર્ઝ કર્યું કે ફલાણાં કબીલાના ફલાણી વ્યકિતનો જનાઝો છે અને તેઓની ખુબી વર્ણન કરી કે તેઓ અલ્લાહ તઆલા અને તેના રસૂલથી મુહબ્બત ફરમાવતા હતા, અલ્લાહ તઆલાના ફરમાંબરદાર હતા, અને તે માટે પ્રયત્નશીલ રહેતા હતા, આપે જયારે આ વાત તેઓ સંબંધિત સાંભળી તો ફરમાવ્યું : વજબત, વજબત, વજબત, (અર્થાત ત્રણ વેળા ફરમાવ્યું : તેઓ માટે જન્નત વાજિબ થઈ ગઈ) અને સાથે ફરમાવ્યું : હે અબૂ બક્ર! અલ્લાહ તઆલા તરફથી અમૂક ફરિશ્તા નિયુકત છે, જે લોકોના મોઢે મોમીનોની ભલાઈ અથવા બુરાઈ જાહેર કરે છે અન્ય એક હદીસમાં રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે તમે જમીન ઉપર

અલ્લાહ તઆલાના ગવાહ છો. (બુખારી શરીફ) એટલે કે "ઝુબાને ખલક નકારએ ખુદા" હદીસના શરહ કર્તાઓ લખે છે : અહિંયા ભરોસાપાત્ર, દીનદાર અને પરહેજગાર લોકોની ગવાહી મુરાદ છે, જેનાથી માલૂમ થાય છે કે જે વ્યકિત બાબત ધરતીના દીનદાર અને પરહેઝગાર, મુત્તકી લોકો સારા હોવાની ગવાહી પેશ કરે, તેની ખૂબીઓનું વર્ણન કરે, તો આ વર્ણન સંબંધિત વ્યકિતના જન્નતી હોવાની દલીલ છે.

આજ વાત આજે આપણે આપણાં પ્રાણ પ્યારા, મુશ્ફિક અને મુહસિન હઝરત મવલાના યાકૂબ સાહબ કાસમી રહ. વિશે નિહાળી રહયા છે કે વિવિધ દેશોથી, વિવિધ જગ્યાઓ અને મોટી સંખ્યામાં સારી વ્યકિતઓ તરફથી અવિરત પણે તાઅઝીયતી પૈગામો અને શોકસંદેશાઓ પ્રાપ્ત કરી રહયા છે અને આ સિલસિલો લખાણની ઘડીએ પણ ચાલુ જ છે, દરેક વ્યકિતની ઝુબાન પર આપના ગુણગાન છે, આપની દયાનત, અમાનત, સજ્જનતા, હક પરસ્તી, ઉસૂલ પસંદી, દીનદારી, તકવા અને પરહેઝગારીની વાતો કરી રહયા છે.

અલ્લાહ તઆલા અને તેના મહબૂબ પયગંબર સાથે સાચી મોહબ્બતની વાત હતી કે નિયમિત રીતે દરરોજ સવારે ફજર પહેલાં જ કુર્આનનું પઠન કરતા, અને વધુ પડતું જીવન કુર્આનની હિદાયતો ફેલાવવામાં સમર્પિત કરી આપ્યું. હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર નિયમત રીતે મોટી સંખ્યામાં દુરૂદ શરીફ પઢવાની રોજિંદા આદત હતી; આથી ઉમ્મીદ જ નહીં, બલકે યકીન છે કે હુઝૂરની બશારત મુજબ અલ્લાહ તઆલા પોતાના મુખ્લિસ દીનના સેવક અને મકબૂલ બંદાને પોતાની ખાસ રહમતોથી નવાઝશે અને અહિંયાની દુન્યવી જીંદગીના મુકાબલામાં આપ રહ. જયાં પધારી ગયા છે, ત્યાં હજારો ઘણી વધુ રાહતો અને આરામમાં હશે.(ઈન્શા અલ્લાહ)

❑ મારા બુઝુર્ગ વાલિદૈન બન્નેવ આપના શાગિર્દ હતા, હઝરત મવલાના રહ. દારૂલ ઉલૂમ દેવબંદથી ફારિગ થયા પછી અમારા મોસાળ એટલે કે ભડકોદ્રામાં મકતબ પઢાવવા માટે ગયા હતા, તે સમયે મારી

વાલિદહ માજિદહ (મ.ઝિ.) મકતબમાં તાલિમ હાસીલ કરતાં હતાં અને આપનાથી કુર્આને કરીમ નાઝિરહ પઢયું, અને જયારે આપ ડાભેલ પઢાવવા તશરીફ લઈ ગયા, તો તે સમયે મારા વાલિદ સાહેબ (મ.ઝિ.) જામિઅહ ડાભેલમાં તાલિબે ઈલ્મ હતા અને ત્યાં આપ રહ.થી ઉસૂલુશ્શાશી (ફિકહના કાયદાની કિતાબ) આપની પાસે પઢી, આમ આ દુનિયામાં આવતાં પહેલાં જ અમે ભાઈ–બહેનો આપના એહસાન નીચે હતા, અને પછી તો વાલિદ સાહબ (મ.ઝિ.)ને આપ સાથે એવા ગાઢ સંબંધો થઈ ગયા કે અમારૂં અને તેમનું ઘર એક થઈ ગયું, તે અમારા ઘરના એક વ્યકિત અને અમે તેમના ઘરના સદસ્ય જેમ થઈ ગયાં, હઝરત રહ. અથવા આપના ઘરના કોઈ વ્યકિત હિન્દુસ્તાન આવતા અથવા અમારા ઘરમાંથી કોઈ યુ.કે. જતું તો તેઓ અમારા અને અમે તેમના મહેમાન હોતા.

આ રૂહાની અને પારિવારિક સંબંધોને લઈને નાનપણથી જ હઝરત રહ.થી વાકિફીય્યત અને અકીદતનો સંબંધ સ્થાપિત થઈ ગયો હતો અને ઉમરમાં તેમજ સુજબુજમાં વધારો થતાં વિશેષ રીતે જામિઅહમાં દીની ખિદમત માટે નિમણુક થતાં અને હઝરત સાથે અહિંયા ઈન્ડીયામાં પધારમણીના સમયગાળામાં સાથે રહેવાનું સોભાગ્ય મળતા આ સંબંધ વધુ મજબૂત થયા, હજરત મવલાના રહ. બંદા સાથે ખૂબ જ શફકત અને મુહબ્બત ફરમાવતા હતા, જવાબદારીઓ અને કામો વિશે તફસીલ માલૂમ કરી રેહનુમાઈ ફરમાવતા, પ્રેરણા આપતા, ખાસ કરી જયારે નવી કિતાબ પઢાવવાની મળતી તો ખુશી વ્યકત કરતા અને મુબારક બાદી પાઠવતા, તેમજ કિતાબની તદરીસ મુતાલા–વાંચન વિશે કિંમતી માર્ગદર્શન આપતા, મેહનતની ખૂબ તાકીદ કરતા.

❑ એક ખાસ નસીહતઃ આપણા મદ્રસાઓમાં સબક પઢાવવા માટે વાંચન કરી સબકની તૈયારી તો કરવામાં આવે છે પરંતુ તે અર્થે નોટસ તૈયાર કરી અને તે આધારે તલાબાને જરૂરી વાતો લખાવવાનો સામાન્ય રીતે એહતેમામ કરવામાં આવતો નથી, ઉસ્તાદ યાદ શકિતની મદદથી તકરીર કરે છે અને પઢાવે છે, આજ રીત પેહલાંથી પ્રચલિત છે, પરંતુ જો

પોતાનીથી સંબંધિત સબકોને વિશેષ રૂપે હદીસના સબકને ઉસ્તાદ જરૂરી નોટસ બનાવી સાથે રાખી પઢાવે તો તે સબકની વિગતો વધુ ઉમદાશૈલીમાં તલબાની સમક્ષ પેશ કરી શકે, કોલેજો, યુનિવર્સીટીઓ, સ્કુલોમાં આ બાબતનો પ્રબંધ કરવામાં આવે છે, હઝરત મવલાના રહ. મુજ નાચિજને સબકની તૈયારી રૂપે પોઈન્ટસ લખી નોટસ બનાવી પઢાવવાની ઘણી જ તાકીદ ફરમાવતા, અને સમજૂતી આપતા કે તેના લઈ સબક પઢાવવામાં સરળતા રહે છે અને ફરી જયારે તે સબક પઢાવવાનું થાય તો પઢાવવામાં અને તેની તૈયારીમાં પણ સહૂલત રહે છે, અને સાથે જ નવા વાંચનનો મોકો મળે છે.

❑ હઝરત મવલાનાએ (રહ.) સાફ અને પવિત્ર જીવન પસાર કર્યું, જેમ આપનો લિબાસ ચોખ્ખો, સાફ, દાગ અને ધબ્બાઓથી પાક અને સફેદ રહેતો હતો, તેવી જ રીતે આપનું બાતિન – આત્મા પણ આઈનાની માફક રોશન અને પવિત્ર હતું, ઈબાદત, મુઆમલાત, મુઆશરત, અખ્લાક અને અન્ય બાબતોમાં પણ સુન્નત અને દીનને પેશે નઝર રાખતા હતા, તેના વિરૂધ્ધ કોઈ વાત નજર આવતી, તો તે ઉપર નારાજગી જાહેર ફરમાવતા અને તેની ઈસ્લાહની ફિકર ફરમાવતા.

❑ આપની મોટી ખૂબી તકવા અને પરહેઝગારીની હતી, બંદાને હઝરત રહ.ને ઘણી જ નિકટથી વારંવાર જોવાનો મોકો મળતો રહયો, હઝરત પોતાની જાતને ગુનાહોથી બચાવવાની પુરી કોશિશ ફરમાવતા, હમેંશા નજરો નીચી રાખી ચાલતા, જરૂરતના સમયે નજર ઉપર ઉઠાવતા, સફર અને હજર બન્ને હાલતોમાં વધુ પડતી કોઈ કિતાબ, દીની મેગેઝીન હાથમાં જોવા મળતા, ઝુબાનની હિફાજત ફરમાવતા, બદ ઝુબાની અને અસંસ્કારી વાતો આપની ઝુબાનથી નીકળવું જાણે સંભવ જ ન હતું, હિસાબ–કિતાબ બાબતે ખુબ જ તકેદારી રાખતા, સ્વંય હિસાબ લખતા અથવા પોતાના અંગત માણસ થકી હિસાબ લખવાનો એહતેમામ ફરમાવતા, બલકે હઝરત મવલાનાનો ખાસ અમલ હતો કે કોઈ તેઓની જરૂરતની વસ્તુ તેઓની ઈચ્છા ઉપર પોતાની સઆદત સમજી બક્ષિસરૂપે પેશ કરતું, તો મવલાના

ખુશી વ્યકત કરી, શુક્રિયા અદા કરતા પરંતુ સાથે જ તેની કિંમતથી પણ વધુ રકમ પેશ કરી આપતા, મારી નજર સમક્ષોનો કિસ્સો છે કે એક વ્યકિતએ હઝરત રહ.ની જરૂરતના લઈ એક નાનકડી ઘણી ઉમદા પ્રકારની ટેપ રેકોર્ડર પેશ કરી તો પાછળથી યાદ રાખીને તેની કિમતથી પણ અધિક રકમ પહોંચાડી આપી, જયારે આ રીતના નેકીના અમલમાં હઝરત મવલાના રહ.નો આટલો બધો બદલો અદા કરવાનો પ્રબંધ હોય તો અંદાજો લગાડી શકાય છે કે હકના મુઆમલામાં અદાયગીમાં કેટલી સાવચેતી વર્તતા હશે, તે વિચારવું રહયું.

❑ હઝરત મવલાના રહ. હમેંશા વુઝૂ સાથે રહેતા હતા, એક વેળાએ સફરમાં અરજ કરી કે હઝરત વુઝૂ કરી લ્યો, તો હઝરત રહ.એ ફરમાવ્યું અલ્લાહનો શુક્ર છે કે હું જામિઅહથી પાક સાફ થઈ અને વુઝૂ સાથે નિકળું છું, અને પરત ફરતા સુધી વુઝૂ સાથે જ રહું છું, અને આ પવિત્ર અમલ મને મારા બુઝુર્ગ ઉસ્તાઝ હઝરત મવલાના અહમદ રજા અજમેરી રહ.થી શીખવાનો મળ્યો છે  કે ઘરેથી પરત ફરતા સુધી વુઝૂની હિફાજત ફરમાવતા હતાં.

❑ આપ મુહતરમની એક વિશેષતા 'સિલા રહમી''ની પણ હતી, જયારે હિન્દુસ્તાન પધારતા અને અમારા મહેમાન બનતા, તે વેળાએ હઝરતની સેવામાં સાથે રહેતા નિહાળ્યું કે આપ દરેક વેળાએ પોતાના નઝદીક અને દૂરના પ્રત્યેક નાના મોટા રિશ્તેદારની મુલાકાત લેતા, તેઓના દુઃખ–દર્દમાં શરીક થતા, પછી તેઓનું વર્તન હઝરત મવલાના રહ. સાથે કોઈ પણ રીતનું હોય, બલકે કેટલીક વેળાએતો એવી સ્થિતિ ઉભી થતી કે હઝરત મવલાના રહ. તેઓની જરૂરતને અનુલક્ષીને તેનો બંદોબસ્ત ફરમાવતા અને સંબંધિત રિશ્તિદાર વ્યકિત તરફથી દરખ્વાસ્ત કરવામાં આવતી કે અમોને આ મંજૂર નથી, તો હઝરત મવલાના રહ. ખોટું ન લગાડતા, બલકે તેઓની મરજી મુજબની જરૂરતની ચીઝ વસ્તુઓનો પ્રબંધ ફરમાવતા, આ વિશે હઝરતનો જે અમલ હતો તે જોતા એવું કહી શકાય આપનામાં ''સિલારહમી''નો ગુણ પોતાના સાચા અર્થમાં જોવા મળતો હતો.

❑ આપ મોહતરમની જીવનશૈલી પોતાની રફીકે હયાત સાથે જે સમાજમાં આપણે રહીએ છીએ તેનાથી બિલ્કુલ વિભિન્ન હતી, આપણા સમાજ અને ઈલાકામા બિવી માટે માન વાચક શબ્દનો ઉપયોગ લેશ માત્ર જોવા મળતો નથી, તું તડાક નું સંબોધન હોય છે, પરંતુ હઝરત મવલાના રહ.ને જોયા કે તેઓ પોતાની અહલિયા (જેમને અમારૂ આખુ ઘર ઝયનબ માસી નામથી બોલાવતું હતું)ને હમેંશા તમો, તમારે, હજિયાણીના સન્માનિય શબ્દોથી બોલાવતા હતા, અને તેઓની દરેક નાની મોટી બાબતનો ખુબ જ ચીવટ પુર્વક ખયાલ ફરમાવતા હતા, અહિંયાના સફર વેળાએ અમારા ઘરેના રોકાણ અને આમ–તેમના સફર દરમિયાન તેઓ પર નારાઝ અને ગુસ્સે થવાની વાત જ ન હતી, આ રીતે જોવા જઈએ હઝરત મવલાના રહ. હુઝૂર સલ્લલ્લાહુ અલયહી વ સલ્લમના ફરમાન 'ખયરૂકુમ ખયરૂકુમ લિઅહલીહી'નું અમલી સ્વરૂપ હતા, અને એક શ્રેષ્ઠ ઈન્સાન હતા

❑ આપની વિશેષતાઓમાંથી એક જેનો અનુભવ હઝરત રહ.ની જોડે રહેવાના લઈ થયો તે વિરોધીઓ અને મુખાલિફીનના વિરોધ અને ઈખ્તિલાફને તેની હદ સુધી જ મર્યાદિત રાખવાનો હતો, ચાહે વિરોધ મસ્અલા– મસાઈલની બાબતે હોય અથવા અન્ય કોઈ બાબતે હોય, બંદાએ આ વાત વારંવાર નિહાળી કે એમના વિરોધી કોઈ માણસનો ઉલ્લેખ મજલિસમાં કદી આવી જતો તો હઝરત મવલાના રહ. આવા નારાજ લોકોને પણ માન સન્માનથી યાદ કરતા, પણ કદી તેઓ વિશે તૃચ્છ અથવા બજારી શબ્દો ન વાપરતા, બલકે એક વેળા હું હઝરત સાથે સફરમાં ટંકારિયા મુકામે હતો, ત્યાં બપોરના સમયે કોઈએ હઝરત રહ.સમક્ષ એક સાહબના ઈન્ડિયામાં પધારવાનું વર્ણન કર્યુ, જેઓ સાથે જૂનો સંબંધ હતો, પરંતુ તે વેળાએ સંબંધોમાં તિરાડ પડી ચુકી હતી, હઝરત મવલાના રહ. મને કહયું કે તેઓનો ફોન નંબર પ્રાપ્ત કર, મારે વાત કરવી છે, બિમાર પુર્સી કરી લઈએ, હઝરત મવલાનાએ કાયદેસરથી ફોન કરી, ખૈર ખેરિયત માલુમ કરી, તે સમયે ઈખ્તિલાફની સ્થિતિથી ઘણી જ વણસી ગયેલી હતી અને ઈખ્તિલાફ સખત હતો, તેમ છતાં હઝરત મવલાનાએ પોતે જે વિશાળતા દર્શાવી, આ

વાત આપણને ઘણું બધુ શિખવાડી જાય છે.

❑ હઝરત મવલાના તવાઝુઅ અને વિનમ્રતાના પ્રતિક હતા, હઝરત મવલાના રહ. જયારે હિન્દુસ્તાન તશરીફ લાવતા અને મદ્દસામાં રોકાણ કરતા, તે વેળાએ જે કોઈ નાનું મોટું મુલાકાત માટે આવતું, તો ખુબ જ ખુશ થતા, મુલાકાત આપતા પોતે અમારા ઘરે લઈને આવતા, તેની આગતા – સ્વાગતા કરતા,અને ખુબ સન્માનથી મળતા, દરરોજ ત્રણ સમયે ઘરે ખાવા માટે તશ્રરીફ લાવતા, જમીન પર બેસી ખાવા ખાતા, ખાવામાં પણ એકદમ સાદગી, કોઈ પણ પ્રકારનો તકલ્લુફ જોવા ન મળતો હતો, ખાવા વિશે કોઈ પણ દિવસ કોઈ વસ્તુની માંગણી મુકી હોય અથવા ખાવા વિશે નુકતાચીની કરી હોય, એવું યાદ નથી, ખાવાનો સમય થતાં વાલિદ સાહબ અથવા હું પોતે હાજર રહેતો, તો આપ સાથે પધારતા, અથવા પોતે જ એકલા પગપાળા ઘરે તશ્રરીફ લાવતા અને ખાવા માંગી જમી લેતા.

❑ કહી શકાય કે આપનું જીવન અલ્લામાં ઈકબાલ(રહ.)ની નીચે લખેલ પંકતિઓથી સુશોભિત હતું, જાણે આપ જ તેનું અને સાચું અને સાક્ષાત ઉદાહરણ હતાઃ

ખાકી વ નૂરી–નિહાદ, બંદાએ મોલા સિફાત
હરદો જહાંસે ગની ઉસ્કા દિલે બેનિયાઝ
ઉસ્કી ઉમ્મીદેં કલીલ, ઉસ્કે મકાસિદ જલીલ
ઉસ્કી નિગાહ સર બુલંદ, ઉસ્કી સખુન દિલ નવાઝ
નરમ દમે ગુફતગુ, ગરમ દમે જુસ્તજૂ
રઝમ હો યા બઝમ, પાક દિલો પાક બાઝ

❑ જામિઅહ સાથેબેમિસાલ લગાવઃ જામિઅહ જંબૂસરના ઈલ્મી બાગને સિંચવામાં અને નાનકડા ઈલ્મી છોડને ફળદાયક વટવૃક્ષ બનાવવામાં હઝરત (રહ.)નો સિંહફાળો રહયો છે, જે બુઝુર્ગોની પ્રેરણા અને મશ્વેરાથી જામિઅહની સ્થાપના અમલમાં આવી, તેમાં ઈંગ્લેન્ડમાં રહેતા બે બુઝુર્ગો (હઝરત મવલાના યાકૂબ સાહબ કાસ્મી રહ. અને હઝરત મવલાના યાકૂબ શૈખ રહ.) છે અને તેને ઉભૂ કરવા, મજબૂત કરવા માટે ત્યાંના લોકોને

મળી, તેની જરૂરત અને મહવત્તા સમજાવી લોકોનું ધ્યાન જામિઅહ તરફ દોર્યું, સ્થાપનાના સમયથી આખરી બિમારીમાં સપડાતા સુધી હમેંશા જામિઅહની દરેક પ્રકારની તરકકી માટે ફિકરમંદ અને પ્રયત્નશીલ રહયા, યુ.કે.થી આવનાર લોકોને જામિઅહની મુલાકાત લેવાની તાકીદ કરતા અને અહિંયાથી પાછા ગયા પછી તેમનાથી જામિઅહના અહવાલ પુછતા. થોડાક – થોડાક દિવસે વાલિદ સાહબ(મ.ઝિ.)ને ફોન કરી જામિઅહની ગતિવિધીઓ અને કામો વિશે પુછતા રહેતા અને વાલિદ સાહબ પણ સલાહ મશ્વેરા માટે અવાર નવાર ફોન કરતા રહેતા, જામિઅહના અસાતિઝહને ઈસ્લામીક રિસર્ચ સેન્ટર થકી દીનની ઈશાઅતના સંબંધે બોલાવતા હતા અને તેઓના રહેવા, ખાવા–પીવા અને ત્યાંની થીજાવી દેતી ઠંડીથી બચવા ઓઢવા – પહેરવાના ગરમ કપડા સુદ્ધાંની વ્યવસ્થા કરતા, જામિઅહથી દૂર રહીને પણ જામિઅહના દરેક પ્રકારના પોગ્રામમાં શરીક રહેતા, વાર્ષિક ઈજલાસ, તકમીલે હિફજની મજલિસ અથવા વિવિધ અંજુમનોના પ્રોગામોમાં તલબાની હિમ્મત વધારવા અને પ્રોત્સાહિત કરવા ઈનામોની વહેંચણી ફરમાવતા, આમ કહી શકાય છે કે આપનું શરીર ભલે યુ.કે.માં હતું પરંતુ દિલ–રૂહ જામિઅહમાં રહેતી હતી, આજે તેઓની જુદાઈ અને આપની ફિક્રો અને કુરબાનીઓ આપણને કહી જાય છેઃ

કલિયોંકો મેં સીનેકા લહૂ દે કે ચલા હું
સદિયોં મુજે ગુલ્શનકી ફઝા યાદ કરેગી

હઝરત રહ.ની પવિત્ર જિંદગીની આ એક પાંખી ઝલક છે, વાસ્તવિકતા આ છે કે હઝરત મવલાના રહ.ની સર્વે જિંદગી અને તેમની ખુબીઓને લખાણમાં ઉતારવું મારા માટે તો મુશ્કેલ છે, બસ આટલું જ :

વરત તમામ હુવા ઓર મદહ બાકી હે
સફીના ચાહયે ઈસ બહરે બેકરાં કે લીએ

અલ્લાહ તઆલા હઝરત રહ.ના વુઝૂદની રહમતો અને બરકતો આપણાં બધા માટે બાકી રાખે, અને ફિત્નાઓથી હિફાઝત ફરમાવે.

أللهم لا تحرمنا أجره ولا تفتننا بعده

# મવ. યાકુબ મુન્શી કાસમી (રહ.)

• ડો. મુહમ્મદ અકરમ નદવી સા.
ઓક્સફોર્ડ યુનિ. યુ.કે.

تو هم بينی اگر آں روئے نيکو
شوی مانند من ديوانه او

'તું જો એ નેક ચેહરાને ફકત એકવાર જોઈ લેત તો મારી જેમ તું પણ મારી જેમ એમનો દીવાનો બની જાત.'

આજરોજ તા. ૧૯ મુહર્રમ ૧૪૪૪ હિજરી અસરના સમયે ઈંગ્લેન્ડના પ્રખર આલિમે દીન અને ફકીહ મૌલાના યાકુબ સાહેબ મુન્શી કાવી કાસમી (રહ.)ની વફાતની દુઃખદ ખબર મળી. ખબર સાંભળી ખુબ જ આઘાત લાગ્યો, અને આખા દેશમાં માતમ છવાય ગયું. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન.

બ્રિટનમાં જે ઉલમાએ કિરામે મુસલમાનોની ફિકહી અને દાવતી રેહનુમાઈમાં હિસ્સો લીધો છે તેમાં આપનું નામ સૌથી મોખરે છે. અને અહીંયાની ઈલ્મી અને અમલી જિંદગીમાં આપનો અનોખો પ્રભાવ છે. આપ (રહ.)નો જન્મ ૧૪ મુહર્રમ ૧૩૫૦ હિ. અંગ્રેજી તા. ૧ જુન ૧૯૩૧ ના રોજ કાવી (તા.જંબુસર) ગામમાં થયો. ગામમાં પ્રારંભિક તાલીમ મેળવ્યા પછી આપે રહ.એ રાંદેર, ગુજરાતના એક મોટા મદ્રસા 'જામિઅહ અશ્રફિય્યહ અરબિય્યહ રાંદેર''માં દાખલો લીધો, જયાં અરબી ભાષા અને શરઈ ઉલૂમની તાલીમ મેળવી, ત્યાં પછી આગળ તાલીમ માટે દેવબંદ ગયા, ત્યાંથી ૧૩૭૨ હિજરનામાં ફરાગત મેળવી.

આપ (રહ.)એ શેખુલ ઈસ્લામ મૌલાના હુસૈન અહમદ મદની (રહ.) પાસે સહીહ બુખારી અને સુનને તિરમિઝી પઢી. તથા અલ્લામાં બલ્યાવી (રહ.) પાસે સહીહ મુસ્લિમ. મૌલાના એઝાઝ અલી અમરોહીથી સુનને અબૂ દાવૂદ, મૌલાના ફખ્રુલ હસન સા.પાસેથી સુનને નસાઈ અને મૌલાના ઝહૂર અહમદ દેવબંદી રહ. પાસે સુનને ઈબ્ને માજહ પઢવાનું બહુમાન

મેળવ્યું.

ફારિગ થયા પછી અમુક દિવસો ગુજરાતમાં દીની ખિદમત આપી અને ત્યાર પછી હિ.સ.૧૩૮૫ – ઈ.સ. ૧૯૬૬ના ઈંગ્લેન્ડ પ્રતિ સ્થળાંતર કર્યું અને મૃત્યુ સુધી ઈંગ્લેન્ડના શહેર ડયુઝબરીમાં સ્થાયી થયા. ત્યાં હિ.સ. ૧૪૦૯ માં 'મજલિસે તહકીકાતે શરઈય્યહ બરતાનિયા'ની સ્થાપના કરી. આપ (રહ.) ભારતની ફિકહ એકેડમીના પણ સભ્ય હતા અને ફિકહી દ્રષ્ટિમાં કાઝી મુજાહિદુલ ઈસ્લામ સાહબ (રહ.)થી ખુબ નજીક હતા.

નમાજનો સમય અને ચંદ્રદર્શન વગેરેના મસાઈલથી વિશેષ લગાવ હતો. • ઈસ્લામી માહ ઔર રુયતે હિલાલ શરીઅત વ ઈલ્મે ફલક કી રોશનીમેં, • બરતાનિયા મેં સુબ્હે સાદિક કા વકત, • બરતાનિયહમેં અવકાતે નમાઝ કે મુશાહદહ પર એક નઝર, • અવકાતે સવમો સલાત, એમાં ઈંગ્લેન્ડના ૨૧ શહેરોના વર્ષભરનું નમાઝનું સમયપત્રક કોમ્પ્યુટરની મદદથી તૈયાર કરવામાં આવ્યું છે. • ઈસ્લામી નિકાહ વ તલાક, • બરતાનિયહ વ આ'લા ઉરૂજુલ બિલાદ પર સુબ્હે સાદિક વ શકફ કી તહકીક, • ઈસાલે ષવાબ કે લિયે ઈજતિમાઈ ખત્મે કુર્આન વ યાસીન શરીફ કી શરઈ હેષીયત. વગેરે જેવી કીમતી કિતાબો આપ (રહ.) ના લેખનો છે.

અધ્યયન, અભ્યાસ અને લેખન ઉપરાંત દાવતો તબ્લીગના કામમાં પણ સક્રિય હતા. ઈંગ્લેન્ડ અને યુરોપમાં તબ્લીગી કામને ફેલાવવા અને મજબૂત કરવા માટે આપના પ્રયાસો કદરપાત્ર છે. તબ્લીગી કામ કરનારાઓની અતિશયોકતિ અને ખામીઓ ઉપર વારંવાર ટકોર પણ ફરમાવતા.

મારા મિત્ર અને હમદર્દ જયપુરના પ્રતિષ્ઠિત આલિમ મૌલાના મુફતી ઝાકિર સા. (મુ. ઝિ.) કહે છે કે મને હઝરત મર્હૂમે જયપુર ખાતે ફિકહ એકેડમીના સેમિનારમાં બતાવ્યું હતું કે મને હઝરત ફકીહુલ ઉમ્મત મુફતી મહમૂદ હસન ગંગોહી (રહ.)થી સુલૂક અને તસવ્વુફમાં બયઅતની

ઈજાઝત હતી. હાલાંકે મુફતી સાહેબ રહ.ના ખુલફાની યાદીમાં એમનું નામ નથી, પરંતુ અમુક વખતે આકાબિરે માત્ર મૌખિક ઈજાઝત આપતા હોય છે, એટલે યાદીમાં નામ રહી ગયું હશે.

હઝરત મૌલાના સય્યિદ અબૂલ હસન અલી નદવી (રહ.) સાથે વિશેષ સંબંધ હતો. મારી કિતાબ 'અરમુગાને ફિરંગ'માં હઝરત મૌલાના અલી મીયાં રહ. દ્વારા આપ (રહ.)ના નામે લખવામાં આવેલ પાંચ પત્રો શામેલ છે. મુફક્કિરે ઈસ્લામ હઝરત મૌલાના સય્યિદ અબૂલ હસન અલી નદવી (રહ.) જયારે પણ ઓકસફોર્ડ પધારતા તો મૌલાના મર્હૂમ આપની મુલાકાત અર્થે હાજર થતા, આપનાથી ફાયદો ઉઠાવતા અને પોતાના કાર્યોમાં માર્ગદર્શન મેળવતા. હઝરત મૌલાના આપની ઈજ્જત કરતા અને આપની તરફ વિશેષ ધ્યાન આપતા.

આપ (રહ.)એ હઝરત મૌલાનાની કિતાબોનો સારી રીતે અભ્યાસ કર્યો હતો અને મૌલાના સાથે આપને વૈચારિક સુસંગતતા હતી. આ પુરાના સંબંધનો પ્રભાવ એ પડયો કે દરેક કામમાં મધ્યમ માર્ગ અપનાવતા, સમયના તકાદાઓથી બાખબર રહેતા હતા. સંકુચિતતાથી દૂર રહીને સમાજની સમસ્યાઓ ઉકેલવામાં સરળતા અને નરમીને પ્રધાન્ય આપતા હતા. દંભ, દેખાવ, જૂથવાદથી દૂર રહેતા હતા. સામાન્ય માણસો પ્રત્યે સાથે સહાનુભૂતિ ધરાવતા હતા. તેમની સાથે સદવર્તન કરી નરમીભર્યુ વર્તન કરતા. કોઈ પણ જાતના ભેદભાવ વિના લોકોની જરૂરતો પૂર્ણ કરતા.

ન ચીની વ અરબી ન રૂમી વ શામી
સમા સકા ન આલમ મેં મર્દે આફાકી

ઈ.સ. ૧૯૯૧થી મૌલાના મર્હુમ સાથે મારો સંબંધ હતો. ઓકસફોર્ડ અને લંડન ખાતે મારી એમની સાથે મુલાકાત થતી રહેતી હતી. વારંવાર ડયુઝબરી આપના ઘરે પણ જવાનું થયું, અમુક વખતે સહપરિવાર અને વધુ પડતું ઉલમા અને તલબા સાથે જતો હતો. આપનાથી હદીસની અનેક કિતાબો સાંભળવાનો મોકો મળ્યો. ફોન પર વાતચીત થતી રહેતી હતી,

મારો ખુબ જ ખ્યાલ રાખતા હતા મને અને મારા બચ્ચાઓને કેટલીય વખતે આમ ઈજાઝત આપી.

ઉલમા અને ફુકહાની એક મોટી સંખ્યા ફઝલો કમાલ છતાં અનેક એવી ખામીઓને અપનાવી રાખી છે જે મુસ્લિમોની એકતા અને ઉમ્મતની એકતા માટે હાનિકારક છે. ખાસ કરીને સંકુચિત માનસિકતા, ફિરકા પરસ્તી વગેરે એવી એબો છે જેમણે ઉલમાના ફાયદાને મર્યાદિત કરી દીધો છે. બલકે તેમની આવી હરકતોથી મિલ્લત અને સમાજને ઘણું મોટું નુકસાન થયું છે અને થઈ રહયું છે. અમુક એવા લોકો પણ છે કે એમના કારણે ફિકહ અને ફત્વાનો શબ્દ જ બદનામ થઈ ગયો છે, અને એમના લીધે સામાન્ય પઢેલા – ભણેલા લોકોને ઉલમા પ્રત્યે એક પ્રકારનો અગણમો અને નારાજગી છે.

બુલંદ હો તો ખુલે તુઝ પર રાઝ હસ્તી કા
બેડે બડોં કે કદમ ડગમગાએ હૈં કયા કિયા

પરંતુ હઝરત મૌલાના મર્હૂમ આવી બધી ખામીઓ સાફ હતા. ફકીહો અને મુફતીઓ પર જે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા તેમાંથી એક પણ પ્રશ્ન કે ટીકા આપ રહ. ઉપર બંધબેસતી નથી. આપ (રહ.) ઈલ્મો ફિકહની સાથે વિનમ્ર હતા, બધાની સાથે નરમી અને પ્રેમથી મળતા, નાનાઓની પણ ઈજ્જત કરતા, તેમજ હૃદય અને દ્રષ્ટિની બધી બારીઓ ખુલ્લી રાખતા.

હસદ સે દિલ અગર અફસુર્દહ હૈ ગર્મે તમાશા હો
કે ચશ્મે તંગ શાયદ અકષર નઝારહ સે વા હો

આપની વફાતથી ઈંગ્લેન્ડની ફિકહી જિંદગીમાં એક મોટી ખોટ પડી છે, અલ્લાહ તઆલા આપના દરજ્જા બુલંદ કરે, અને જન્નતુલ ફિરદૌસમાં જગ્યા અર્પણ કરે. (આમીન)

---

# હઝ.મૌલાના યાકુબ સાહેબ કાસમી (રહ.) ની વસમી વિદાય નિમિત્તે

## *મારા હૃદયસ્પર્શી અભિપ્રાયો*

● મવ. અબ્બાસ બાબર સા. દેવલ્વી.
*મુદર્રિસ જામિઅહ જંબુસર.*

નહ્‌મદુહૂ વ નુસલ્લિ અલા રસૂલિહિલ કરીમ !

વાંચક મિત્રો ! જગતના સર્જન દિવસથી જ તેનો એક ક્રમ રહયો છે કે અલ્લાહ તઆલાને છોડીને સર્વ સૃષ્ટિનો વિનાશ નિશ્ચિત છે. કોઈ પણ વસ્તુ સદા રહેવાની નથી, જે પણ દુનિયામાં આવે છે તેનું એક દિવસે અહીંથી જવું નિશ્ચિત છે. શાયરે ખૂબ સાચુ અને સરસ કહયું છે :

મોત સે કિસ કો રુસ્તગારી હે ? આજ વો, કલ હમારી બારી હે

પરંતુ વાસ્તવિકતા છે કે અમુક વિદાય લેનારાઓ એવા હોય છે જેમની વિદાય પછી તેમના સ્મરણો, યાદો અને તેમની ચર્ચાઓ લાંબા સમય અને દૂર દૂર સુધી થતી રહે છે. એવી જ ભલી હસ્તીઓમાંથી હઝરત મૌલાના યાકુબ ઈસ્માઈલ મુન્શી કાવી (યુ.કે) (રહ.) ની પવિત્ર હસ્તી પણ હતી.

જુમેરાતની રાત્રે ઘોર નીંદ્રામાં હતો એવામાં ડયુઝબરીથી ૧૧ : ૪૦ વાગ્યે મારા જુના મિત્ર અને હમદર્દ હાજી શબ્બીર ટેલરનો અચાનક ફોન આવ્યો. મેં ફોન ઉઠાવ્યો, તેમણે દર્દનાક અને દુઃખદ સમાચાર સંભળાવ્યા કે હઝરત મૌલાના યાકુબ સાહેબ અલ્લાહને પ્યારા થઈ ગયા છે !! હઝરત મૌલાના (રહ.) જો કે લાંબા સમયથી બિમાર હોય આ ખબર મારા માટે અણધારી ન હતી પરંતુ અતિ દુઃખદ અને પીડાદાયક અવશ્ય હતી. મેં ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઊન પઢયું અને હાથ ઉઠાવીને તોફીક મુજબ દુઆનો એહતિમામ કર્યો.

### *હઝરત મૌલાના (રહ.) સાથે પહેલી મુલાકાત*

જામિઅહ જંબુસરની સ્થાપનાના પ્રારંભિક વર્ષોથી જ અલ્હમ્દુલિલ્લાહ હું જામિઅહમાં મુદર્રિસ તરીકે સેવા બજાવી રહયો છું.

તે સમયે જામિઅહના સ્થાપક અને મોહતમિમ હઝરત મૌલાના મુફતી અહમદ સાહેબ દેવલ્વી (મુ.ઝિ.) દારૂલ ઉલૂમ ઈસ્લામિય્યહ અરબિય્યહ માટલીવાલા – ભરૂચ ખાતે ઉસ્તાદે હદીસ તથા મુફતી તરીકે સેવા બજાવી રહયા હતા. માટે તેઓ ત્યાં જ રહેતા હતા, જેથી અમારું હઝરત મોહતમિમ સાહેબના ઘરે જામિઅહના કામકાજ અર્થે આવવા – જવાનું થતું રહેતું હતું. ઈ.સ. ૧૯૯૦ માં એક દિવસ હું મદ્રસાના કામથી હઝરત મોહતમિમ સાહેબ (દા.બ.) ના ઘરે ગયો તો ત્યાં મેં સફેદ દાઢી અને રોબદાર ચમકતા ચેહરાવાળા એક બુઝુર્ગને જોયા, જેમને મેં પેહલાં કયારેય જોયા ન હતા ! અને ન તો હું એ વડીલને ઓળખતો હતો. મુલાકાત થઈ અને હઝરત મોહતમિમ સાહેબ (દા.બ.) એ એકમેકની ઓળખાણ કરાવી ત્યારે મને ખબર પડી કે આ છે મૌલાના યાકુબ સાહેબ કાસમી ! જેઓ જામિઅહના સ્થાપક ટ્રસ્ટી મંડળમાંથી છે.

### હઝ.મૌલાના (રહ.) સાથે ગાઢ સબંધ અને આપની મહેરબાનીઓ – ઉપકારો

ઈ.સ. ૧૯૯૪થી લઈ આજ સુધી દર વર્ષે રમઝાનુલ મુબારકમાં મારો બયાન અને તકરીરના સિલસિલામાં યુ.કે ખાતે દા'વતી સફર થાય છે, જેનો આરંભ જામિહઅના સ્થાપક હઝરત મૌલાના મુફતી અહમદ સાહેબ દેવલા અને જામિઅહના બે સ્થાપક ટ્રસ્ટીઓ હઝરત મૌલાના યાકુબ સાહેબ શેખ (રહ.) અને હઝરત મૌલાના યાકુબ કાસમી સાહેબ (ન.મ.)ના સલાહ મશ્વેરાથી થયો હતો.

આ સફરના મુખ્ય પ્રેરકો જો કે આ ત્રણેવ બુઝુર્ગો હતા, એટલે મારા યુ.કે ના સફરના મેઝબાન અને દાઈ પણ હઝરત મૌલાના મૌસૂફ (રહ.) અને મૌલાના યાકુબ શેખ (રહ.) તથા તેમના પરિવારજનો જ રહેતા. આ લોકો જ રહેવા, જમવા થતા સફર વગેરેની સંપૂર્ણ વ્યવસ્થા કરતા હતા. ઘણા દિવસો સુધી મારુ રોકાણ આ બંને બુઝુર્ગોના ઘરે જ થતું હતું. આ બુઝુર્ગો મારા રહેવા, ખાવા, સુવા અને નજીક અને દૂરના સફરનો ખૂબ જ ખ્યાલ રાખતા હતા. અહીં સુધી કે બરફ અને ઠંડીની મોસમમાં સ્વાસ્થ્ય ન બગડે એ માટે ગરમ કપડા વગેરે સુધીની વ્યવસ્થા પણ તેઓ અગાઉથી

કરી રાખતા હતા.

### અમે આપ વાલા (રહ.)ને આવા જોયા

અનેક મુલાકાતોમાં મેં જોયું કે મૌલાના મર્હૂમ સમયની ખૂબ જ કદર કરતા હતા. વિશાળ દ્રષ્ટિ અને અતિ અભ્યાસુ વ્યકિત હોવાથી ઉલમા અને લોકોનો આપ પ્રત્યે ખૂબ જ લગાવ હતો, પરંતુ આપ (રહ.) સદા બેકાર અને વ્યર્થ કામોથી બચતા, જરૂરત પુરતી વાતચીત પછી અભ્યાસ – વાંચન આપનો પ્રિય શોખ હતો. જીવન એકદમ સાદું, અકાબિર બુઝુર્ગોની જુની પરંપરાઓ પ્રમાણે ગુઝારતા હતા. યુ.કે. જેવા દેશની ભૌતિક પરંપરાઓ આપ (રહ.)ની સાદગીને પ્રભાવિત કરી શકી નહીં. સ્વભાવે આપ અતિ વિનમ્ર હતા. આપ ઈલ્મ અને અમલનો અનંત સમુદ્ર હતા. સત્વાદી અને તટસ્થવાદી વ્યકિતત્ત્વ ધરાવતા હતા. તેમની મહેમાન નવાઝી અજોડ હતી.

### આપ (રહ.)નું સંક્ષિપ્ત જીવન પરિચય

નામ : યાકુબ ઈસ્માઈલ મુન્શી

જન્મ : ૧, જુન/૧૯૩૧.ઈસ્લામી તારીખ : ૧૩, મુર્હરમ ૧૩૫૦ હિ.

વફાતઃ૧૭ ઓગષ્ટ ૨૦૨૨ઈ.સ.ઈસ્લામી તાઃ૧૮ મુહર્રમ ૧૪૪૪ હિ

કુલ ઉમર અંગ્રેજી વર્ષ મુજબ ૯૧ અને ઈસ્લામી વર્ષ મુજબ ૯૪ વર્ષ.

જન્મ ભૂમિ : કાવી, તા. જંબુસર, જી. ભરૂચ (ગુજરાત – ભારત)

તાલીમ : પ્રાથમિક તાલીમ કાવીમાં.

આલીમ કોર્ષ : દારૂલ ઉલૂમ અશરફિય્યહ રાંદેર (ત્યાર પછી) દારૂલ ઉલૂમ દેવબંદ.

આપના મશ્હૂર ઉસ્તાદો : (૧) હઝ. મૌલાના મુહમ્મદ રઝા અજમેરી સાહબ રહ. (૨) હઝ. મૌલાના મુફતી અ. ગની કાવી સાહબ રહ. (૩) હઝ. શૈખુલ ઈસ્લામ મૌલાના સય્યિદ હુસૈન અહમદ મદની સાહબ રહ.(૪) શૈખુલ અદબ હઝરત મૌલાના એઝાઝ અલી સાહબ રહ.(૫) ઈમામુલ મા'કૂલ વલ – મન્કૂલ અલ્લામા ઈબ્રાહીમ બલ્યાવી સાહબ (રહ.).

આપ (રહ.)ના મશ્હૂર શાગિર્દો (શિષ્યો) : (૧) હઝરત મૌલાના મુફતી અહમદ દેવલ્વી સા. (સ્થાપક અને મોહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન–જંબુસર) (૨) હઝરત મૌલાના અબરાર સાહબ ધુલ્યવી (શેખુલ હદીસ ફલાહે દારૈન તડકેશ્વર. (૩) મૌલાના મુફતી કાસિમ સાહબ ડયુઝબરી (યુ.કે)

***આપ (રહ.)ની દીની સેવાઓ***

ફારિગ થયા પછી સૌ પ્રથમ ભડકોદ્રા તથા ખાનપુર (તા. જંબુસર, જી. ભરૂચ) મકતબમાં નાના ભૂલકાંઓની તાલીમ, ઈમામત અને તબ્લીગી કામમાં મશ્ગૂલ રહયા. ત્યાર પછી જામિઅહ ઈસ્લામિય્યહ તાલીમુદીન ડાભેલમાં થોડો સમય મુદર્રિસ તરીકે સેવા બજાવી.

ત્યાંથી મૌલાના મર્હૂમ યુ.કે. તશરીફ લઈ ગયા, ત્યાં મરકઝ ડયુઝબરી દારૂલ ઉલૂમમાં મુદર્રિસ તરીકે સેવા બજાવી, સમગ્ર યુરોપમાં દાવતી સફરો કર્યા, બલકે કહેવું જોઈએ કે યુરોપમાં દાવતી કામનું મૂળ અને માધ્યમ આપ જ હતા.

ત્યાર પછી ડયુઝબરી (યુ.કે.) ખાતે "મજલિસે તહકીકાતે શરઈય્યહ" અને "શરઈ કોન્સલ" નામની સંસ્થાઓની સ્થાપના કરી, તદઉપરાંત અનેક તહકીકી (સંશોધનીય) કિતાબો અને અનેક ઈલ્મી અને તહકીકી લેખો લખ્યા. આ રીતે જીવનની અંતિમ ઘડીઓ સુધી દીની, ઈલ્મી, મિલ્લી કામોમાં પ્રવૃત્ત રહયા. માંદગીના દિવસોમાં પણ વધુ પડતા કિતાબોના વાંચનમાં પ્રવૃત્ત રહેતા.

આપ (રહ.)એ તેમની પાછળ ૬ પુત્રો અને ૧ પુત્રી અને અસંખ્ય શાગિર્દો (શિષ્યો)ને છોડયા છે.

દુઆ છે કે અલ્લાહ તઆલા આપની સંપૂર્ણ મગફિરત ફરમાવે, દરજાતને બુલંદ ફરમાવે, સદકાર્યોને કબૂલ ફરમાવે અને પરિવારજનોને ધીરજ અને સહન શકિત આપે. (આમીન)

---

# હઝરત મવલાના યાકુબ સા. કાસમી (રહ.)

## અમુક અનુસરવા પાત્ર ગુણો

*• મુફતી અશરફ સાહેબ ભાના સારોદી.*

---

સીને મેં જિસ કે થા દિલે બેદાર, ચલ બસા
ચેહરા થા જિસ કા મતલએ અન્વાર, ચલ બસા
રાહે ખુદા મેં વકફ રહી જિસ કી ઝિંદગી
એક શખ્સ થા પેકરે ઈષાર, ચલ બસા
જિસ કા વુજૂદ ઈલ્મો અમલ કી મિષાલ થા
વો સાહિબે ઈલ્મો અમલ બા કિરદાર, ચલ બસા
રેહતા થા બે–નિયાઝ જો નામો નમૂદ સે
જો શખ્સ થા ખુલૂસ કા મેઅયાર, ચલ બસા

પર્વતની તળેટીમાં અને સમુદ્રના તળિયે જયાં અસંખ્ય કીમતી અને નકામા પથ્થરો – ઝાંખરાઓ પડેલા હોય છે, ત્યાં કીંમતી ઝવેરાત પણ હોય છે, જે રાજાના સિંહાસનની શોભા અને રાણીઓના ગળાનો હાર બને છે. બગીચાઓમાં જયાં પશુઓનો ખોરાક બનનાર ઘાસ અને જડીબુટ્ટીઓ ઉગે છે, ત્યાં જગતને સુગંધિત અને ખુશ્બૂદાર બનાવનાર ગુલાબ, મોગરા અને ચમેલી પણ ઉગે છે. એ જ પ્રમાણે આ દુનિયામાં આબાદ માનવ જનમેદનીમાં હિરા–માણેક અને ગુલાબ–મોગરાથી પણ અનેક ગણા કીમતી અને ઉત્તમ, કાબેલ અને માહેર, સદગુણી અને સદાચારી વ્યકિતઓ પણ હોય છે. જે જગતની શોભા અને માનવતાના સાક્ષાત પુરાવા હોય છે.

એવા જ કર્મશીલ અને પ્રતિષ્ઠિત વ્યકિતઓમાં ઉજળા અક્ષરે લખવાને કાબેલ નામ હઝરત મૌલાના યાકુબ ઈસ્માઈલ મુન્શી કાસમી કાવી (ન.મ.)નું છે. હઝરત મૌલાના યાકૂબ સાહબ (રહ.) ભારતીય સમય અનુસાર ૧૮ મુહર્રમ ૧૪૪૪ હિ.સ. અને અંગ્રેજી તારીખ : ૧૮ ઓગષ્ટ ૨૦૨૨ ઈ.સ.ના જુમેરાતના રોજ ૧૧ : ૩૦ કલાકે આખિરત તરફ કુચ કરી

ગયા. (ઈન્નાલિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન)

હઝરત મૌલાના (રહ.) ઉસ્તાઝુલ અસાતિઝા (એટલે કે મારા ઉસ્તાઝોના પણ ઉસ્તાઝ) છે. આમ તો વિદ્યાર્થીકાળથી જ હું મૌલાના (રહ.)ને ઓળખતો હતો, કેમકે મૌલાના મૌસૂફ (રહ.) જયારે ઈન્ડિયા આવતા તો દારૂલ ઉલૂમ માટલીવાલામાં જામિઅહના સ્થાપક અને મોહતમિમ માનનીય ઉસ્તાઝ મૌલાના મુફતી અહમદ સા. દેવલ્વી (દા.બ.) ના ઘરે અવાર નવાર રોકાણ કરતા હતા. હઝરત (રહ.)ની ઝિયારત તો થતી રહેતી હતી, અને વળી એક જ વિસ્તારના હોય આપની ઈલ્મી ખ્યાતિ અને ચર્ચા પણ સાંભળી હતી. પરંતુ હઝરત મૌલાના સાથે ખરો પરિચય ત્યારે થયો જયારથી હું ઈંગ્લેન્ડ મારા ભાઈ જનાબ કારી ઈકબાલ સાહેબ (મુ.ઝિ.)ના ઘરે જતો થયો.

માનનીય ભાઈ કારી ઈકબાલ સાહેબ (મુ.ઝિ.) તથા અન્ય મિત્રો સાથે હઝરત મૌલાનાના ઘરે અનેક વખત હાજરી આપી, આ હાજરીઓના અમુક દિલી અને હૃદયસ્પર્શી અભિપ્રાયો અને પ્રતિસાદો આપ સમક્ષ રજૂ કરું છું.

### (૧) અભ્યાસ અને વાંચનનો શોખ

હઝરત (રહ.) પ્રખર અભ્યાસુ અને ઊંડુ ઈલ્મ ધરાવતા વ્યકિત હતા, ફિકહમાં સંપૂર્ણ માહેર હોવા ઉપરાંત અન્ય ઈસ્લામી વિદ્યાઓ અને વિષયોમાં પણ નિપૂણતા પ્રાપ્ત હતી. આપ (રહ.) અભ્યાસ અને વાંચન તરફ વિશેષ રુચિ ધરાવતા હતા, જેથી તેઓ આરામ અને અન્ય જરૂરિયાતો સિવાય પોતાનો સંપૂર્ણ સમય અભ્યાસ અને વાંચનને સમર્પિત કરી દેતા. આપનું પોતાનું વિશાળ અને મોટું કુતુબખાનું – પુસ્તકાલય પણ છે, જેમાં ઘણા દુર્લભ દીની પુસ્તકો ઉપરાંત લગભગ તમામ વિષયોની કિતાબો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે. ઉપરાંત આપે સ્થાપિત કરેલ સંસ્થા 'મજલિસે તહકીકાતે શરઈય્યહ' અને 'શરઈ કોન્સલ'નું પણ એક વિશાળ અને મોટું પુસ્તકાલય છે. મરહુમનો સ્વભાવ અને અભ્યાસની આદત જોતાં માનવામાં આવે છે કે લાઈબ્રરીના તમામ પુસ્તકો (કિતાબો) હઝરત મૌલાના મૌસૂફ (રહ.)ના અભ્યાસ હેઠળ આવી ગઈ જ હશે. કેમ કે જયારે

પણ હું આપના ઘરે જતો તો આપના હાથમાં કોઈને કોઈ કિતાબ અવશ્ય હોતી. તે દિવસોમાં કોઈ નવી કિતાબ પ્રકાશિત થતી તો તે કિતાબ અને તેની વિશેષ્ટાઓનો ઉલ્લેખ કરતા અને મહત્વપૂર્ણ કિતાબોના વાંચન અને અભ્યાસની પણ અવશ્ય તાકીદ કરતા.

## *(૨) ઈલ્મી મતભેદોમાં માન – મર્યાદાના પાબંદ રહેવું.*

આપ (રહ.)ની દ્રષ્ટિ ખૂબ જ વિશાળ હતી. આ ઉપરાંત અલ્લાહ તઆલા તરફથી હઝરત (રહ.) ને વિચારશીલતા, મજબૂત મન (તટસ્થતા) અને સર્જનાત્મક ક્ષમતા જેવા અનેક ઈનામો મળ્યા હતા.

ઈંગ્લેન્ડ જેવા દેશમાં નવા મસ્અલાઓ વધુ પ્રમાણમાં ઉદભવવા તો અનિવાર્ય છે, માટે આવા મસ્અલાઓમાં ત્યાંના ઉલમા અને મુફતીઓમાં અમુક બાબતે મતભેદ પણ સર્જાતો હતો. વિશેષ કરીને બ્રિટનની ભૌગોલિક સ્થિતિ અને હવામાનના કારણે ત્યાં નમાજોના સમય અને ઈસ્લામી મહીનાઓના ચાંદ જોવાની બાબત વિવાદાસ્પદ બની ગઈ હત. જેમાં શરઈ દલીલો અને વાસ્તવિક સ્થિતિ આધારિત હઝરત મૌલાના (રહ.)નું પોતાનું આગવું મંતવ્ય હતું, જેને આપ (રહ.) એ બેધડક અને સ્પષ્ટ શબ્દોમાં લખ્યું અને લોકો સમક્ષ મુકયું. આ વિષય પર એક ખાસ કિતાબ પણ સંપાદિત કરી. આ વિશે અન્ય બ્રિટનના ઘણા ઉલમાનો મતભેદ હતો. તેમણે પણ પોતાના મત દર્શાવ્યો બલકે તે વિશે કિતાબો પણ લખી. પરંતુ હઝરત મૌલાના રહ. પોતાના મંતવ્યથી સંતોષિત હતા એટલે પોતાના મંતવ્યને બદલ્યું નહીં. છતાં પણ હઝરત (રહ.)એ કયારે પણ પોતાના વિરોધીને કોઈ જવાબ આપ્યો અને ન તો મજલિસમાં તેમના વિશે કોઈ ખરાબ શબ્દો કહયા અને ન તો તેમની વાતને રદ કરી. બલકે તેઓ અન્ય ઉલમા અને તેમના મંતવ્યનું સન્માન અને એહતેરામ કરતા અને પોતાના નિકટના લોકોને પણ તેનો હુકમ આપતા.

## *નમ્રતા અને સાદાઈનું પ્રતિક*

અલ્લાહ તઆલાએ હઝરત મૌલાના (રહ.)ને ઈલ્મી અને અમલી વિશેષતાઓથી નવાજયા હતા. એટલા માટે બ્રિટનના મુસલમાનો આપની

અત્યંત કદર કરતા હતા. આપને આદરની નજરે જોતા હતા. ફિકહ અને ફતાવા અને ખાસ કરી નિકાહ, તલાક, ચંદ્રદર્શન તેમજ ખગોળશાસ્ત્ર સંબંધિત મસ્અલાઓમાં આપ માહેર હતા. આટલા માન મોભા અને ઊંચા સ્થાન છતાં હૃદય અને મનને વિકૃત અને ખરાબ કરનાર બ્રિટનના બેદીન માહોલમાં આપ (રહ.)એ ત્યાગ અને સદાઈથી જીવન વિતાવ્યું.

પોશાક અકાબિરના લિબાસ પ્રમાણે ખૂબ જ સાદો ! કુર્તો, પાયજામો અને લાંબી ટોપી પહેરતા હતા. મજલિસમાં કોઈ અલગથી જગ્યા શોધતા ન હતા, બલકે જયાં જગ્યા મળતી ત્યાં નીચે બેસી લખવા, પઢવા અને વાતમાં મશ્ગૂલ રહેતા. અમારા જેવા સામાન્ય માણસોને પણ એટલુ બધું સન્માન આપતા જેમ મોટા ઉલમાને આપવામાં આવે છે. વાસ્તવિકતા છે કે "નહદ શાખ પુર મેવહ સર બર ઝમીં"

**ધીરજ અને સબ્ર**

અલ્લાહના રસૂલ (સલ.) નો ઈર્શાદ છે :

أشد الناس بلاء الأنبياء ثم الأمثل فالأمثل

હઝરત મર્હૂમને પણ જિંદગીમાં અનેક આઘાતજનક અને આપત્તિઓમાંથી પસાર થવું પડયુ હતું, પરંતુ તેમના મોઢામાંથી ફરિયાદનો એક પણ શબ્દ ન નીકળતો. બલકે આવા સમયે અલ્લાહ તઆલાની બીજી નેઅમતોને યાદ કરી સંપૂર્ણ ધીરજનો એક નમુનો બની જતા, એક વખતે બ્રિટિશ પોલીસ કોઈ આરોપસર તેમના એક પૌત્રની ધરપકડ કરી લઈ ગઈ હતી, હઝરત મૌલાના (રહ.) તે સમયે કમઝોરી અને અનેક રોગોથી પિડાતા હતા, તેમજ વૃદ્ધ પણ હતા. આવી વિકટ પરિસ્થિતિમાં આઘાતને સહન કરવું સરળ ન હતું, પરંતુ આશ્ચર્યની વાત છે કે આવા વખતે પણ હઝરતે પોતાના પરિવારજનોને હોસલો અને હિમ્મત આપી. તે દિવસોમાં હું ત્યાં બ્રિટનમાં જ હતો એટલે મેં દિલાસો અને ખબર અંતર પૂછવા હેતુ આપને ફોન કર્યો તો હું કઈ બોલું તે પહેલાં જ જાતે બોલી ઉઠયા :

"મોલ્વી અશરફ ! કંઈ નથી, અલ્લાહ તઆલાનો ફેસલો છે, યાદ રાખવું જોઈએ કે જેલમાં જનાર દરેક માણસ ગુનેહગાર હોતો નથી, હઝરત યુસૂફ

(અલૈ.) પણ સાત વર્ષ સુધી જેલમાં રહયા હતા".

ખરેખર મુસીબત અને વિકટ પરિસ્થિતિઓમાં આ વાત એવી જ વ્યકિતના દિમાગમાં આવી શકે છે જે "ما يلقها الا ذو حظ عظيم" નો સાચો મિસ્દાક હોય.

## તબ્લીગી અને દાવતી સેવાઓ

યાદ રહે કે હઝરત મૌલાના યાકૂબ સા. કાસમી (રહ.) દાવતો તબ્લીગના બીજા સ્થાપક એવા હઝરતજી મૌલાના યુસૂફ સા. (રહ.)ની સોબતમાં લાંબો સમય સુધી રહયા હતા, જેથી દાવતો તબ્લીગ પણ આપના જીવનનો મહત્વપૂર્ણ અંશ હતો. ભારતમાં રોકાણ દરમિયાન પણ આપે તબ્લીગી જમાતમાં ખૂબ સમય આપ્યો હતો અને ઈંગ્લેન્ડ તશરીફ લઈ ગયા પછી પણ ડયુઝબરી મરકઝના પ્રારંભિક સ્થાપક આપ (રહ.) જ હતા. બ્રિટન બલકે આખા યુરોપમાં તબ્લીગી કામની બુનિયાદમાં આપનો સિંહફાળો હતો, અમુક લોકોના કહેવા મુજબ હઝરત મૌલાના(રહ.)ને હાફિઝ પટેલ (બ્રિટનના માજી તબ્લીગી અમીર)થી પહેલાં અનેક વાર અમારતની જવાબદારી સોંપવાની કોશિશ કરવામાં આવી, પરંતુ હમેશાં આપ (રહ.)એ 'હું તેનો લાયક નથી' કહીને પોતાની અશકિત દર્શાવી.

આ અમુક ખુબીઓ વાંચક મિત્રો સમક્ષ રજૂ કરી છે નહીંતર....

ઉમ્ર બ–ગુઝશ્ત વ હદીષ દર્દે માં આખિર ન શુદ<br>
શબ આખિર શુદ અકનૂં કોતાહ કુનમ અફસાના રા

અંતમાં દુઆ છે કે અલ્લાહ તઆલા હઝરત મૌલાના (કુ.સિ.)ને પોતાના મકબૂલ અને નિકટના બંદાઓની પડોશમાં સ્થાન નસીબ કરે, તેમના દરેક સદકર્મોને કબૂલ ફરમાવે, સર્વ પરિવારજનોને ધીરજ નસીબ ફરમાવે. અને મૌસૂફ (રહ.)એ પોતાની પુરાય ન એવી ખોટ છોડી છે તેને પોતાની કુદરતથી પુર ફરમાવી દે.(આમીન) વ – મા ઝાલિક અલલ્લાહિ બિ–અઝીઝ.

———————————————

<u>*ટૂંકું જીવન ચરિત્ર*</u>

# મવલાના યાકુબ સાહેબ કાસમી રહ.

• *મવ. ડો. યૂસુફ શબ્બીર સાહેબ.*
*બ્લેકબર્ન. યુ.કે.*

---

હઝરત મવલાના યાકુબ કાસમી રહ. શેખુલ ઈસ્લામ મવલાના હુસૈન અહમદ મદની રહ.ના બાકી રહેલા થોડા શાગિર્દો (વિદ્યાર્થીઓ)માંથી હતા અને યુકેમાં અંતિમ શાગિર્દ હતા. એમણે જ યુ.કે.માં દઅવતો તબલીગના કાર્યની પહેલ કરી હતી. યુ.કે.માં સહુ પ્રથમ શરીઅહ કાઉન્સિલની સ્થાપના કરી અને નમાઝના સમય બાબત ચાલતી આવતી ભૂલનો પર્દાફાશ કર્યો હતો. અનેક કિતાબોના લેખક, મુરબ્બી અને ઘડવૈયા હતા. તેમની વફાત નિ:શંકપણે ઉમ્મત અને ખાસ કરીને યુકેના મુસ્લિમો માટે મોટી ખોટ છે.

આપની પ્રારંભિક દીની તાલીમ બાબા અ.રહમાન અમરોહવીના શાગિર્દ જામિઅહ ડાભેલના જુના ફારિગ અને દારૂલ ઉલૂમ કંથારિયાના ભુતપૂર્વ નાયબ મોહતમીમ હઝરત મેલાના અલી યુસુફ કાવી અને મુન્શી ઈસા ભાઈ મેળવીને રાંદેરના પ્રખ્યાત મદરસા અશરફિયા દારુલ ઉલૂમમાં પ્રવેશ મેળવ્યો. અત્રે ૮ રહીને તાલીમ પૂર્ણ કરી અને દર વર્ષે પહેલા નંબરે કામયાબ થતાં રહ્યા. ત્યાર બાદ શેખુલ ઈસ્લામ મેલાના હુસૈન અહમદ મદની રહ.ના શાગિર્દ અને ખલીફા હઝરત મેલાના અ.સમદ સાહેબ કાછવીની સોબતમાં રહેવાથી દેવબંદ જવાનો શોખ થયો અને તેમના ઉસ્તાદ સાહિબે જ તેમનો સંપૂર્ણ ખર્ચ ઉઠાવ્યો. ફારિગ થયા પછી આઠ વર્ષ સુધી ભડકોદ્રામાં મક્તબની તાલીમ આપી. મારા પ્રિય મિત્ર મવલાના અમજદ ઈબ્ને મુફતી અહમદ દેવલા કહે છે કે ભડકોદ્રામાં તેમણે તેમના ફાજલ સમયમાં 6 - 8 મહિનામાં કુરાન કંઠસ્થ (હિફઝ) કરી લીધું હતું અને ત્યારબાદ પાબંદી સાથે તરાવીહની નમાઝ પણ પઢાવતા હતા.

પછી બે વરસ સુધી ડાભેલના પ્રખ્યાત દારુલ ઉલૂમમાં ઉસ્તાદ તરીકે સેવા આપી. આ સમયગાળાના તેમના વિદ્યાર્થીઓમાં દારૂલ ઉલૂમ ફલાહે દારૈનના પૂર્વ શેખુલ હદીષ હઝરત મવલાના સય્યિદ અબરાર અહમદ

ધુલયવી અને જંબુસર દારુલ ઉલૂમના મોહતમીમ મુફતી અહમદ દેવલાનો સમાવેશ થાય છે

પછી મવલાના ઉમર સાહેબ રહ. અને હઝરતજી રહ.ની પ્રેરણાથી વિદેશ અને વિશેષ કરીને આરબ દેશોની તબ્લીગી સફરો કરી. અને અંતે જાન્યુઆરી 1966 - 1378 માં યુકે ડ્યૂઝબરીમાં સ્થાયી થયા. તે સમયે શહેરમાં અંદાજે 50 મુસ્લિમ પરિવારો હતા. મારા નાના હાજી આદમ પટેલ (મૃત્યુ. 1429/2008) આ પહેલા 1962 માં આવ્યા હતા. મવલાના દારુલ ઉલૂમ દેવબંદના પ્રથમ સ્નાતક હતા જેમને યુકેમાં ઈમામ અને ખતીબ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.

યુકે આવ્યા બાદ મવલાના તબલીગના કામમાં સક્રિયપણે પ્રવૃત રહેતા હતા. મારા આદરણીય પિતા મુફતી શબ્બીર અહેમદ (જન્મ 1376/1957) ને 1980 ના દાયકાથી તેમની સાથે ખૂબ જ ગાઢ સંબંધ હતો. મવલાના યાકુબ લગભગ દરેક તબલીગી ઈજતેમામાં બયાન કરતા હતા. તેઓ અપાર સલાહીયત ધરાવતા હતા. હું તેમને 1969 થી ઓળખતો હતો. તેમના બયાનો ઠોસ અને મજબૂત હતા. તે સમયે હું માત્ર 12-13 વર્ષનો હતો પરંતુ મને હજુ પણ યાદ છે કે તેમણે તે વખતના કેટલાક બયાનોમાં શું કહ્યું હતું. અલ્લાહે તેમને મધુર વાણી અને ગહન ઈલ્મથી નવાઝયા હતા. અરબી બયાનો એટલી સારી રીતે આપતા હતા કે અમારા વર્તુળોમાંથી આટલી અસ્ખલિત અરબી બોલતો વ્યક્તિ મેં જોયો નથી. આ બાબત દુર્ભાગ્યપૂર્ણ હતી કે કેટલાક લોકોના હસદ (ઈર્ષ્યા)ને લીધેલ તેમણે તબલીગના કામમાંથી એક પગલું પાછું ખેંચ્યું.

મવલાનાના એક ગુણ આ પણ હતો કે તેઓ જેમની સાથે અસંમત હતા તેમના પ્રત્યે કોઈ પણ દ્વેષ કે તિરસ્કાર તેઓ રાખતા ન હતા. તેઓ તેમને આદર સાથે મળતા. આ તેમની નિખાલસતા હતી. હું નિયમિત રીતે તેમની મુલાકાત લેતો અને તેઓ હંમેશા મારા પ્રત્યે ખૂબ જ પ્રેમાળ હતા અને મારી સાથે દિલ ખોલીને વાત કરતા. તાજેતરમાં હું થોડા અઠવાડિયા પહેલાં સોમવાર 25 જુલાઈ 2022ના રોજ દક્ષિણ આફ્રિકાના મુફતી રઝાઉલ હક સાહેબ (જન્મ–1369/1950)સાથે તેમની મુલાકાત લેવા ગયો હતો.

અત્રે આ નોંધવું જરૂરી છે કે ડ્યુઝબરી મરકઝની સ્થાપનામાં તેમનો

મહત્વનો ભાગ હતો. એના બાંધકામના ખર્ચ માટે અલગ–અલગ આરબ દેશો ની સફર કરી. ઉદાહરણ તરીકે મવલાનાએ મરકઝ માટે લિબિયન સરકાર પાસેથી £54,000નું ભંડોળ મેળવવામાં સફળતા મેળવી. મવલાના શરૂથી જ મરકઝના ઈમામ અને ખતીબ હોવાની સાથે સાથે ખજાનચી પણ હતા. છેવટે અમુક કારણોસર 1983 માં મવલાનાએ પોતાની જ શુરાને હિસાબો રજૂ કરીને ચાવીઓ સોંપી દીધી અને મરકઝથી અલગ થઈ ગયા. ત્યાર બાદ થોડા સમય માટે તેમણે મરકઝ નિઝામુદ્દીનના મશવેરા મુજબ હયાતુ–સ્સહાબાની તાલીમ ચાલુ રાખી. હાફઝ સાહેબ રહ. યુરોપ અને ઉત્તર અમેરિકાના દેશોમાં ઈજતિમા માટે જીદ કરીને લઈ જતા હતા. અને આરબ લોકોમાં તેમના રૂહપરવર બયાનો થતાં. આજે પણ મોરક્કો અને બ્રાઝિલ તેમજ યુરોપના લોકો જયાં આરબો રહે છે હઝરત મવલાના રહ.ને પોતાના મોહસીન સમજે છે. જયારે પણ તેમના ઈલાકામાં જમાઅત જાય છે તો તેઓ મવલાનાના હાલ પુછે છે અને મવલાના રહ.ને યાદ કરે છે. મવલાના રહ.એ ઝકરિયા મસ્જિદ ડ્યૂઝબરી માટે ભંડોળ ઊભું કરવાના પ્રયાસોમાં પણ સક્રિય ભૂમિકા ભજવી હતી. તેના સિવાય પણ યુ.કે.ની ઘણી મસ્જિદોમાં શરૂઆતથી લઈ કામ પૂર્ણ થાય ત્યાં સુધી હઝરત મવલાના ભરપૂર કોશિશ કરતા.

મવલાના યાકુબ સાહેબ સુબ્હે સાદિક (સૂર્યોદય)ના મસ્અલા માટે પણ ખૂબ જાણીતા છે. આ મસ્અલા વિષેની હકીકત એમ છે કે 1980 માં તેઓ ચાર મહીના તબલીગ માટે ઉત્તર અમેરિકા ગયા હતા. શિકાગો મુસ્લિમ કોમ્યુનિટી સેન્ટરમાં તેમના રોકાણ દરમિયાન તેમને અમુક સમયપત્રકમાં સુબ્હે સાદિકના ટાઈમમાં પંદર મિનિટનો તફાવત મળ્યો. આ સફર દરમિયાન તેઓ ડો. કમાલ અબ્દાલી સાથે પરિચિત થયા. એમણે ઉત્તર અમેરિકા માટે નમાઝના સમયપત્રક માટેની પુસ્તિકા સંપાદિત કરી હતી. મવલાના રહ.એ ડો. કમાલ અબ્દાલીને માન્ચેસ્ટર માટે નમાઝનું સમયપત્રક બનાવી આપવા વિનંતી કરી. તે પછી જ તેમને ઉનાળાના મહિનાઓમાં યુકે અને યુરોપના અમુક દેશોમાં શફક(સંધ્યાકાળે આકાશમાં દેખાતી લાલાશ)ના ગાયબ ન થવાનો મુદ્દો સમજમાં આવ્યો. આ જ બાબત મવલાના માટે યુ.કે.માં નમાઝના સમયની ફેરતપાસ કરવા માટે પ્રેરણારૂપ

બની. તે જ વર્ષે હજના સફર વખતે હઝરત અલ્લામા યુસુફ બિન્નોરી સાથે પણ આ મુદ્દા પર ચર્ચા કરી, એના જવાબમાં મવલાના બિન્નોરી સાહેબ રહ.એ એક સવાલનામું તૈયાર કરીને હઝરત મુફતી વલી ટોંકી રહ.ની ખિદમતમાં પેશ કરવાનો હુકમ કર્યો. હઝરત મવલાના રહ.એ એ સવાલનામું ભારત પાકિસ્તાનના વિભિન્ન દારૂલ ઈફતામાં પણ મોકલ્યું. તેમના સંશોધન દરમિયાન મવલાનાએ પાકિસ્તાનના ઉલમાઓ સાથે પણ ચર્ચા કરી કે શું સૂર્ય ક્ષિતિજથી 18 કે 15 ડિગ્રી નીચે પહોંચે છે કે નહીં. મવલાનાની કિતાબ તેમજ અહસનુલ–ફતાવા અને અન્ય ફતાવાની કિતાબોમાં આ મુદ્દા વિષે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

જયારે મવલાના યુકે પાછા ફર્યા તો ઘણી બધી તપાસ, વાંચન અને અભ્યાસ પછી શોધી કાઢ્યું કે યુકેનું નમાઝનું સમયપત્રક ભૂલભરેલું છે. કારણ કે સુબ્હે સાદિક સમય ન તો 18 કે 15 ડિગ્રી પર છેલ બલ્કે તે 12 ડિગ્રી નોટિકલ ટ્વીલાઈટમાં છે અને અમુક મહિનામાં તેનાથી પણ નીચે છે. આ શોધ સૌ પ્રથમ મવલાના દ્વારા જ કરવામાં આવી હતી. એમણે જ આ બાબત દેશભરના ઉલમાનું પ્રયાન દોર્યુ હતું. સંશોધનમાં એ પણ જાણવા મળ્યું કે ઉનાળાના મહિનાઓમાં યુકેમાં કેટલાક દિવસો એવા હોય છે જયારે સૂર્ય ક્ષિતિજ માં 15 અથવા 18 ડિગ્રી સુધી પહોંચતો નથી. અહીં પહોંચતાં પહેલાં જ પાછો ચઢવાનું શરૂ કરી દે છે. તેથી ઉનાળાના મહિનાઓમાં આકાશ કાળું થતું નથી. આમ મે જુન જુલાઈના મહીનાઓમાં શરઈ રીતે રાતનો સાબિત ન થવાના કારણે ઈશાંની નમાઝનો સમય થતો જ નથી.

આ મુદ્દા પર ઘણી ચર્ચાઓ અને મીટિંગો આખરે 16 શાબાન 1403 29 મે 1983 ના રોજ યુ.કે.ની સૌથી જૂની મસ્જિદ હાર્વર્ડ સ્ટ્રીટ બ્રેડફોર્ડમાં મઝાહિરે ઉલુમ અને દારૂલ ઉલૂમ દેવબંદના પૂર્વ મુફતી મુફતીએ આઝમ હિન્દ મુફતી મહમુદ હસન ગંગોહી (મૃત્યુ. 1996) ની સદારતમાં જમીઅતે ઉલમા બરતાનીયાની એક ૬ કલાક લાંબી મિટિંગ ચાલી. આ બેઠકમાં 70 ઉલમાઓ અને 100 મસ્જિદો અને સંસ્થાઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ મિટિંગમાં નિષ્કર્ષ આવ્યું કે સુબ્હે સાદિક 18 ડિગ્રી ઉપર થાય છે. અને જે દિવસોમાં સૂર્ય 18 ડિગ્રી સુધી પહોંચતો નથી, તે દિવસોમાં આગળ પાછળના દિવસો ધ્યાને લઈ નમાઝનો

ટાઈમ નક્કી કરવામાં આવે. જમિયતના કન્વીનરલ મવલાના અબ્દુલ રશીદ રબ્બાની દ્વારા આ બેઠક પછી બહાર પાડવામાં આવેલ એક પાનાના દસ્તાવેજ પર ચાર ઉલમાઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, મુફતી મહમૂદ હસન ગંગોહી રહ., મારા આદરણીય પિતા મુફતી શબ્બીર અહમદ, ગ્લાસગોના મુફતી મકબુલ સાહિબ અને ચોથા મવલાના યાકુબ સાહિબ કાસિમી રહ.

આ બાબત પણ નોંધવી જોઈએ કે 1983 માં 18 ડિગ્રીના મામલા ઉપર સહમતિ હતી. પરંતુ આ વાત ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે કેટલાક વર્ષો પછી અમુક અવલોકનોના આધારે આ સર્વસંમતિ તોડી નાખવામાં આવી હતી.

ઉપરોકત વિગતો થોડા વિસ્તારથી એટલા માટે વર્ણવવામાં આવી છે કે મવલાના યાકુબ સા. રહ.ના પ્રયાસો થકી જ આ બાબતની ભૂલ સહુપ્રથમ સામે આવી હતી. જો મવલાનાના જીવનની આ એકમાત્ર સિદ્ધિ હોત તો પણ મને યકીન છે કે આ તેમની મગફિરત માટે પૂરતી છે. આ માટે આપણે બધા મવલાના રહ.ના ઋણી છીએ.

ચંદ્રદર્શન મવલાના રહ.નો બીજો મુદ્દો ચંદ્રદર્શનનો હતો. ઐતિહાસિક રીતે યુકેમાં મુસ્લિમો મોરોક્કોને અનુસરતા હતા. આ વિશે હઝરત મવલાનાએ ઉલમાઓની એક જમાત સાથે સફર કર્યો અને કિતાબુલ કાઝી ઈલલ કાઝીના એક મસ્અલાને સામે રાખીને મોરક્કોની ચાંદ કમિટી સાથે એગ્રીમેન્ટ થયું, પરંતુ સંશાધનોના અભાવના કારણે ચાંદ દેખાયો કે નથી દેખાયો તેની જાણ મોડેથી થતી હતી જેના કારણે દેશભરના મુસલમાનોને ઘણી પરેશાની થતી હતી. એના હલ પેટે 1986 માં દારુલ ઉલૂમ બરી ખાતે જમીયત ઉલમા અને નવા રચાયેલા હિઝબુલ ઉલમાની બેઠક બોલાવવામાં આવી. અને મોટાભાગના ઉપસ્થિત લોકો દ્વારા સાઉદી અરેબિયાની ચાંદ કમિટી નો ફોલો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. મવલાના યાકુબ સાહેબ રહ. આ બાબતે સહમત ન હતા. અને નિશ્ચિતપણે માનતા હતા કે ચોર્લીમાં હાજી મુહમ્મદ મુનશી સાહિબના ઘરે ફેક્સનું મોડું પહોંચવું, સાઉદી ચાંદ કમિટીને અનુસરવું જાઈઝ નથી થઈ જતું. મવલાના રહ. છેલ્લે સુધી પોતાના આ મસ્અલા ઉપર સાબિત રહ્યા, નોંધનીય બાબત છે કે શેખુલ હદીષ હઝરત મેલાના મુહંમદ ઝકરિયા સાહિબ અને બીજા ઘણા બધા

ઉલમા તેમજ તબલીગના વડીલો જેમાં મવલાના ઈનામુલ હસન સાહિબ અને મેલાના ઉમર પાલનપુરી પણ સાઉદીના ચાંદના નિર્ણયથી સંતુષ્ટ ન હતા. આ બાબત ફતાવાની કિતાબોમાં વિગતવાર લખાયેલી છે.

મવલાના યાકુબ કાસમી સાહેબ સિદ્ધાંતવાદી માણસ હતા. જે સત્ય જોતા તે જ બોલતા હતા. કોઈપણ વસ્તુ તેમને રોકી શકતી ન હતી. તેમને મોટા હોદ્દાઓ કે દરજ્જામાં રસ નહોતો. તેમનો એક જ ઉચ્ચ હેતુ હતો અને તે અલ્લાહ તબારક વ તઆલાને ખુશ કરવાનો હતો. ઝુહદ અને તકવો તેમની ઓળખ હતી. તેઓ ચાહત તો બેશક ડયુઝબરી મરકઝમાં શેખુલ હદીષ હોત અને કદાચ હાફીઝ પટેલ સાહેબ રહ.પછી તબલીગના અમીર પણ હોત.

મવલાનાના ગેહરા ઈલ્મનો અંદાજ તેમની નમાઝના સમયની કિતાબો, ચંદ્રદર્શન અને અન્ય વિષયો પરના કાર્યો પરથી લગાવી શકાય છે. વાઈઝ હોવાની સાથે સાથે તેઓ ઉત્તમ લેખક પણ હતા. ઘણા દેશોના ઉલમાઓ તેમની કેટલીક કિતાબો પર આધાર રાખે છે.

મવલાના ડ્યુઝબરીમાં ઝકરિયા મસ્જિદની ખૂબ નજીક રહેતા હતા. અહીં તેઓ પાબંદીથી કુર્આનની તફસીર પણ કરતા હતા. અને ૧૪ વર્ષના સમયગાળા દરમિયાન તેને પૂર્ણ કરી. આ તફસીરી બયાના રેકોર્ડ કરવામાં આવ્યા હતા અને હાલમાં દારુલ ઉલૂમ જંબુસરલ ભારતમાં મુફતી અહમદ સાહિબની નિગરાનીમાં સંપાદિત કરવામાં આવી રહી છે. અને ઉમ્મીદ છે ટુંક સમયમાં તેમની તફસીરનો પહેલો ભાગ પ્રકાશિત કરવામાં આવશે.

મવલાનાની બીજી મોટી સિદ્ધિ એ છે કે તેમણે 1980ના દાયકામાં મજલિસે તહકીકાતે શરઈય્યહની સ્થાપના કરી અને યુકેમાં પ્રથમ શરઈ કાઉન્સિલની પણ સ્થાપના કરી. શરઈ કાઉન્સિલ વડે હજારો મઝલુમ સ્ત્રીઓની પરેશાનીઓ દૂર કરી છે. મેં મારા આદરણીય પિતાને ઘણી વખત આમ કહેતા સાંભળ્યા છે કે ઘણા લોકોએ મને પણ શરઈ કાઉન્સિલની સ્થાપના કરવાનું સૂચન કર્યું હતું. મારામાં આમ કરવાની તાકાત નથી, કારણ કે તે ખૂબ જ મુશ્કેલ કાર્ય છે. પરિણામ રૂપે એક પક્ષ નારાજ થશે. મવલાના યાકુબ સાહબ રહ. જેવા મજબૂત વ્યક્તિ જ આ કાર્ય કરી શકે છે અને આપે કરી બતાવ્યું..

અલ્હમ્દુલિલ્લાહ મને નાનપણથી જ મવલાના યાકુબ સાહેબ રહ.ને

મળવાની તક ઘણી વખત મળી છે. મારા વાલિદ સાહેબ જયારે તેમની મુલાકાત લેવા જતા ત્યારે હું નિયમિત પણે એમની સાથે જતો. તેઓ હંમેશા ખૂબ જ દયાળુ, પ્રેમાળ અને ઉદાર હતા. મારા પિતાને જોઈને તેઓ ખૂબ જ ખુશ થઈ જતા. તેઓ હંમેશા દારુલ ઉલૂમ બરી અને હઝરત મેલાના યુસુફ મોતાલા સાહબ રહ. (મૃત્યુ. 1441/2019) વિશે પૂછપરછ કરતા. આડંબર અને દંભથી ખાલી સરળ અને વિનમ્ર સ્વભાવ ધરાવતા હતા. નવા પ્રકાશનોમાં તેમને ખૂબ જ રસ હતો. મારા આદરણીય પિતા કહે છે કે મને દારુલ ઉલૂમ બરીના કુતુબખાનાના જીમ્મેદાર મેલાના મુહમ્મદ દિદાતને મવલાના એમની આગવી શૈલીમાં સંબોધીને જે શબ્દો કહેતા હતા, એ આજે પણ યાદ છે. મવલાના રહ. પૂછતા : મુહમ્મદ કોઈ નવી કિતાબ આવ્વી ?

તાજેતરના વર્ષોમાં જયારે પણ અમારા હઝરત અકદસ મુફતી અહમદ ખાનપુરી સાહિબ દા.બ. યુ.કે.ની મુલાકાત લેતા ત્યારે અમે મવલાના યાકુબ સાહેબ રહ.ની મુલાકાતે જતા હતા. મને યાદ છે કે તાજેતરની એક મુલાકાતમાં દારુલ–ફતહથી પ્રકાશિત થયેલ અલ્લામહ શિહાબુ–દ્દિન મરજાની રહ.ની એક કિતાબ નાઝૂરતુલ હક્કના પ્રકાશનથી ખૂબ જ ખુશ હતા. મવલાના રહ. એ હઝ. મુફતી સાહેબ દા.બ. સમક્ષ એક હસ્તપ્રતનો ઉલ્લેખ કરતાં કહયું કે મેં ૩૫ વર્ષ પહેલાં પોતાના સંશોધન દરમિયાન એનો ઉપયોગ કર્યો હતો.

મવલાના યાકુબ સાહેબને પુસ્તકો ખૂબ ગમતા હતા. માટે જ તેમનો ઈન્તેકાલ પણ તે જ ખુરશીમાં થયો જેના પર તેઓ બેસીને પુસ્તકો વાંચતા હતા. તેમની વફાત પહેલાં પણ તેઓ એક મેગેઝિન જોઈ રહ્યા હતા અને ત્યારબાદ તેને પોતાના ખિસ્સામાં મુકી દીધું હતું, જે તેમની વફાત બાદ પણ તેમના ખિસ્સામાં જ હતું. તાજેતરના વર્ષોમાં તેને (Dementia) ભુલી જવાની બિમારી થઈ હોવા છતાં કદી કોઈ બેકાર કે અયોગ્ય વાત મોઢે આવતી ન હતી. જીભ અલ્લાહના ઝિક્રમાં લાગેલી રહેતી હતી. બલકે છ મહિના પહેલાં સુધી તેઓ તેમના સુંદર અવાજમાં દરરોજલ ક્યારેક બે ત્રણ વખત ઉર્દૂ અનુવાદ સાથે આખા અલ–હિઝબુલ–આઝમને પઢતા હતા.

બુધવારના દિવસે ઈશાની નમાઝ બાદ મસ્જિદે ઝકરીયા ખાતે મૈયત માટે બનાવેલ ખાસ ગુસલખાનામાં તેમને છેલ્લું ગુસલ આપવામાં આવ્યું.

જેમાં મોલાના મરહુમના છોકરાઓ, ઉપરાંત હઝ. મવ. અબ્બાસ સાહેબ ભડકોદરવી (બોલ્ટન) મવ. મરગુબ સાહિબ, મવ. યુસુફ દરવાન સાહેબ, મવલાના અમજદ દેવલા સા. અને અન્ય લોકોએ હાજરી આપી હતી.

અલ્હમ્દુલિલ્લાહ મને આજે ડ્યૂઝબરીમાં એમની જનાઝહની નમાઝમાં શરીક થવાની સઆદત મળી. લગભગ 7-8000 લોકોએ હાજરી આપી હતી. જનાઝહની નમાઝ તેમના સૌથી નાના પુત્ર મવલાના ડો. શબ્બીર અહમદે (જન્મ 1388/1968) પઢાવી હતી. એમણે મદીના યુનિવર્સિટીથી તાલીમ મેળવી છે, યુકેની ઘણી યુનિવર્સિટીઓમાં ભણાવ્યું પણ છે અને હાલમાં મસ્જિદે હિરા ડયુઝબરીના સદર મુદર્રીસ તેમજ તેમના પિતા દ્વારા સ્થાપિત શરઈ કાઉન્સિલના સભ્ય છે.

ઘરે પરત ફરતી વખતે તેમના નૂરાની ચહેરા અને એના પર હમેંશા રહેતી મુસ્કાનને યાદ કરીને તેમના જીવનમાંથી સ્પષ્ટ તરી આવતાં એવા કેટલાક ગુણો ઉપર વિચાર કર્યો જેનું અનુસરણ આપણે કરી શકીએ. આવી અમુક બાબતો ટુંકા શબ્દોમાં હું નીચે રજુ કરી રહ્યો છું.

સિદ્ધાંતવાદી અને સાચાબોલા, નમ્ર અને સરળ. હંમેશા સંતુષ્ટ અને હસતો ચહેરો. મસ્જિદમાં તકબીરે ઉલા સાથે પાંચેવ નમાઝોના પાબંદ. દરરોજ કુર્આન શરીફની એક મંઝિલ તિલાવત કરવાનો મામુલ હતો. છેલ્લા ચાલીસ વર્ષથી મેલાનાની આદત હતી કે દરરોજ સવાર સાંજ નાસ્તો કરતા પહેલાં સુરએ બકરહ અને અલ–હિઝબુલ–આઝમ પઢી લેતા હતા.

પુષ્કળ પ્રમાણમાં દુરુદ પઢતા રહેતા હતા. દરરોજ સૂતાં પહેલાં 500 વખત દુરુદ પઢતાં હતા. સમય અને પોતાના નિર્ધારિત કાર્યક્રમ પ્રત્યે અત્યંત સાવધ. સખાવતી અને વિધવાઓના સહાયક. ઉલમા અને મદારીસની મદદ માટે હરહંમેશ તૈયાર. વાચનના શોખીન અને કિતાબના આશિક.

ઈસ્લામી વરસ મુજબ 94 વર્ષની વયે તેમની વફાત થઈ. અવલાદમાં એક પુત્રી રયહાના અને છ પુત્રો • અબ્દુલ–હય, • મવલાના યુસુફ. એમણે પ્રથમ કરાચીમાં બિનોરી ટાઉનમાં અને ત્યારબાદ જામિયા ફારૂકિયામાં તાલીમ પૂરી કરી અને હાલ મવ.રહ. દ્વારા સ્થાપિત શરઈ કાઉન્સિલના સભ્ય છે • મુહમ્મદ સઈદ. • જમીલ અહેમદ • અનીસ અહમદ અને • ડો. મવલાના શબ્બીર અહેમદ. મવલાના રહ.નાં પત્ની ઝૈનબ બીબીની

વફાત શાબાન 1437 મે 2016 માં થઈ હતી.

મવલાના પોતાની પાછળ 30 પૌત્રો, નવાસાઓ અને 20 પપૌત્ર છોડી ગયા છે. તેમના બે પૌત્રાઓ આલિમ છે અને તેમના છ પોત્રાઓ કુર્આનના હાફિઝ છે. તેમાંથી એક હાફિઝ ઝકીએ પાંચ મહિનામાં હિફ્જે કુર્આન પૂર્ણ કર્યું. અન્ય એક પોત્ર મેલાના ષવબાન ઈબ્ને મેલાના યુસુફે ડયુઝબરી મરકઝ ખાતે આલિમ કલાસનું પ્રારંભિક શિક્ષણ મેળવ્યું હતું અને ત્યારબાદ તેમના દાદાએ તેમને મક્કા–મુકરમાહની ઉમ્મુલ–કુરા યુનિવર્સિટીમાં મોકલ્યા હતા. જયાં કાઝી બનવાની ખાસ તાલીમ મેળવી હતી. તેઓ શરઈ કાઉન્સિલ તેમજ ઈસ્લામિક રિસર્ચ કાઉન્સિલ અને મસ્જિદે હિરાના જિમ્મેદાર છે.

અલ્લાહ તઆલા તેમના જીવનભરના પ્રયત્નોને કબુલ ફરમાવે અને તેમને જન્નત અલ–ફિરદૅસમાં જગા આપે. આ એક દુઃખદ વાસ્તવિકતા છે કે આપણે લોકોના અવસાન પછી જ તેમની પ્રશંસા કરીએ છીએ. તેમની હયાતીમાં તેમની કદર કરતા નથી. અલ્લાહ તઆલા આપણા દિલોને જોડી આપે. અને આપણી વચ્ચે મોજૂદ ઉલમાઓની કદર કરવાની તોફીક આપે.

આ લેખ માટે કેટલીક અમૂલ્ય માહિતી આપવા બદલ હું મવલાના અમજદ દેવલા સાહેબ અને મેલાના ખલીલ અહમદ કાઝી સાહેબનો આભારી છું. અલ્લાહ તઆલા બંનેને બેહતરીન બદલો આપે અને તેમની સેવાઓને કબુલ કરે. આમીન. ડો. યુસુફ શબ્બીર. 20 મુહર્રમ1444/18 ઓગસ્ટ 2022.

નોંધ : ડો. યુસુફ શબ્બીર સાહેબ યુવાન સ્કોલર અને વિદ્વાન છે. હાફેજ, આલિમ અને મુફતી પણ છે. એમનો આ લેખ અંગ્રેજીમાં હતો. મવ. ઈરફાન આમોદી સાહેબ (મુદર્રિસ દારૂલ કુરઆન વલહદીસ ટંકારીઆ) દ્વારા એનું ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યું છે. લેખ ઘણો લાંબો હતો. અને આ અનુવાદ અલબલાગને મળે એ પહેલાં જામિઅહના ઉસ્તાદો દ્વારા લખવામાં આવેલ વિવિધ તઅઝિયતી લેખો, પ્રતિભાવો, યાદો અને સ્મરણોમાં ઘણી બધી બાબતો આવી ગઈ હતી. એટલે લેખને કંઈક ટુંકાવીને અલબલાગમાં શામેલ કરવામાં આવ્યો છે. ડો. યૂસુફ શબ્બીર સાહેબ અને મવ. ઈરફાન સાહેબ એને સ્વીકાર્ય રાખશે, એવી આશા.

યુ.કે. નિવાસી કાવીના કર્મવીર, વિશ્વ વિખ્યાત વિદ્વાન

# હઝ. મવ. યાકૂબ કાસમી સાહેબ રહ.

યાદ અને બોધની એક ટુંકી નોંધ

● મુફતી ફરીદ અહમદ કાવી.
મુદર્રિસ જામિઅહ જંબુસર.

---

ચલે ગએ તો પુકારેગી હર સદા હમ કો – ન જાને કિત્ની ઝબાનોં સે હમ બયાં હોંગે
હમ ઝમીન સે ઉઠેંગે તો આસ્માં હોંગે – હમ ઐસે લોગ ઝમાને મેં કહાં હોંગે

જીવન એટલે શું ? આ લોકથી પરલોક જવાના રસ્તે આવતો એક પડાવ માત્ર ! હદીસ શરીફમાં છે કે દુનિયામાં એક મુસાફરની જેમ રહો. એટલે કે એને કાયમી રહેઠાણ સમજીને લાંબુ આયોજન ન કરો. પરંતુ હદીસ શરીફમાં આ પણ છે કે રસ્તે ચાલતાં પણ કોઈ નેકી કરતા આગળ વધો. રસ્તામાં કોઈ ગંદકી ન કરો, કોઈ અવરોધરૂપ કે કષ્ટદાયક વસ્તુ પડી હોય તો બાજુ પર હટાવીને આગળ વધો. આમ જીવનનો સાર આ નીકળ્યો કે મંઝિલના સીધા રસ્તે (સિરાતે મુસ્તકીમ ઉપર) ચાલતાં ચાલતાં પણ અન્યો માટે કંઈક કરતા ચાલો. નાની અમથી વાત છે, પણ દરેકની દિનચર્યામાં આવતી નથી અને આ પ્રમાણે જીવન જીવી જતા વીરતા જવલ્લે જ જોવા મળે છે. કંઈક આવું જ જીવન મવલાના યાકૂબ સાહેબ કાસમી રહ.નું હતું. થોડા દિવસ પહેલાં તા.૧૭ ઓગસ્ટના રોજ તેઓ આખિરતની સફરે આગળ વધી ગયા અને ઉપર જણાવ્યું તેમ થોડા સમયના આ પડાવ સ્થળે પોતાની નેકીઓ, ઈબાદતો, સેવાઓ, સદકાર્યો અને સખાવતોની કાયમી સુવાસ છોડતા ગયા.

આપ રહ. કાવીમાં પેદા થયા, રાંદેર અને દેવબંદમાં તાલીમ મેળવી. પછી ખાનપૂર, ભડકોદ્રાના મકતબમાં અને ડાભેલ જામિઅહમાં તાલીમ – કેળવણી અને સમાજ સુધારણાની સેવાઓ આપી. પછી મસ્કત, બહરીન, કતર, કુવૈત, ઈજીપ્ત, મરાકશ, ઈરાક, ઈરાન, શામ, લિબિયા, લેબનોન, સઉદી અરેબિયાના વિવિધ શહેરોમાં તાલીમી – અને તબ્લીગી સફરો અને સેવાઓની સુંગંધ ફેલાવતાં આખરે બ્રિટનના ડયુઝબરીને વતન બનાવ્યું અને

ફરી પાછા ત્યાંથી ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, દુબઈ, મોરોક્કો, ખાડીના મુસ્લિમ દેશો અને યુરોપના અનેક પ્રદેશો – શહેરોમાં દીની તાલીમ અને તબ્લીગની સફરો... ઉપરથી ૨૪ હજ અને ૧૦ ઉમરહની સફરો... આપ રહ.નું જીવન તો જાણે મુસાફરીનું જ બીજું નામ છે.

બચપણ, યૌવન, વૃદ્ધાવસ્થા –– જીવન પણ છે કટકે કટકે
એ જ મુસાફિર જગમાં સાચો –– જેની પાછળ મંઝિલ ભટકે

હું ડાભેલમાં તાલીમ હેઠળ હતો ત્યારે એક બે વાર આપ રહ. યુ.કે.થી ભારત પધાર્યા હતા અને ડાભેલ આવ્યા હતા તો મસ્જિદમાં એમની નસીહતો સાંભળવાનો મોકો મળ્યો હતો. આવી જ કોઈ મજલિસમાં એમણે કહયું હતું કે મદરસાઓમાં તાલીમ મેળવવી હવે સરળ છે, સુવિધાઓ વધી રહી છે, અમે પઢતા હતા ત્યારે શિયાળામાં નહાવા માટે ગરમ પાણી પણ મળતું ન હતું. બલકે નહાવા માટે અમારે દોડી – કૂદી કે ઉઠબેસ કરીને ગરમ થવું પડતું હતું !

હું અરબી ચોથા કે પાંચમાં દરજામાં હતો, રજાઓ હતી, આદત મુજબ ગામના કુતુબખાનામાં વાંચવા યોગ્ય કિતાબો શોધી રહયો હતો કે એવામાં મવલાના રહ. ત્યાં આવી પહોંચ્યા. મુલાકાતનો આ પ્રથમ અવસર હતો, મારું નામ સરનેમ પૂછયું અને પછી કહેવા લાગ્યા કે લખનઉથી પ્રકાશિત 'અલફુરકાન' મગેઝિનના ફલાણા અંકો મને શોધી આપ. એમાં મવલાના મનાઝિર અહસન ગીલાની રહ.ની એક લેખમાળા 'મોત કી યાદ' ક્રમશઃ છપાયી છે. મેં તે બધા અંકો શોધી આપ્યા તો મને કહેવા લાગ્યા કે મવલાના મનાઝિર રહ.ના લેખો અને કિતાબો વાંચ્યા કરો. એમના લખાણો વાંચવાથી તમારામાં કોઈ કિસ્સા કે કથનને ઊંડાણપૂર્વક સમજવાની આવડત કેળવાશે. વાત પરથી વાત અને એક જ વાત કે કથનમાં કેટ કેટલા અર્થ વ્યકત થયા હોય છે અને એના પૂર્વાર્ધ કે ઉત્તરાર્ધ શું હશે એ એ તમે સમજી શકશો. મવલાના રહ.ની આ શિખામણ પછી મેં ત્યાં કુતુબખાનામાં મોજૂદ અલફુરકાનના લગભગ બધા અંકો ફંફોળીને મવલાના ગીલાની રહ.ના લેખો અને કુતુબખાનામાં મોજૂદ એમની એક અન્ય કિતાબ 'અન્નબિય્યુલ ખાતમ' પણ શોખથી વાંચી લીધી. બલકે એના પ્રતાપે બીજા અનેક બુઝુર્ગો

અને શ્રેષ્ઠ લેખકોના લેખો વાંચવાની તોફીક મળી ગઈ. પછી મવલાના ગીલાની રહ.ના બીજા લેખો અને એક બે કિતાબો રજાઓ બાદ મદરસામાં જઈને અંજુમન શોબએ તકરીર વ તહરીરની લાયબ્રેરીમાંથી શોધીને પણ વાંચ્યાં. આવા ઘણા લેખો પાછળથી પુસ્તક સ્વરૂપે પણ પ્રકાશિત થયા. અલબત્ત 'મોત કી યાદ' વાળી પેલી લેખમાળા હજુ પ્રકાશિત થઈ હોય એની ખબર નથી.

ડાભેલની તાલીમ પૂરી થયા પછી જામિઅહ જંબુસરના સ્થાપક અને મોહતમિમ મુફતી અહમદ સા. દા.બ.એ મને જામિઅહમાં ઉસ્તાદ તરીકે નિયુકત કર્યો ત્યાર પછી મવલાના રહ.ની હસ્તી અને એમની દીની – ઈલ્મી સેવાઓ વિશે વધારે જાણવાનું મળ્યું. હવે ખબર પડી કે જામિઅહ જંબુસરની સ્થાપનામાં બે યાકૂબ અને બે અહમદનો મોટો ફાળો છે.

જામિઅહ જંબુસરમાં રહીને મવલાના રહ.ને સીધી રીતે મળવાનો અને નજીકથી એમને જોવા – સમજવા અને એમની ખૂબીઓ જાણવાનો પણ મોકો મળ્યો. જામિઅહના ઘણા ઉસ્તાદો યુ.કે. ખાતે એમની પાસે આવતા જતા હતા, મવલાના રહ. અને એમના કુટુંબના સભ્યો પણ ભારત આવતા તો હઝરત મોતહતમિમ સાહેબ પાસે જામિઅહમાં જ રહેતા હતા એટલે આ બધા મારફતે પણ મવલાના રહ.નો સ્વભાવ, કાર્યપદ્ધતિ, કુરબાનીઓ અને સેવાઓની વિગત જાણવાની તક મળી. એમના સ્વભાવ અને કાર્યપદ્ધતિની ખૂબી વિશે એક બે વિશેષ બાબતોનો ઉલ્લેખ જરૂર કરવો રહયો.

આપ રહ.નું જીવન અને ખિદમતો જોઈને કહી શકાય કે તાલીમ પૂરી કર્યા પછી તુરંત આપ રહ.એ નક્કી કરી લીધું હતું કે સમયનો તકાદો અને સમાજની જરૂરત સામે રાખીને પોતાની મહેનતનું મેદાન નક્કી કરવામાં આવે. અને એમાં જ પોતાની કાબેલિયત મુજબ કામ કરવામાં આવે. આમ કરવાથી લોકોમાં અને અલ્લાહના દરબારમાં પણ મહેનતની કદર થાય છે. અમુક લોકો પોતાના શોખ મુજબ કોઈ વિષયમાં નિપૂણતા કેળવે છે, વિદ્વાન બને છે, પણ સમાજ માટે એ વિષય ઉપયોગી નથી હોતો, એટલે લોકોની નાકદરીની શિકાયત કરીને માયૂસી વ્યકત કરે છે. આપ રહ.એ તે સમયે લોકોની બેદીની અને ગફલતને સામે રાખીને અવામી દીની – તબ્લીગી

કાર્યોમાં પ્રવૃત થવાનું મુનાસિબ માન્યું અને દેશવિદેશની સફરો ખેડી. ભડકોદ્રા હતા ત્યારે પણ આસપાસના ગામડાઓની સફર કરતા હતા. જંબુસર ખાતે રાબેતએ અદબે ઈસ્લામીના સેમીનાર ટાણે આવી એક સફરની દાસ્તાન વર્ણવતા બતાવ્યું હતું કે મસ્જિદ અને મકતબને આબાદ રાખવા એ ગુજરાતી મુસલમાનોની જૂની ખાસિયત છે. હું પચાસ વરસ પહેલાં (૧૯૬૦ની આસપાસ) એકવાર હાજી સુલેમાન સાથે દરી ગામે ગયો હતો, તે વેળા ત્યાં એકપણ મુસ્લિમ ઘર ન હતું, અલબત્ત ગામમાં મસ્જિદની જમીન અને સીમમાં મસ્જિદનું ખેતર હતું, જે બધું ગામના વડાએ અમને બતાવ્યું.

સૌ પ્રથમ તો કયાં જવું છે એટલું નક્કી કરો.
બસ પછી નક્કી કર્યું છે એટલું નક્કી કરો.
રોજ વધતી વય શરીરી ધર્મ છે મંજૂર પણ
મોટા કે ઘરડા થવું છે એટલું નક્કી કરો

પછી બ્રિટનમાં સ્થાયી થયા તો ત્યાં પણ આ કાર્યમાં જ ખૂંપેલા રહયા. અને જયારે મુસલમાનોની વસતી વધી, પરિણામે દીનદારી પણ વધી તો ઈસ્લામી મહીનાની ગણતરી માટે ચાંદ જોવાનો મસ્અલો સામે આવ્યો. બ્રિટનમાં ઘણીવાર રાત એટલી નાની હોય છે કે સુર્યાસ્ત પછીની લાલાશ ખતમ થાય એ પહેલાં તો સુર્યોદય પહેલાંની પીળાશ નીકળી આવે છે. એટલે ચાંદ દેખાવાની કોઈ શકયતા જ નહી. આ જ કારણે ઈશાની નમાઝ અને સુબ્હે સાદિકના સમય બાબતે પણ અસમંજસ રહે એ સ્પષ્ટ છે. એટલે આ અતિ મહત્વના વિષયે આપ રહ.એ ખૂબ વાંચન, સંશોધન અને ચર્ચાઓ કરીને પોતે આ બાબતે એક સ્પષ્ટ નિર્ણય ઉપર પહોંચ્યા અને લોકો સામે એને રજૂ કર્યો. આવી બાબતોમાં ઉલમા માંહે વિવાદ થવો સામાન્ય વાત છે. એટલે ચાંદ બાબતે બીજું મંતવ્ય પણ સામે આવ્યું. ખેર.. આ બીજી બાબત છે. મારે એમ કહેવું છે કે જે વિષયે મુસલમાનોને દીની માર્ગદર્શનની જરૂરત હોય એવા જ કામોમાં મહેનત કરવી આપ રહ.ની આદત હતી. એટલે જ પછી જયારે વધતી જતી મુસ્લિમ આબાદીના કારણે કોટુંબિક ઝઘડાઓ વધી પડયા તો નિકાહ – તલાક અને ઓરત – મર્દ દ્વારા એકબીજાને પરેશાન

કરવાની ઘટનાઓ વધી પડી. સરકારી કોર્ટની વ્યવસ્થા ખર્ચાળ હોવા ઉપરાંત ઈસ્લામી નિયમોને આધીન ન હતી, એટલે આવા ઝઘડાઓ અને કેસો માટે શરઈ કોન્સિલની સ્થાપના કરીને ઝઘડાઓનું નિવારણ કરવાનું નક્કી કર્યું. આ બંને કામોમાં આપ રહ.ને ઘણો વિરોધ અને અપાર નારાજગીઓ બલકે ખોટી અદાવતોનો સામનો કરવો પડયો, બલકે ઘણીવાર એકલા પડી જવાનો એહસાસ થયો, પણ આપ રહ.નો મકસદ આવા કામો થકી પોતાની બડાઈ કે બુઝુર્ગી મનાવવાનો ન હતો, એટલે અડગ રહયા અને સફળ થયા. આજે આ બંને વિષયોએ ત્યાંના મુસલમાનો આપ રહ.ની સેવાઓનું મહત્વ સમજી રહયા છે.

સુણું છું મારી વાતો તો મને એ થાય છે અચરજ
કે મારાથી વધુ હવે મને લોકો પિછાણે છે
કદર બેફામ શું માંગુ જીવનની આ જગત પાસે
કે જયાંના લોકો સૌ કેવળ મરેલાને વખાણે છે

ઉપરોકત બંને નેક કાર્યોની શરૂઆત, અન્યો થકી એના વિરોધ અને આપ રહ.ની અડગતાની જે કંઈ વિગત સામે આવી છે એનાથી એક બીજી બાબત પણ સ્પષ્ટ તરીને સામે આવે છે કે પોતાના નિર્ણય ઉપર અડગ રહેવા અને ઘણા સમર્થકો હોવા છતાં આપ રહ.એ પોતાની હિમાયતમાં કોઈ ગ્રુપ, કમીટી કે જમાત ઉભી કરવાની કે સમાન વિચાર ધરાવતા લોકોને વિવિધ શહેરોમાં ભેગા કરીને પોતાની વાત થોપવાની કદી કોશિશ નથી કરી. પોતાની વાત રજૂ કરીને પોતાની વ્યકિતગત શકિત મુજબ કામ કરીને નચિંત રહેતા. એટલે જ આ બંને બાબતોએ ઉલમા – અવામ દરમિયાન બંને પ્રકારના મંતવ્યોને અનુસરનાર સમુહો હોવા છતાં મવલાના રહ.ના હિમાયતીઓનું કોઈ આગવું ગ્રુપ ન હતું.

મવલાના રહ. વિદ્વાન આલિમ હોવાથી વાંચન અને અભ્યાસમાં પ્રવૃત રહેતા હોય એ સ્પષ્ટ છે. અલબત્ત વાંચનમાં એટલા બધા ગળાડૂબ રહેતા હતા કે એમને મળનાર દરેક માણસ બે ચાર મીનીટમાં જ એમની આ ખાસિયત ઓળખી જતો હતો. એમના વાંચનનો વિસ્તાર બધા જ ઈસ્લામી વિષયોને આવરી લેતો હતો. લેખન ક્ષેત્રે નવી શોધો, પુસ્તકો, નવી ચર્ચાઓ

અને વિષયોની પ્રારંભિક જાણકારી મેગેઝિનો મારફતે જ મળતી હોય છે. એટલે અરબી, ઉર્દુ ગુજરાતી મેગેઝિનો જરૂર મંગાવતા હતા. મવલાના રહ.નું વાચન ફકત એક શોખ પુરતું ન હતું. એનો આશય અધ્યયન અને અભ્યાસ હતો. એટલે જે તે વિષયની ઊંડી જાણકારી મેળવવા દળદાળ પુસ્તકોનું વાંચન પણ કરતા હતા. વિશેષ કરીને 'ફિકહ' એટલે કે ઈસ્લામી કાયદા શાસ્ત્રને લગતા વિષયોમાં આપ બહોળું અને ઊંડુ જ્ઞાન ધરાવતા હતા. એમના જ્ઞાન–સંશોધનને સન્માન આપીને આંતરરાષ્ટ્રીય મુસ્લિમ સંસ્થાઓ જેમ કે ઈસ્લામી ફિકહ એકેડમી જિદ્દહ, વર્લ્ડ મુસ્લિમ લીગ થકી સંચાલિત મજમઉલ ફિકહી લ ઈસ્લામી, ઈસ્લામી ફિકહ એકેડમી ઈન્ડીયા. યુરોપીય કાઉન્સિલ ફોર ફતવા એન્ડ રીચર્સ, વગેરે પોતાના સેમિનારો અને કમીટીઓમાં આપ રહ.ને આમંત્રિત કરતી હતી. ચંદ્રદર્શન, પારિવારિક સંબંધો, નિકાહ, તલાક વગેરેને લગતા પ્રશ્નો અને એમાં વર્તમાન ન્યાય પ્રણાલીથી અલગ રહીને કેવી રીતે ઈસ્લામી આદેશો અને આદર્શો લાગુ કરી શકાય એ બાબતોના આપ રહ. નિષ્ણાંત હતા.

મવલાના રહ.ના અભ્યાસ–વાંચનની બીજી ખાસિયત આ હતી કે કોઈ પુસ્તક કે લખાણની સાથે એના લેખક અને લેખનકળાને પણ વાંચતા હતા. પોતે જ એટલા બાહોશ હતા કે લેખકની લેખનશૈલી થકી એમને બીજું અન્ય ઘણું બધું સમજવામાં વાર ન લાગતી હતી. મવલાના મનાઝિર ગીલાની રહ.ની લેખનશૈલીનો સચોટ પરિચય આગળ આવી ગયો છે. મવલાના મંઝૂર નોમાની રહ.ના લખાણ વિશે ફરમાવતા કે આલિમ અને ગેરઆલિમ દરેક પ્રકારના મુસલમાનોના વાંચન માટે એમની કિતાબો ઉપયોગી છે. મવલાના બદરે આલમ મેરઠી રહ.ની કિતાબ તરજુમાનુસ્સુન્નહ વિશે ફરમાવતા કે આલિમ લોકો માટે એમાં ઘણું બધું છે.

સામાજિક અને કોમી જીવનની લગતી આ બેચાર વાતો પછી અમુક વ્યકિતગત બાબતો પણ ઉલ્લેખ પાત્ર છે.

જામિઅહના મોહતમિમ મુફતી અહમદ સા. દા.બ. સાથે અત્યંત નિકટનો સંબંધ હોવાથી ભારતની સફર દરમિયાન જંબુસર ખાતે જામિઅહમાં એમના જ મહેમાન બનીને રોકાતા હતા, એટલે રોકાણના

દિવસોમાં મવ.યાકૂબ સા. રહ. મદરસાના જ એક સભ્ય તરીકે હરતા ફરતા હતા. તલબા અને ઉસ્તાદોને કદીક નસીહત કરતા અને વધુ પડતા પોતાના વાંચન – અભ્યાસમાં પ્રવૃત રહેતા. જામિઅહ જંબુસર ખાતે ચાંદ જોવાની શકયતાઓ અને એના લગતી અન્ય જાણકારી ખાતર વિશેષ ટ્રેનિંગ કેમ્પનું આયોજન પણ કરવામાં આવતું હતું.

જામિઅહમાં આયોજિત થનારા મોટા પ્રોગ્રામોમાં લાંબી સફર અને ખર્ચ કરીને પણ પધારતા હતા. રાબેતએ અદબે ઈસ્લામીના સેમીનારમાં હાજર રહયા હતા. વિવિધ સભા સંગોષ્ઠિઓમાં એક બેઠકનું પ્રમુખપદ પણ શોભાવ્યું હતું. છેલ્લા અમુક વરસોથી વધારે અશકત બની ગયા હતા એટલે ભારત તશ્રીફ લાવ્યા ન હતા. અલબત્ત જામિઅહ ખાતર એમની દુઆઓ અને કોશિશો છેવટ સુધી ચાલુ રહી.

અગાઉ આવી ગયું એમ જામિઅહની સ્થાપનાનો મુળ વિચાર મવલાના યાકૂબ શેખ દેવલા રહ. અને મવલાના યાકૂબ કાસમી રહ.ની દેણ છે. બંને બુઝુર્ગોએ યથાશકિત પોતે પણ મદદ કરી અને અન્યોને થકી પણ ઘણી મદદ મોકલાવી. મવલાના યાકૂબ શેખ રહ. તો આજથી લગભગ ૨૨ વરસ પહેલાં જ ગુઝરી ગયા અને એમણે છોડેલ જામિઅહ પ્રતિ મહોબ્બત અને સહાયનો વારસો એમના સુપુત્ર હાફેજ હનીફ સા. નિભાવી રહયા છે. અલબત્ત મવલાના કાસમી રહ. એમના પછી ઘણું જીવ્યા અને જામિઅહની પ્રગતિ અને સેવાઓને નરી આંખે નિહાળવાનો મોકો એમને મળ્યો એટલે દરેક પ્રકારે જામિઅહ અને એની સંલગ્ન સંસ્થાઓ (સ્કૂલ, આઈ.ટી.આઈ. હોસ્પિટલ) આગળ વધે એના શકય એટલા વધારે પ્રયત્નો કરતા હતા. વૈચારિક સમર્થન ઉપરાંત બ્રિટન ખાતે જામિઅહની મદદ માટે આપ રહ.ની એટલી બધી કોશિશો અને કુરબાનીઓ છે કે એનો હિસાબ ન કરી શકાય.

پرستش کی یاں تک کہ اے بت تجھے-نظر میں سبھوں کی خدا کر چلے

فقیرانہ آئے صدا کر چلے-کہ میاں خوش رہو ہم دعا کر چلے

સ્વભાવમાં અત્યંત સાદગી અને વિનમ્રતા હતી. રહેણી – કરણી અને ખાણું પીણું પણ સાદું હોતું. વાત કે વર્તનમાં કોઈ મોટાઈ અને આડંબર

બિલ્કુલ ન હતો. બલ્કે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા મોટા વિદ્વાન હોવા છતાં આવા વિદ્વાનને છાજે એવી કોઈ અદા – હરકત પણ દેખાતી ન હતી. અલબત્ત ચહેરાની રોનક અને ભપકો એવો જરૂર હતો કે માણસ એમનાથી પ્રભાવિત થઈ જતો. જામિઅહ જંબુસરમાં આવીને પોતાના વાંચનમાં લાગ્યા રહેતા. તાલીમમાં કે ઈન્તેઝામમાં કોઈ દખલ દેતા ન હતા. ઓફિસ અને દર્સગાહોથી દૂર જ રહેતા હતા. વધુ પડતા ઉસ્તાદો એક જ બિરાદરીના, ઓળખીતા અને દૂર કે નજીકના સગા થતા હોય દરેક સાથે હળીમળીને રહેતા હતા. જામિઅહના ઉસ્તાદો માટે બીજી પણ ઘણી બધી ફિકરો કરતા હતા, પણ એની વિગતો બહાર આવતી ન હતી.

દીની ઈસ્લામી ફરજો ઉપરાંત નફલ ઈબાદતોના પણ સખત પાબંદ હતા. તહજ્જુદ, અવ્વાબીન વગેરે નફલો કદી છૂટતી ન હતી. રોજ ૫૦૦ થી ૧૦૦૦ હઝાર વાર દુરૂદ શરીફ પઢવાનો મામૂલ હતો. ૨૪ હજ અને ૧૦ ઉમરહ કર્યા હતા.

સખાવત અને સિલારહમીનો ઘણો જ એહતેમામ કરતા હતા. સગાઓ, ઓળખીતાઓની દરેક રીતે મદદ કરતા હતા. કોઈ અન્ય ગરીબ માટે પણ એમને કહેવામાં આવતું તો એને પણ ખુલ્લા હાથે મદદ કરતા હતા.

આપણા આ મેગેઝિન અલબલાગના ઘણા જ પ્રશસંક હતા. એના આરંભ, નામકરણ અને અન્ય કોશિશોમાં પણ એમનો ફાળો હતો. અલબલાગના અનેક લેખો વાંચ્યા પછી સીધી રીતે અથવા કોઈ અન્ય મારફતે મને પ્રેરણા આપતા. કોઈ નવા વિષયે લખવાનું માર્ગદર્શન પણ આપતા હતા.

નિશંક આપ રહ.ની વફાત જામિઅહ માટે મોટો સદમો અને નુકસાન છે. અલબત્ત આ બાબતે પણ જામિઅહ માટે આપ રહ. અન્યો કરતાં અલગ, આગળ અને નોખા છે. વ્યકિગત રીતે એક માર્ગદર્શક, હમદર્દ અને સહાયકની વફાત જામિઅહના મોહતમિમ સાહેબ અને ઉસ્તાદો માટે મોટો ખાલીપો કહેવાય, પણ એક સંસ્થા તરીકે જામિઅહના સપોર્ટ અને સમર્થન માટે આપ રહ. પોતાના બધા જ સુપુત્રોને પોતાના પગલે ચાલતા કરીને ગયા છે.

આપણે જેને મૃત્યુ કહીએ છીએ, એ નિશંક મૃત્યુ નથી, એક નવા જીવનની શરૂઆત છે. બલકે મૃત્યુ એક નવી જિંદગીનો દરવાજો છે. હા, અલ્લાહ તઆલાએ આમાલ કરવા માટે આપેલ એક સમય મર્યાદાનો અંત જરૂર છે. મૃત્યુ પછી આમાલનો સિલસિલો બંધ થઈ જાય છે. પણ એમાંયે આવા લોકો અપવાદ છે જે જીવનમાં આટલા બધા સદકાતે જારિયહ કરવા ઉપરાંત ઉપર જણાવ્યું એમ નેક આમાલના સાચા વારસદારો છોડી જાય છે. એટલે એમના મૃત્યુને કઈ રીતે મૃત્યુ કહીએ ?

મહેકમાં મહેક મળી જાય તો મૃત્યુ ન કહો
તેજમાં તેજ ભળી જાય તો મૃત્યુ ન કહો.
દીર્ઘયાત્રાની જરૂરતથી સજ્જ થઈ જઈને
એક મંઝિલની લગન આંખે ઉતરવા દઈને
જે નરી આંખે જણાયું ન એ તત્વ કળવા
જે અગોચર છે એ અસ્તિત્વને હરદમ મળવા
આવજો કહીને કોઈ જાય તો મૃત્યુ ન કહો
કોઈ મહેફિલથી ઊઠી જાય તો મૃત્યુ ન કહો

તા. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૨ ઈ.સ./૧૮ મુહર્રમ ૧૪૪૪ હિ.સ. બુધવારે આપ રહ.ની વફાત થઈ. જનાઝહની નમાઝ એમના સાહબઝાદહ મવલાના શબ્બીર સાહેબે પઢાવી અને ડ્યુઝબરીના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા.

મર મર કે મુસાફિરને બસાયા હે તુજે
રૂખ સબ કે ફિરા કે મુંહ દિખાયા હે તુજે
ક્યોં કર ન લપટ કે તુજ સે સોઉં એ કબ્ર
મેં ને ભી તો જાન દે કે પાયા હે તુજે

અલ્લાહ તઆલા એમની મગફિરત ફરમાવે. એમની દરેક નેકી, ઈબાદત, કુરબાની, ખિદમત અને સેવાઓનો આખિરતમાં બેહતરીન બદલો આપે. જન્નતુલ ફિરદોસમાં અને અર્શની છાંવ નીચે સ્થાન આપે. એમની બરકતોને એમની વફાત પછી પણ જામિઅહ માટે અને ખાનદાન માટે જારી રાખે. એમના ખાનદાનમાં અને કોમમાં પણ એમની નેકીઓ અને ખૂબીઓના અનેક વારસદારો પેદા ફરમાવે. આમીન. ●●●●●●

# હઝ. મવ. યાકૂબ સા.કાસમી (રહ.)ની તબ્લીગી સફરો

● મુફતી સલીમ ખાનપુરી સા.
મુદરિસ જામિઅહ જંબુસર

હઝરત મૌલાના યાકૂબ સા. કાસમી (રહ.)એ દારૂમ ઉલૂમ દેવબંદથી ફારિગ થયા પછી ઈ.સ. ૧૯૫૩માં એમના મુહતરમ ઉસ્તાદ જનાબ ઈસા ભાઈ મુન્શીના મશ્વેરા અને હુકમથી ભડકોદ્રામાં પઢાવવાનું શરૂ કર્યું. ત્યાં જ આપને તબ્લીગી જમાઅતને ઓળખવાનો મોકો મળ્યો ઈ.સ. ૧૯૫૮માં આપ ભડકોદરામાં જ હતા અને ખબર મળી કે દેવલા મુકામે તબ્લીગી જમાત આવેલી છે તો હઝરત મૌલાના પોતે અમુક દોસ્તો સાથે દેવલા પહોંચ્યા, બયાન ચાલુ હતું, તેમાં કાઝી અ.વહહાબ સા. એ આપને પણ બયાન કરવા આગ્રહ કર્યો, આપે તકરીર કરી, રાત ત્યાં વિતાવીને સવારે પાછા ભડકોદરા આવ્યા, પછી બે ત્રણ દિવસ પછી એ જ જમાત દેવલાથી ભડકોદરા આવી, જમાઅતના કામને નઝદીકથી ઓળખવાનો આ પહેલો મોકો હતો.

ત્યાર બાદ ઈ.સ. ૧૯૫૯ માં મૌલાના ઉમર પાલનપૂરી સાહેબની જમાત ભડકોદરા આવી, તે વખતે દર ૪૦ દિવસે નાનો ઈજતેમા રાખતા હતા. આ વખતે મૌલાનાના વતન કાવીમાં ઈજતિમા નક્કી થયો હતો. ઈજતિમાને હજુ ઘણા દિવસે બાકી હતા, પણ જમાઅતના સાથીઓ મવ. (રહ.)ને તૈયાર કરીને સાથે કાવી લઈ ગયા. ત્યાં પહોંચીને પ્રથમ વખત તબ્લીગી જમાઅતના નિઝામ વિશે વિવિધ વાતો, તાલીમ, ગશ્ત, બયાન, છ વાતો વગેરે સામે આવી, તશ્કીલ થઈ અને મવ. રહ.ને પણ તૈયાર થવા આગ્રહ કરવામાં આવ્યો, મવ. (રહ.) લખે છે કે અલ્લાહના ફઝલથી હું પણ તૈયાર થઈ ગયો, આ મારી તબ્લીગી જિંદગીની શરૂઆત હતી. મો. ઉમર સા. પાલનપુરી (રહ.) સાથે હૈદરાબાદની આ તબલીગી સફર હતી, ત્યાં

૧૭ દિવસ મસ્જિદોમાં કામ કર્યું, ત્યાંથી નાગપુર અને પછી આગ્રા થઈ, હઝરત નિઝામુદ્દીન આવ્યા, ત્યાંથી પાલનપુર ઈજતિમામાં આવ્યા, ચાલીસ દિવસ પુરા કરી ભડકોદ્રા આવ્યા અને ગામમાં તબ્લીગી હરકત શરૂ કરી, અને તબ્લીગી કામ સમજમાં આવવા લાગ્યું.

હઝરત એક જગ્યાએ લખે છે : મવલાના મુહમ્મદ યુસુફ સા. (રહ.) ના ઈલહામી બયાનોથી હું ઘણો પ્રભાવિત થયો, તવહીદ, ઈમાન અને યકીનની દઅવતની અહમિયત અને દુન્યાની હકારત – તુચ્છતા એ રીતે વર્ણન કરતા હતા, કે તેની મિસાલ શોધવાથી પણ નથી મળતી, છેવટે જિંદગીનો મકસદ તબ્લીગી કામ બની ગયું, અલ્લાહ પાક છેલ્લે સુધી ઈખ્લાસ સાથે કામમાં લગાડી રાખે એવી તમન્ના અને દુઆ છે.

***જમાઅત સાથે વિદેશના સફરો :***

ઈ.સ. ૧૯૬૨ના અંતમાં છાપી ખાતે ગુજરાતનો પહેલો ભવ્ય ઈજતિમા થયો. ઈજતિમાથી પહેલાં હઝરત મૌલાના ઉમર સા. એક જમાત સાથે ડાભેલ તશરીફ લાવ્યા અને હઝરત મૌલાના કાસમી સા.ને કહયું કે "હું તારા માટે આવ્યો છું કે તું છાપીના ઈજતેમાંથી મરાકશ જવા માટે તૈયાર થઈ જા, હઝરત (રહ.)એ જવાબ આપ્યો : મવલાના ! પાસપોર્ટ બનાવવાની ફી અને તેના માટે નવસારી જવાનું ભાડું નથી અને આપ મરાકશની વાત કરો છો ? મવ. ઉમર સા.એ પોતાની આદત મુજબ ફરમાવ્યું : અલ્લાહથી માંગો, પાકી નિય્યત કરો અને નવસારી જઈને પાસપોર્ટની અરજી આપી દો, અને સુલેમાન વહાલા જે પાસપોર્ટનું કામ કરતા હતા, તેઓને કહી આપ્યું કે મવલાનાની પાસપોર્ટ બનાવી આપજો, નવસારી પાસપોર્ટ માટે ગયા, તો આશાથી વિપરીત વહેલાં પાસપોર્ટ બનીને આવી ગઈ, મવલાના ઉમર સા.ને છાપી જાણ કરી તો પત્ર વાંચી સાથીઓને કહેવા લાગ્યા કે અમારો 'મરાકશ'નો એક સાથી નક્કી થઈ ગયો, જામિઅહ ડાભેલથી સાલાના ઈમ્તિહાન અને જલ્સાથી ફારિગ થઈ છોકરાઓ સાથે કાવી આવ્યા અને બંદોબસ્ત કરી છાપી પહોચ્યા. ત્યાં મવલાનાના સાથી દાઈએ કબીર હઝરત મવલાના ઈબ્રાહીમ સા. ની મુલાકાત થઈ તેઓ પણ અરબ દેશના સફરની

તૈયારી કરી રહયા હતા. ત્યાંથી લાંબા સફર માટે તૈયાર થઈ ગયા, ઈજતેમાં પુરો થયો, મશ્વેરાવાળાઓએ જણાવ્યું કે વિદેશનો સફર તુરંત નહીં થાય એટલે પાછા ઘરે જવું હોય તો જઈ શકો છો, પરંતુ મેં નક્કી કર્યુ કે ઘરેથી નીકળી ગયા એટલે ઘેર પાછા જવા કરતા મુંબઈ રવાના થઈ ગયા અને ત્યાં વિવિધ મસ્જિદોમાં કામ કરતા રહયા. થોડા દિવસો પછી મૌલાના ઉમર પાલનપુરી સા. પણ મુંબઈ આવી ગયા, તેઓ દરરોજ મુલાકાત લેતા અને અરબ દેશોમાં કામની તરતીબ બતાવતા, વિદેશનો આ પ્રથમ સફર ૧૦ જાન્યુઆરી ૧૯૬૩ માં મુંબઈથી સમૃદ્રી જહાજ દ્વારા શરૂ થયો. લગભગ ૩૬ થી ૪૦ કલાક પછી કરાચી પહોંચ્યા, ત્યાંથી રવાના થઈ અરબ દેશમાં પ્રથમ મસ્કત, કતર, બહરીન થઈ કુવેત પહોંચ્યા, ત્યાં બે દિવસ રોકાવાનું થયું, ત્યાંથી ઈરાન થઈને ૨૧ જાન્યુઆરીએ સવારે ૮ વાગ્યે બસરા પહોંચયા, ૨૧ ફેબ્રુઆરી ૧૯૬૩ ઈસ્વી સુધી જમાઅત સાથે બસરા અને આસપાસના ગામોમાં કામ કરતા રહયા અને ૨૧ ફેબ્રુઆરી ૧૯૬૩ ઈસ્વીએ બસરાથી બગદાદ રવાના થયા, મવ. ઉમર સાહેબ રહ. પણ બસરા પહોંચી ગયા હતા. મૌલાના ઉમર સા. સાથે 'મરાકશ' જવાના ઈરાદેથી બગદાદ માટે સવારે ૭ વાગ્યે ટ્રેનથી રવાના થયા અને રાતે ૧૧ વાગ્યે બગદાદ પહોંચયા, ત્યાં શેખ અ. વહહાબ અમીરના મશવેરાથી અત્તરબિયતુલ ઈસ્લામિયા મદ્રસાના નઝદીક એક કમરામાં રોકાયા, કમરાની બાજુમાં એક મસ્જિદે કમર હતી, ત્યાં જ ઈદુલ ફિત્રની નમાઝ અદા કરી, નમાઝ પછી ત્યાંના મોટા મોટા ઉલમાની મુલાકાત કરી અને ઈમામ અબૂ હનીફા (રહ.), શેખ અ. કાદિર જીલાની (રહ.), મઅરૂફ કરખી, અલ્લામા આલૂસી, શેખ શિહાબુદ્દીન સુહરવરદી, ઈમામ અબૂ યુસુફ (રહ.) વિગેરે મઝારાત ઉપર જઈને ફાતેહા પઢયા.

***બગદાદથી દમિશ્ક :***

૬ માર્ચ ઈ.સ. ૧૯૬૩ના રોજ બગદાદથી મગરિબ પછી દમિશ્ક રવાના થયા, બસમાં ૨૦ કલાક પછી બીજા દિવસે એક વાગ્યે દમિશ્ક પહોંચ્યા, મવ. ઉમર સા. હલબ ચાલયા ગયા, મવ. રહ.ને ૬ સાથીઓ સાથે

પાસપોર્ટ કાર્યવાહી માટે બયરૂત રવાના કર્યા, કારણ કે તેમના પાર્સપોર્ટમાં મરાકશના વીઝા ના હતા અને હિદાયત કરી કે પાસપોર્ટ કાર્યવાહી ના થાય તો કાહિરા – મિસ્ર પહોંચી જાઓ, તા. ૯ / માર્ચ ૧૯૬૩ ઈસ્વી બયરૂત માટે નક્કી થઈ પરંતુ તે દિવસે દેશમાં બદલાવ થયો અને સરહદો બંધ થઈ ગઈ, મજબુરીમાં બે – ચાર દિવસ વધારે રોકાવું પડયું, ૧૧ માર્ચે કારથી રવાના થયા અને બોર્ડર અને ત્યાંથી બીજી કારથી લેબનાન પહોંચ્યા, ત્યાં ૨૪ કલાક રોકાયા.

***<u>બીજી સફર :</u>***

તા. ૫ / જાન્યુઆરી ૧૯૬૫ ઈસ્વી મંગળવારે સાંજે મુંબઈ પહોંચ્યા, એક રાત મુંબઈ રોકાયા, તા. ૭ / જાન્યુઆરીએ સાંજે મુંબઈથી બસરા જહાજથી રવાના થયા, રસ્તામાં કરાચીમાં જુમ્આ પછી અને સાંજે જહાઝ રવાના થયું, ૧૭, જાન્યુઆરી ૧૨ દિવસ પછી ઈરાકની બંદરગાહ પર પહોંચ્યા, ત્રણ દિવસ બસરામાં રોકાયા, ૨૦ જાન્યુઆરી ૧૯૬૫ ઈસ્વીની સવારે બગદાદ રવાના થયા. સફરમાં સાથે મૌલાના મુહમ્મદ ઈસા પાલનપુરી, મવ. મુસા સામરોદી હતા, ૨૬ જાન્યુઆરી ૧૯૬૫ ઈ. બગદાદથી શામ (દમિશ્ક) રવાના થયા, ૨૭ જાન્યુઆરી (૧૯૬૫ ઈ.) રાત્રે બયતુલ મુકદસ પહોંચ્યા, પરંતુ મસ્જિદ બંધ થઈ ગઈ હતી, એટલે બસમાં રાત ગુજારી અને ફજર મસ્જિદે અકસામાં પઢી, ૨૯ જાન્યુઆરી ૧૯૬૫ ઈ.ના રોજ દમિશ્ક પહોંચ્યા, ત્યાંથી મશ્વરામાં "લીબીયા"નો સફર નક્કી કર્યો એટલે ૨ / ફેબ્રુઆરી ૧૯૬૫માં બયરૂત પહોંચ્યા, ૭ ફબ્રુઆરીના એરપોર્ટ સઈદ અને ૯ / ફેબ્રુઆરી ૧૯૬૫ ઈ. એ કાહિરા (મિસર) અને ૧૩ / ફેબ્રુઆરી ૧૯૬૫ ઈસ્વીમાં કાહિરાથી લીબીયા રવાના થયા, ૧૪ / ફેબ્રુઆરીએ બેન્ગાઝી પહોંચ્યા ત્યાં ત્રણ દિવસ રોકાયા, ૧૮ ફેબ્રુઆરી (૧૯૬૫) એ તરાબ્લુસ રવાના થયા, બીજા દિવસે સવારે પહોંચ્યા, એક અઠવાડિયું ત્યાં અલગ અલગ મસ્જિદોમાં અસરથી ઈશા સુધી ગશ્ત, બયાન, મામૂલાત પુરા કર્યા, ત્યાં સરકારી રૂકાવટો પણ સામે આવી, એટલે ૫ / એપ્રિલે (૧૯૬૫)ના રોજ ઈન્ડિયા પાછા આવવાનું નક્કી કર્યુ, ૭ /

એપ્રિલ ૧૯૬૫ના રોજ મિસર આવ્યા, ત્યાં ઘણી પરેશાની ઉભી થઈ હતી, કાહિરા હવાઈ જહાઝથી બયરૂત અને ત્યાંથી શામ, ઉરદુન થઈને ૨૧ એપ્રિલે (૧૯૬૫) બસરા પહોંચ્યા. ૨૨ એપ્રિલ ૧૯૬૫ ના રોજ સમુદ્રી જહાઝથી કરાચી અને ત્યાંથી ૩૦ એપ્રિલે (૧૯૬૫) ના મુંબઈ પહોંચ્યા, આમ આ સફર પુરો થયો. ૨ / એપ્રિલ (૧૯૬૫)ના રોજ કરાચી હતા, ને મવ. યુસૂફ સા. (રહ.)ની મોતની ખબર મળી. સાથીઓમાં ગમ ફેલાય ગયો

***ત્રીજી સફર :***

હઝરત મવ. યુસૂફ સા. કાંધલ્વી (રહ.)ના છેલ્લા હજના સફર ૧૯૬૪માં હઝરત મવ. યાકુબ શેખ સા. દેવલવી પણ સાથે હતા, તેઓ મદીના મુનવ્વરા મસ્જિદે નબવીમાં હયાતુસ્સહાબા પઢતા હતા, મઝકૂર હજમાં બરતાનીયાથી હાફેજ મુહમ્મદ પટેલ પણ તશરીફ લાવ્યા હતા, તેમણે મવ. યાકૂબ શેખ સા.ને કહયું કે તમે બરતાનિયા આવો, આપણે તબ્લીગનું કામ કરીશું, તો મવ. યાકૂબ શેખ (રહ.)એ કહયું કે હું હિન્દુસ્તાનથી એક દોસ્તને બરતાનિયા માટે તૈયાર કરીશ, તેમણે હજ પછી મવલાના યાકૂબ કાસમી (રહ.) ની મુલાકાત કરીને બરતાનિયા માટે તૈયાર કર્યા અને ૧૫ રમજાન ૧૩૮૫, મુતાબિક ૯ / ૧ / ૧૯૬૬ ઈ. લંડન ગયા.

***ચોથી સફર :***

ઈંગ્લેન્ડથી મરાકશ ટ્રેન દ્વારા કર્યો, ઈંગ્લેન્ડ, બાટલીમાં ૯,૧૦ એપ્રિલ ૧૯૬૬ ઈસ્વીના રોજ ઈજેતમા થયો. ત્યાંથી મરાકશની જમાતને જુલાઈના શરૂમાં જવાનું નક્કી થયું એટલે ૧૬ જુલાઈ ઈ.સ. ૧૯૬૬ના સવારે ફ્રાન્સ, સ્પેન થઈ મરાકશ પહોંચ્યા, બે મહીના આખા દેશનો સફર કર્યો, લગભગ ૨૦ માણસો ચાર મહીના માટે ભારત, પાકિસ્તાન રવાના કર્યા.

***પાંચમી સફર :***

ઈ.સ. ૧૯૭૨ માં બ્રાઝિલનો સફર કર્યો, એ માટે બારબાર્ડોઝ, ગયાનાના રસ્તેથી તશરીફ લઈ ગયા.

ત્યાર બાદ ૧૯૭૫ ઈ.માં મરકઝના કામથી લીબીયા તશરીફ લઈ ગયા અને ત્યાંથી દુબઈ થઈ મક્કા પહોંચ્યા અને ૧૯૭૫ ઈ. માં બીજી વખતે

મરકઝના કામથી હિજાઝનો સફર કર્યો, ૧૯૭૫ માં તબ્લીગી કામ માટે યુ.એ.ઈ., પાકિસ્તાન, ઈન્ડિયા, અબુધાબી, કતર થઈ લંડન પહોંચ્યા. ઈ.સ. ૧૯૭૮માં તબ્લીગી કામથી દિલ્હી, બેહરાઈચ, ભોપાલ ઈજતેમાંમાં શરીક થયા, ત્યાંથી બરોડા તશરીફ લાવ્યા અને બરોડાથી લાહોર, કરાચી, રાયવંડ, દિલ્લી થઈ પાછા કાવી આવ્યા.

ઈ.સ. ૧૯૮૦ માં મશવેરા માટે લંડનથી હિંદુસ્તાન તશરીફ લાવ્યા, ૩૦ ઓકટોબર ઈ.૧૯૮૩ માં કરાચી, રાયવંડ અને ત્યાંથી યુરોપ પણ તશરીફ લઈ ગયા, ૧૨ જાન્યુઆરી ૧૯૮૬ માં બાંગ્લાદેશ ઈજતેમામાં શરીક થયા, ત્યાંથી દિલ્લી તશરીફ લઈ ગયા, ૧૯૮૯ માં હઝરત નિઝામુદીન દિલ્લી, કરાચી, રાયવંડ, ઈજતિમામાં શરીક થયા, ૧૯૯૧ ઈ. માં બાંગ્લાદેશ, ઈન્ડિયાનો સફર કર્યો. નિઝામુદીન હાજરી આપી, ઈ.સ. ૧૯૯૨ માં નિઝામુદીન મશવેરામાં શરીક થયા, ત્યાર પછી લખનઉ, ભોપાલ અને રાયવંડમાં બાર દિવસ રોકાયા અને કરાચી અને ત્યાંથી મુંબઈ તશરીફ લાવ્યા, ઈ.સ. ૧૯૯૫માં ભરૂચ ઈજતેમાંમાં શરીક થયા.

ખુલાસો એ છે કે હઝરત મવલાના યાકૂબ સાહેબ કાસમી (રહ.) ૧૯૫૭ ઈસ્વીથી દીની તાલીમની ખિદમતની સાથે સાથે તબ્લીગી કામમાં જોડાયા અને તે સમયે દેશના વિદ્વાન ઉલમાએ કિરામ સાથે મળીને તબ્લીગે દીન માટે દેશ – વિદેશના અનેક સફર કર્યા, આ ઉપરાંત નિઝામુદીન, રાયવંડ, બાંગ્લાદેશ, ભોપાલ જેવા દેશ – વિદેશના ઈજતિમાઓમાં શરીક થયા અને ત્યાં હઝરત મવલાના યુસુફ સા. કાંધલ્વી, મવ. ઈન્આમુલ હસન (રહ.), મવ. ઉમર પાલનપુરી, મવ. ઉબૈદુલ્લાહ સા. વિગેરે ઉલમાએ કિરામના બયાનો નોટબુકોમાં નકલ કર્યા જે આજે પણ મૌજૂદ છે અને લોકો ફાયદો ઉઠાવી રહયા છે, ઈગ્લેન્ડમાં તબ્લીગી મરકઝ ખાતે ભરપુર ખિદમતો આપી, અલ્લાહ તઆલા આપની તમામ ખિદમતોને કુબૂલ ફરમાવી બેહતરીન બદલો આપે, આપના દરજાત બુલંદ ફરમાવે. ••••

# હઝ. મવ. યાકૂબ સા. કાસમી રહ.ની તફસીરી ખિદમતો

● મવ. ઝુબેર આમોદી. મુદર્રિસ જામિઅહ જંબુસર

૧૯ મોહરમ ૧૪૪૪, ૧૮ ઓગસ્ટ ઈસવી સન ૨૦૨૨.. આહ. આ તારીખ જામિઅહ જંબુસર માટે અત્યંત દુઃખદાયક અને ખેદજનક સાબિત થઈ, આ તારીખની સવાર પોતાના કિરણો સાથે શોકસંદેશ અને દુખદાયક સમાચાર લઈને આવી. એટલે કે જામિઅહની સ્થાપનાનો પથ્થર મૂકનાર, જામિઅહથી બેપનાહ મોહબ્બત કરનાર, હઝરતજી મવ. યૂસુફ સા. રહ.ના પ્રશિક્ષિત, ઈલ્મી દુનિયાના ઝગમગતા તારલા હઝ. મવ. યાકૂબ સા. રહ.ની વફાતના સમાચાર લઈને આવી અને આપણને એવા ઉંડા ઘાવ આપતી ગઈ જેને ભરાતાં કદાચ વરસો લાગી જશે.

છુપ ગયા આફતાબ શામ હુઈ– એક મુસાફિરકી રાહ તમામ હુઈ

***<u>મારો ધ્યેય કુર્આન સમજાવવું છે</u>***

હઝરત મવલાના મરહૂમે રાદેંર અને દેવબંદથી ફરાગત બાદ ભડકોદ્રા (જી.ભરૂચ)ખાતે તદરીસ અને ઈમામતની દીની ખિદમત આપવાનું શરૂ કર્યું હતું, તે સમયમાં ઉલમા દરમિયાન પણ દર્સે કુર્આનના સિલસિલાનો કોઈ રિવાજ કે પરંપરા ન હતી. એવા સંજોગોમાં આપ રહ.એ કુર્આન અને તફસીરે કુર્આનનું મહત્વ સમજીને લોકો અને ઉલમાને એનું મહત્વ સમજાવાનો સંદેશ આપ્યો એમ કહી શકાય. સન.૧૯૫૮થી પણ પહેલાં આવા નાનકડા ભડકોદ્રા ગામમાં દૈનિક ઈશાંની નમાઝ પછી કુર્આને કરીમની તફસીર કરતા હતા, અને આજ સિલસિલો યુ.કે.માં સન ૧૯૯૫ માં ફરી શરૂ કર્યો, આશરે દસ વર્ષના લાંબાં સમયગાળામાં આખા કુર્આન શરીફની વિસ્તૃત તફસીર પુર્ણ કરી. તફસીર કે દર્સે કુરઆન થકી આપનો મકસદ આપ દરેક વ્યકિતને કુર્આન સમજાવવાનો હતો. એટલે સામાન્ય માણસ પણ સમજી શકે તેવા અંદાજમાં ઈલ્મી વાતો રજૂ કરતા હતા.

એક આયતની તફસીર દરમિયાન એમણે લોકોને કહયું પણ હતું કે 'હું

ફકત તકરીર કરવા નથી માંગતો, મારો ધ્યેય દરેક માળસને કુર્આન સમજાવવું છે, માટે દરેક વાતને વિગતવાર સમજાવવાની કોશિશ કરૂં છું'.

આપની તફસીર ઓડીયો ટેપ કેસેટની શકલમાં જામિઅહમાં મોજૂદ છે અને આપની વાણી અને શબ્દોને કિતાબી સૂરતમાં તૈયાર કરવાનું કામ પણ ચાલુ છે, જે ટુંક સમયમાં જામિઅહના પ્રકાશન વિભાગથી તૈયાર થઈ આપના હાથોમાં આવી જશે,(ઈન્શા અલ્લાહ). જે મવલાના માટે સવાબે જારિઅહ છે. અલ્લામહ અલબીરી રહ."તાઈયતુલ બીરી"માં લખે છે :

ينالك نفعه ما دمت حيا——— ويبقى ذخره لك ان ذهبتا

તું જયાં સુધી જીવિત રહીશ ત્યાં સુધી તને ઈલ્મનો નફો મળતો રહેશે, અને તારા દુનિયા છોડીને ગયા પછી તે તારા માટે આખિરતનું ભાથું (સદકએ જારિઅહ) બનશે. અલ્લાહ તઆલાથી ઉમ્મીદ છે કે આ તફસીર આપના માટે આખિરતનું ભાથું અને સદકહે જારિયહ બનશે.

આપ પોતાની આત્મકથામાં લખે છે કે ભડકોદ્રામાં જયારે પ્રથમવાર જુમ્અહના દિવસે બયાન કર્યું હતું તો મુશ્કેલ ઉર્દૂ શબ્દો અને ગૂઢ ઈલ્મી હોવાના લઈ ઘણાં લોકો સમજી શકયા ન હતા અને ગામનાં વુદ્ધ લોકોએ આપનું આ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું, ત્યાર બાદ આપે અવામ સમજી શકે તેમ આસાન ભાષામાં બયાન–તફસીર કરવાનું શરૂ કર્યું, જે આ તફસીરમાં ખુબ જોવા મળે છે. આપ રહ. તફસીરમાં ઈલ્મી વાતો સરળ રીતે સમજાવતા હતા, અમુક તે તફસીરી વાતો જે એક તફસીર પઢાવનાર ઉસ્તાદને પોતાના તલબાને સમજાવવામાં મુશ્કેલી ઉભી થઈ શકે છે અને લાંબા સમય સુધી સમજાવવું પડે છે, આપે તેવી વાતો ખુબ જ સરળતાથી, ટુંકા શબ્દોમાં સુંદર રીતે સમજાવી છે, આપની તફસીર કુંજામાં દરિયાની ઉકિત મુજબ ગુઢ અને અર્થસભર છે, આપે અવામના સામે સરળતાથી કુર્આનની આયતોમાં નાસિખ – મન્સૂખ વિશે, ઈસારઈલી રિવાયતનો મતલબ અને હુકમ, અને મોઅજિઝહ વિશે પણ વિસ્તૃતમાં વર્ણન કરી બધી જ વાતો સમજાવી છે

આપની તફસીર સાંભળી આ વાત નિઃસંકોચ કહી શકાય છે કે આપ

રહ. 'તફસીરે કશ્શાફ', 'તફસીરે રાઝી' અને તફસીરે 'ઈબ્ને કષીર'નું વાંચન – અભ્યાસ કરીને જ લોકો સમક્ષ તફસીર કરતા હતા. આ વાતમાં કોઈને અતિશ્યોકિત ભલે લાગે, પરંતુ તફસીર સાંભળવાના સાથે આ કિતાબો જોતાં માલૂમ પડે છે કે આપ રહ. ઉપરોકત કિતાબો પઢીને જ તફસીર કરતા હતા.

આપ તફસીરને અમલી સ્વરૂપે પણ સમજાવવા માંગતા હતા, માટે આયતે કરીમહ الـذيـن آتيـنـاهـم الكتاب يتلونه حق تلاوته(سورةالبقرة ۱۲۱) માં તેમાં જે તફસીર મુફસ્સિરીને લખી છે તે બયાન કરી, આ આયતની તફસીરમાં એક વાત આ પણ છે કે કુર્આનને સારા અવાઝમાં તજવીદ સાથે પઢવું જરૂરી છે. એટલે આપ રહ.એ પોતે તરતીલ–તદવીરમાં એક–એક રૂકુઅ પઢીને લોકોને બતાવ્યું કે આ પ્રમાણે પઢવાનો હુકમ છે. આપ રહ.ની આ તિલાવત સાંભળવાથી એ પણ માલૂમ થાય છે કે આપ રહ. બેહતરીન કારી પણ હતા.

સમયના તકાઝાને અનુરૂપ જે તે સમયે લોકોમાં જે ખરાબી વધુ પ્રચલિત હોય તેને ધ્યાનમાં રાખી તફસીર કરતા હતા. જેમ કે તે સમયે યુ.કે.માં જાદૂ – નજરબંદી વિગેરે ખૂબ ચાલતું હતું, અને ત્યાં ટેલિવિઝન પર ખુબ દેખાડવામાં આવતું હતું, તો આપે મોઅજિઝહ અને જાદૂ વિશે વિસ્તૃતમાં સમજણ આપી, જાદૂ વિશેના શરઈ અહકામ બતાવ્યા. તાવીજ વગેરે બાબતે પણ લોકોમાં ગેરસમજ હતી તો તેની પણ પુરતી સમજૂતી આપી. તે જ પ્રમાણે યુ.કે.માં ઈસાઈ લોકો વધુ પ્રમાણમાં હોવાથી તે લોકો મુસલમાનોને ગુમરાહ કરવા માટે ઈસા અ.સ. વિશે ખોટી વાતો, અને ગલત સવાલો કરતા હતા, તો આપે ઈસા અ.સ. વિશેની બધી આયતોની એક સાથે તફસીર કરી હઝરત ઈસા અલૈ. વિશે ઈસ્લામી અકીદો અને સાચી હકીકત રજૂ કરી. આમ મુસલમાનોને ગુમરાહીથી બચાવવા માટેની દરેક કોશિશ કરવાની આપ રહ. પ્રાથમિકતા આપતા હતા.

આપ રહ. તફસીરની સમજૂતી માટે કોઈ હદીસ બયાન કરતા તો તેની મોઅતબર અરબી શરહ અને વિવરણ પણ બયાન કરી હદીસ પણ

સમજાવતા હતા, જેમ કે બુખારી શરીફની હદીસ બયાન કરી ફતહુલ બારીમાંથી, અબૂ દાઉદની હદીસ બયાન કરી બજલુલ મજહૂદથી તેનું વિવરણ બયાન કરતા જોવા મળે છે.

આપ રહ. આયતે કરીમહની તફસીરી હિકમતો તફસીરની કિતાબો અને શાહ સાહબની કિતાબ હુજજતુલ્લાહિલ બાલિગહમાંથી પણ બયાન કરતા હતા. જેમ કે કુર્આને કરીમમાં એક જ નબીના વાકિઆત તેમજ એક જ વાકિઅહને ઘણી વાર કેમ બયાન કર્યા છે ? નબીઓના નામોના બયાનમાં કંઈ તરતીબ ધ્યાનમાં રાખવામાં આવી છે. વગેરે બાબતો સમજાવવા માટે ઉપરોકત કિતાબોના કથનો ટાંકત હતા. ઘણી વાર આયત સમજાવવા માટે શબ્દકોશ મારફતે અરબીનું ભાષા જ્ઞાન પણ સમજાવે છે. તેમજ આપે આધુનીક અને ટેકનોલોજીથી સંલગ્ન દીની મુંઝવણો અને સવાલોનો ઉકેલ બાહય દલીલો અને તર્ક દ્વારા આપવાનો પણ પ્રયત્ન કરતા હતા.

***<u>દર્સે તફસીરની એક ઝલક</u>***

● સુરએ બકરહ આયત નંબર(૧૨૪)માં અલ્લાહ તઆલા તરફથી ઈબ્રાહિમ અલ.ની કસોટીનું વર્ણન છે અને ત્યાર બાદ ઈનામરૂપી આપને 'ઈમામત' આપવામાં આવી તો આપ અલૈ.એ અરજ કરી કે મારી અવલાદને પણ આ ઈમામત મળશે ? તેની તફસીરમાં હઝરત રહ. ફરમાવે છે કે ઈબ્રાહિમ અલ.ને જાણ હોવા છતાં કે મારી અવલાદને ઈમામત ઈમ્તિહાન લઈને જ આપવામાં આવશે, તો પણ આપ અલૈ.એ માંગણી કરી, જેથી માલૂમ થાય છે કે અવલાદને દીની કામની મહેનતોમાં લગાવવામાં આવે અને તેમની દીનદારીની ફિક્ર કરવામાં આવે, કારણકે અવલાદની બેદીનીથી અંબિયા અલ.ને તકલીફ થતી હતી, જેમ કે નૂહ અલૈ. તેમના છોકરાના બેદીન હોવાના કારણે અફસોસ કરતા હતા, માટે અવલાદને દીનદાર બનાવવા પૂરતી કોશિશ કરવામાં આવે. ફકત દુઆ અને નસીહત પર બસ ન કરવી જોઈએ.

● યહૂદો નસારા એક બીજાને કાફીર અને બેદીન કહેતા હતા, એમની

બુરાઈ અલ્લાહ તઆલાએ બયાન કરી છે. એનાથી માલૂમ થાય છે કે મુસલમાનોએ એક બીજાને કાફિર બેદીન ન કહેવું જોઈએ અને એક થઈ રહેવું જોઈએ, આપસી લડાઈથી દીન–દુનિયા બન્ને બરબાદ થાય છે.

● સુરએ બકરહ આયત(૮૭)માં ઈસાઈઓ વિશે છે કે જયારે પણ તેમની ખવાહિશના વિરૂદ્ધ કોઈ હુકમ આવતો તો તેઓ તેના ઉપર અમલ ન કરતા હતા. મવલાના કાસમી આ સંદર્ભમાં ફરમાવે છે કે હવે મુસલમાનો પણ પોતાની મરજી અને ખવાહિશ મુજબ જે વાત હોય તેના ઉપર અમલ કરે છે અને પોતની મરજી અને ખવાહિશ મુતાબિક જવાબ મેળવવા માટે જ અલગ– અલગ દારૂલ ઈફતાથી ફતાવા પુછે છે પછી ઈચ્છા વિરૂદ્ધ ફતવાનો જવાબ હોય તો તેના પર અમલ કરતા નથી. મુસલમાનોનો અમલ આજકાલ અલ્લાહ તઆલાની રજા માટે અમલ નથી પરંતુ પોતાની કોઈ ચાહત પુરી કરવા માટે હોય છે. એમને મુશ્કેલથી મુશ્કેલ વજીફા આપવામાં આવે તો તે પુરા કરે છે, પણ આસાન અમલ નમાઝ અદા કરતા નથી. આ બધા કાર્યો બની ઈસરાઈલની આદતો છે, એનાથી બચવું જોઈએ.

● એક આયતની તફસીરમાં ફરમાવે છે કે દોરે નબવીથી લઈ આજ સુધી બધા જ ફિતનાનું મુળ અને જડ યહૂદીઓ છે, આજે પણ દુનિયામાં જયાં જયાં આંતકવાદ યુદ્ધ અને લડાઈ વિગેરે થાય છે તે યહૂદીઓનું જ કારસ્તાન અને કાવતરૂં છે.

આપ રહ.ને કુર્આને કરીમ અને તફસીર સાથે ઘણી મોહબ્બત હતી, અને આપ રહ. ઘણી બધી તફસીરની કિતાબોનું વાંચન કરી ભડકોદ્રા અને યુ.કે.માં તફસીર કરતા હતા. એનાથી લોકોએ ઘણોં ફાયદો ઉઠાવ્યો. હાલ તેઓની આ તફસીરી મજલિસોના સંપાદનનું કામ ચાલું છે, ટુંક સમયમાં જ તેઓના દર્સે કુર્આનની પ્રથમ ભાગનું પ્રકાશન કરવામાં આવશે. (ઈન્શા અલ્લાહ) વાંચકો, હિતેચ્છુઓથી દુઆની ગુજારીશ છે કે અલ્લાહ તઆલા સદર કામને સરળ અને ઉમ્મત માટે લાભદાયી બનાવે. આમીન.

———————————————————

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ દેવલ્વી સાહેબ

તસ્દીક કર્તા

મવ. મુફતી અહમદ દેવલા

સદર મુફતી જામિઅહ જંબુસર

## ભાગીદારીમાં પાર્ટનર દ્વારા ખોટા અને વધારે માલની સપ્લાયનો હુકમ

મોહતરમ મુફતી સા. નીચે દર્શાવેલ મસ્અલાનો શરઈ હુકમ જણાવશો.

સવાલ : ખાલિદે સાજિદને પાંચ લાખ રૂપિયા આપ્યા હતા અને સેમ્પલ બતાવીને માલ મોકલવા કહયું હતું, પરંતુ ખાલિદે બતાવેલા સેમ્પલ પ્રમાણે માલ મોકલ્યો ન હતો અને વધારાનો માલ મોકલ્યો હતો, જેથી કસ્ટમ વાળાઓએ ૨ લાખ રૂપિયાનો દંડ કર્યો અને કસ્ટમના ૨ લાખ રૂપિયા ભરવાના આવ્યા, કુલ નવ લાખ થયા. હવે સાજિદ કહે છે કે ચાર લાખનું હું કંઈના જાણું, ખાલિદ કહે છે કે માલ વેચીને હું પહેલા મારા નવ લાખ કાઢી લઉ, તેના ઉપર જે નફો મળશે તે બધો નફો હું તમને આપી દઈશ.

પૈસા ખાલિદના હતા અને સાજિદભાઈએ પોતાની જ ફેકટ્રીનો ના વેચાય એવો ખરાબ માલ આપ્યો છે, હવે એ માલ વેચાય એવો નથી, ખાલિદનું કહેવું છે મારા નવ લાખ કાઢીને પછી જે નફો મળશે તે આપીશ, યાદ રહે કે આ ભાગીદારીનો મુઆમલો છે અને ખાલિદે મોકલેલ પાંચ લાખ ભાગીદારીના પૈસામાંથી એડવાન્સ કિંમત પેટે છે. આપ શરઈ દ્રષ્ટિએ સમજાવશો.

જવાબ : حامدًا و ومصليا ومسلما રજૂ કરવામાં આવેલ સવાલ બાબત આપે કરેલ ચોખવટ મુજબ આ પાર્ટનરશીપનો મુઆમલો છે અને ચૂકવણી કરવામાં આવેલ ૫ લાખ રૂપિયા એ ઓર્ડર કરેલ વસ્તુની એડવાન્સ કિંમત પેટે છે, તો મઝકૂર સૂરતમાં શરઈ હુકમ નીચે મુજબ રહેશે.

ખાલિદનું સેમ્પલ મોકલી વેપારનો સામાન સાજિદ પાસેથી મંગાવવું એ ભાગીદારીમાં ચાલતા વેપારના એક ભાગરૂપે વેપારના સામાનનું ખરીદ કરવું છે, આવી સૂરતમાં સાજિદની જવાબદારી બને છે કે તે એવી વસ્તુ જ મોકલે જેની વિગત રજૂ કરી સેમ્પલ મોકલી ઓર્ડર થયો છે. તે સિવાયની વસ્તુ માલ – સામાન મોકલવું ઓર્ડરમાં શામેલ ન હોવાને લઈ દુરૂસ્ત નથી, આવી સૂરતમાં ખાલિદને વધારાનો માલ – સામાન પરત કરવાનો પુરેપુરો ઈખ્તિયાર રહેશે. કારણ કે આ વસ્તુઓની ખરીદીનો તેઓએ ઓર્ડર કર્યો જ નથી, અને સાજિદ પણ ભાગીદાર

હોવાની હેસીયતથી પોતે ખરીદ કરી વેપાર અર્થે એટલા માટે નથી મોકલી શકતો કે તે ભાગીદાર હોવાથી બીજા ભાગીદાર ખાલિદનો વકીલ છે અને જયારે કોઈ વ્યકિત કોઈનો ખરીદવા વિશે વકીલ બને તો તે પોતાની અન્ય ભાગીદારોની ઈજાઝત અને સ્પષ્ટતા વિના ખરીદ કરી શકતો નથી. વધારાનો જે માલ મોકલ્યો છે તેમાં આ જ સ્થિતિ ઉપસ્થિત થતી માલૂમ પડે છે કે પોતાની કંપનીનો સામાન મોકલવામાં આવેલ છે અને પોતાની કંપનીનો ન હોય તો પણ આ ખરીદવું ભાગીદારીના ધંધા માટે લાભદાયી નથી એટલે ભાગીદારીમાં એનો શુમાર ન થઈ શકે, હા, અન્ય ભાગીદારો રાજી હોય તો પછી એમની પાછળથી મળેલ ઈજાઝતને લઈ ભાગીદારીમાં ખરીદવું દુરૂસ્ત થઈ જશે.

મોકલવામાં આવેલ સામાનમાંથી જો બીજા ભાગીદારો મંગાવવામાં આવેલ સામાનથી વધુના સામાનને ભાગીદારીના ધંધા માટે સ્વીકાર ન કરે તો ઓર્ડર કરવામાં આવેલ સામાનના ભાગની કસ્ટમ ડયુટી ભાગીદારીના વેપારમાં થતા ખર્ચમાંથી ગણાશે, અને બાકીની કસ્ટમ ડયુટીની જવાબદારી ઓર્ડર વિરુધ્ધ માલ મોકલનાર પાર્ટી એટલે કે સાજિદના શિરે રહેશે, અને જો બીજા ભાગીદારો બધો જ માલ સ્વીકાર કરી લે તો પછી સર્વે કસ્ટમ ડયુટી ભાગીદારીના હિસાબમાં ખર્ચ પેટે ઉમરી લેવામાં આવશે.

૨ લાખ રૂપિયા જે દંડ રૂપે વસૂલ કરવામાં આવ્યા છે, તે જો વધારાના સામાનના લગેજના અવેજમાં હોય, અને વધારાનો સામાન બધા જ ભાગીદારો રાખવા તૈયાર હોય તો તે બધા જ ભોગવશે, એટલે કે ભાગીદારીના ખર્ચમાં શુમાર કરવામાં આવશે, અને જો બધા ભાગીદારો એ વધારાનો સામાન લેવા તૈયાર ન હોય તો તેની સંપૂર્ણ જવાબદારી મોકલનાર પાર્ટીની રહેશે. અને જો આ ૨ લાખ રૂપિયા સાજિદની ગેરરીતી કરવામાં દંડ રૂપે હોય તો આ દંડની અદાયગીની જવાબદારી સાજિદની રહેશે, કારણ કે ભાગીદારીમાં એક ભાગીદારને જે વ્યવહારો કરવાની ઈજાઝત હોય છે તે એ રીતે કરવાની હોય છે, જેના લઈ કોઈ નુકસાન વેપારને ન થાય, મજકૂર સૂરતમાં વધારે લગેજ મોકલવું એ એવું પગલુ છે, જેના લઈ નુકસાન થવાનો ખતરો રહે જ છે, માટે આવી સૂરતમાં તેમણે આવું ના કરવું જોઈતુ હતું અને ભાગીદારી રૂપે કરવું દુરૂસ્ત ન હતું, તેમણે ભુલ કરી છે, તો એ ભુલનું વળતર પણ તેઓ અદા કરશે.

શર્હુલ મજલ્લહ, અતાસી :૪/૪૪૯,શર્હુલ મજલ્લહ:૨/૭૯૪ રૂસ્તમ બાઝ:૨/ ૮૦૧ – ૫૧,૧/૨૯ કવાઈદુલ ફિકહ:૫૩,શિકર્તો મુઝારબત:૨૦૮,ફિકહુલ બુયુઅ:૨/૧૧૦૧,૧૨૦૪ ના આધારે. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે. તા. ૧૧, જુમાદલ ઉખરા ૧૪૩૭ હિ.

*મૌ.મ.મેમો.હાઈસ્કૂલ–જંબુસરના કર્મનિષ્ઠ શિક્ષક*

# માચ અ.લતીફ અ.સત્તારની ચિરવિદાય

જામિઅહ ઉલૂમુલ કુર્આન ટ્રસ્ટ–જંબુસર સંચાલિત મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ–જંબુસરના હોનહાર અનેકર્મનિષ્ઠ શિક્ષક તથા સુપરવાઈઝર માચ અ.લતીફ અ.સત્તારતા.૧૨/૦૮/૨૨, શુક્રવારે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. મર્હુમ ૧૫/૦૬/૧૯૯૫થી શાળામાં ફરજ બજાવતા હતા. અલબત્ત છેલ્લા ૮ મહિનાથી M.N.D. (મોટર ન્યુરોન ડિસીજ) નામની બિમારીથી પિડિત હતા. પી.ટી.ના ટીચર હોય શાળાની શિસ્ત માટે તેઓએ અથાગ પ્રયત્નો કર્યા બલકે શાળામાં શિસ્તબદ્ધ વાતાવરણના સર્જક હતા. વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક અને સ્વભાવે દયાળુ તેમજ દરેક ને મદદરૂપ થવાની ભાવના ધરાવનાર શિક્ષક હતા. વિદ્યાર્થીઓને સ્પોર્ટ્‌ની પ્રવૃત્તિઓમાં જિલ્લા અને રાજયકક્ષાએ અનેકવાર તેઓએ ક્રમાંકિત કર્યા છે. તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ રેફરી તરીકે પણ શિક્ષણ ખાતા તરફથી નિમણૂંક પામ્યા હતા. જંબુસરમાં યોજાયેલ જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય પર્વોની ઉજવણીમાં તેઓએ કન્વીનર તરીકેની જવાબદારી પણ નિભાવી હતી.

શાળામાં નિયમિતતા અને શિસ્તના ચુસ્ત આગ્રહી હતા. દીની કામોમાં પણ અગ્રેસર રહેતા હતા. ઉલેમાએ કિરામની કદર અને આદર–સત્કાર કરનાર સ્નેહીજન હતા. તેઓના મૃત્યુ પછી જાણવા મળ્યું કે તેઓ જરૂરતમંદોને આર્થિક સહાય પણ ખૂબ જ ગોપનીય રીતે કરતા હતા. સંસ્થાને, સંચાલક મંડળને સમર્પિત હતા. તેમના વાણી, વર્તન અને સદ્‌ગુણોથી તેમનું વ્યકિતત્વ સૌને પ્રભાવિત કરનારુ હતુ. પોતાના વતન સારોદમાં ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં સક્રિય સેવા આપતા હતા. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ હંમેશા હસતા રહેવું એ એમનો ઉત્તમ અને આગવો ગુણ હતો.

મર્હુમની દફનવિધિ સારોદ ગામમાં કરવામાં આવી હતી. જામિઅહ ઉલૂમુલ કુર્આન અને તેમની તમામ ભગીની સંસ્થાઓના એક મોટા પરિવાર અને અસંખ્ય માણસો તેમની દફનવિધિમાં હાજર રહયા હતા.

અલ્લાહપાક તેઓની કરવટ કરવટ મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોષમાં આલા મુકામ નસીબ ફરમાવે અને પરિવારના સદસ્યોને સબ્રે જમીલ નશીબ કરે. મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ–જંબુસર એક કર્મનિષ્ઠ શિક્ષક ગુમાવ્યાનું દુ:ખ અનુભવે છે. સંસ્થાને એક સારા શિક્ષકની ખોટ વર્તાશે. વાચકમિત્રોને તેમની મગફિરતની દુઆ માટે વિનંતી છે.

# ૭૬ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરાઈ

૧૫મી ઓગસ્ટ, ૨૨ના રોજ મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ – જંબુસરમાં આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૬માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું . પ્રાત : કાળે પ્રભાત ફેરી અને વિશાળ રેલી સ્વરૂપે શાળાના બાળકો જંબુસરની શેરીઓમાં બુલંદ અવાજે નારા પોકારીને વાતાવરણને દેશભક્તિના રંગમાં રંગી નાખ્યું હતુ. આ રેલી પરત આવતા સભા સ્વરૂપે શાળાના વિશાળ પ્રાંગણમાં ભેગા થયા હતા. જયાં તિરંગો ફરકાવવાના કાર્યક્રમનું આયોજન થયું હતું.

કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આન થી કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ પદે જામિઅહ ઉલૂમૂલ કુર્આન જંબુસરના પ્રમુખ જનાબ મુફતી અહમદ દેવલ્વી સાહેબ ઉપસ્થિત રહયા હતા.આમંત્રિત મહેમાનોમાં જામિઅહ આઈ.ટી.આઈ.ના આચાર્ય જનાબ જહીર મારાજ સાહેબ, જામિઅહઈંગ્લીશ મિડીયમના આચાર્ય જનાબ સૈયદ મુસ્તાક અલી સાહેબ,જામિઅહ ના ઉસ્તાદ મૌલાના બશીર સાહેબ તેમજ જામિઅહના શિક્ષકગણ , વિદ્યાર્થી–વિદ્યાર્થીઓ અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી આઝાદીના આ પર્વને ઉજવ્યો હતો.

તિલાવતે કુર્આનબાદ જામિઅહના પ્રમુખ જનાબ મુફતી અહમદ દેવલ્વી સા. ના હસ્તે તિરંગો ફરકાવવામાં આવ્યો હતો . સમગ્ર વાતાવરણ જનગણ મન.... રાષ્ટ્રગીતની સાથે દેશભક્તિ મય બની ઉઠયું હતુ.

શાળાના મ. શિક્ષક મેમણ અ. વાહીદે મહેમાનોને આવકારતા પ્રા.પ્રવચનમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીનો હેતુ સમજાવી આઝાદી માટે તન–મન ધનથી કુરબાની આપનાર સપૂતોની વીરગાથા કહી સંભળાવી હતી.

ત્યારબાદ શાળાના વિદ્યાર્થી મલેક મોઆઝ ઈકબાલે 'જશ્ને આઝાદી'નઝમ રજૂ કરી હતી. અંગ્રેજી મીડિયમ શાળાના આચાર્ય સૈયદ મુસ્તાકઅલી સાહેબે દેશના ઘડતર માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેનાર સર સૈયદ અહમદ થી લઈને ડો. એ.પી.જે. અબ્દુલ કલામને યાદ કરીને

જણાંવ્યું હતું કે જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે સખત પરિશ્રમ જરૂરી છે.શાળાના મ. શિક્ષક જનાબ અહમદ હુશેન ગાઝી સાહેબે અંગ્રેજોથી આઝાદી મેળવવામાટે ભારતમાં થયેલ વિવિધ ચળવળો, મુસ્લિમોએ બતાવેલી હિંમત અને સાહસ તથા કુરબાનીને યાદ કરી હતી. અને જણાંવ્યું હતું કે અંગ્રેજોની બદનિયતને ઓળખીને તેમના સૌ પ્રથમ વિરોધ કરનાર મુસ્લિમો જ હતા.

મૌલાના બશીર ભડકોદ્રવી સાહેબે તેમના આગવા અંદાજમાં પ્રા.પ્રવચન આપતાં જણાંવ્યું હતું કે આઝાદીની લડતો સૌથી પહેલા અવાજ ઉઠાવતા મદ્રસાઓ હતા. જેમાં પઢતા અને પઢાવતા હજારો તલબાઓ અને મૌલવીઓને અંગ્રેજોએ કાં તો જેલમાં બંધ કર્યા , કાં તો ફાંસીના માંચડે લટકાવી દીધા હતા. જે મદ્રસાઓ ઉપર આજે કીચડ ઉછાળવામાં આવે છે. એ મદ્રસાઓ ઈન્સાન ને ઈન્સાનિયત શીખવવાનું કાર્ય કરે છે. જેથી માનવજાતને આજે સૌથી વધુ જરૂર છે.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને થી પ્રવચન આપતાં મુફતી અહમદ યાકુબ દેવલ્વી સાહેબે જણાંવ્યું હતુ કે 'હર ઘર તિરંગા ' ના આ અભિયાન થકી આજે દરેકના દિલમાં નવો જ ઉત્સાહ અને આનંદ જોવા મળી રહયો છે. આપણાં વડીલોએ આઝાદીની આ ભાવનાને સાકાર કરવા માટે જ બલિદાન આપ્યા હતા. વિરોધીશકિતઓ ભલે ગમે તેટલા પ્રયત્નો કરે આપણે સબ્ર થી કામ લેવું પડશે. આઝાદી માટે આપેલા બલિદાનોને આપણે વ્યર્થ ન જવા દઈએ. દીની – દુન્યવી શિક્ષણ મેળવી સમાજને જાગૃત કરવો પડશે તો જ આપણે આપણાં વડીલોના સપનાને સાકાર કરી શકીશું.

કાર્યક્રમના અંતમાં દેશમાં અમન,શાંતિ,ભાઈચારા , એકતા માટે મુફતી સાહેબે દુવાઓ ગુજારી હતી. મુફતી સાહેબ, મહેમાનો , શિક્ષક ગણ દ્વારા શાળાના મેદાનમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.અંતે બુંદીના લાડુમાં આઝાદીની મીઠાશને વાગોળતા – વાગોળતા સૌ છૂટા પડયા હતા.

કાર્યક્રમનું સફળ સંચાલન મદદનીશ શિક્ષક મેમણ અબ્દુલ વાહીદે કર્યુ હતું. સલામી અને પરેડદહહ કેડેટ એઝાઝખાન પઠાણે કરાવી હતી. વૃક્ષારોપણ કાર્યક્રમમાં શાળાનાદકકવિંગના વિદ્યાર્થીઓ તથા રાજ સમીર સાહેબે તથા ઈકો કલબના વિદ્યાર્થીઓએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. ••

**The demise of Mawlana Yaqub Qasmi Sahib Kawi**

# The great loss for Jamiah

On 17 August 2022 Wednesday, One of the most learned and great scholars of Islamic World, (Honourable Trustee of Jamiah Uloomul Quran - Jambusar) Hadrat Mawlana Yaqub Qasmi Sahib Kawi has passed away at his residence Dewsbury U.K. Inna lillah.........

Hazrat Maulana Yakub Ismail Munshi Qasmi Sahib is a real resident of the ancient and historical town of "Kavi" in the famous Bharuch district of Gujarat, and has been living in Britain for the past fifty years and has been performing religious services there.

Moulana was born on Monday 14 Muharram 1350 (1 June 1931) in the Indian village of Kawi, Bharuch, Gujarat. He acquired his early religious and secular education in his village and thereafter enrolled at the famous Madrasa Jamiah Ashrafia - Rander. Thereafter, he travelled to Deoband and graduated in 1372 (1953). After graduation, he returned to Gujarat and became Imam and taught Maktab in Bhadkodra for the next ten years. Subsequently, He migrated to the UK in 1966 and was from among the first Muslims who settled in Dewsbury. He was the first graduate of Darul Uloom Deoband to be appointed as Imam in the UK."

I, (Mufti Ahmed Devlavi) have the privilege of being a disciple of Hazrat Moulana Yaqub Qasmi Sa in

Jamiah Talimuddin Dabhel, and from that time until now Hazrat Maulana's special attention and compassion have been with me which has greatly influenced.

Realy, Hazrat Maulana was a great scholar as well as a true saint. Hazrat Maulana was a graduate of world famous Madrasa Darul Uloom Deoband, & one of the distinguished disciples of Shaykhul Islam Moulana Husain Ahmad Madani (Rh.) And Befriended of Hazratjee Maulana Yusuf Sahib Kandhalvi (Rh.) He was the formidable jurist, author and has a prominent place in knowledge and virtue.

He was an all-rounded person: an orator who pioneered the work of Dawat and Tabligh and had a special affiliation with the Tablighi Jamaat, Therefore he has made countless journeys in the country and abroad for the purpose of preaching and preaching.

Maulana had been living permanently in Dewsbury, Britain for almost fifty years. and were members or participants of numerous committees and jurisprudence academies in England and other countries of the world. He was one of the few fortunate and great religious scholars who, despite staying in Britain for a long time, did not allow his religious and scholarly personality to be swept away in the flood of materialism and instead of getting lost in the worries of livelihood, The religious guidance of the Muslims of Britain and the concern of their religion and belief has

been covered by him, in the same way, they are also familiar with and connected with the religious and academic activities in other countries outside the United Kingdom.

Maulana is the author of many books. In order to solve the family disputes and problems of British Muslims and to present their Shariah solutions, he has established the "Sharia Council" and "Islamic Research Institute of Great Britain" and his numerous research books on the new issues arising in Britain.

He was known for the Subh-e-Sadiq (dawn) issue in UK. He was the first who discovered and brought it to the attention of scholars across the country regarding the Subh-e-Sadiq.

His speeches were solid. He would deliver Arabic speeches with such fluency that I have not come across anyone so fluent from our circles.

One of the qualities of Mawlana was that he would not bear any grudge or ill feelings against those who he disagreed with. He would meet them with respect. This was his sincerity.

His demise is undoubtedly a great loss for the Ummah and particularly for Jamiah Uloomul Quran - Jambusar. May Allah grant him an abode in Jannatul Firdaws.

---------------------------------------------------

બોધકથા :

દૂરના કોઈક ગામમાં એક નેક માણસ રહેતો હતો. પોતાનો બધો જ સમય અલ્લાહની ઈબાદતમાં પસાર કરતો. ગામ લોકો માટે એના દીન – ધર્મનો આધાર આ માણસ જ હતો. દીન અને ધર્મની દરેક વાત આ માણસની રાહબરી મુજબ જ ગામ લોકો અંજામ આપતા હતા. અને પોતાની ધાર્મિક રાહબરી કરવા બદલ લોકો એનો પૂરતો ખ્યાલ રાખીને એની જરૂરતો પૂરી કરતા હતા.

એક દિવસ ભારે તોફાન – પૂર આવ્યું અને ગામ પાણીમાં ડૂબવા લાગ્યું. હવે બચાવનો એક જ રસ્તો હતો. નાવડી કે હોડીમાં બેસીને સલામત સ્થળે જતા રહેવાનો. અને લોકો પોત પોતાની નાવડીમાં બેસીને ગામ છોડવા લાગ્યા. પેલા નેક માણસ પાસે કોઈ નાવડી ન હતી. એટલે નાવડીમાં બેસીને ગામ છોડી રહેલા અમુક માણસો એની પાસે આવ્યા અને પોતાની સાથે નાવડીમાં બેસી જવાનું કહયું. પણ એણે કહયું કે મને જરૂરત નથી. અલ્લાહ મને બચાવનાર છે. તમે જઈ શકો છો.

થોડી વારે બીજું ખાનદાન આવ્યું અને જતાં જતાં આ ઈબાદતગુઝારને પોતાની સાથે કશ્તીમાં બેસી જવાનું કહયું. પણ એનો એ જ જવાબ હતો.

અંતે ગામનું છેલ્લું ઘર એમની હોડીમાં નીકળી રહયું હતું. એમણે અરજ કરી કે તમે અમારી સાથે બેસી જાઓ. હવે ગામ ડૂબી જવાની અણીએ છે. પછી તમે નીકળી નહીં શકો. પણ એનો એક જ જવાબ હતો. મારે એની જરૂરત નથી. અલ્લાહ બચાવશે. તમતમારે નીકળી જાઓ.

બધા લોકો ગામ છોડી ગયા. પછી થોડા સમયે તોફાન શમી ગયું. પાણી – પૂરી ઓસરી ગયાં. અને લોકો ગામમાં પરત આવ્યા તો એ દીનદાર માણસ એના ઘરમાં મર્યો પડયો હતો. લોકોને ઘણો અફસોસ થયો. અને સાથે જ ગામ લોકોમાં એક ચર્ચા ચાલી પડી કે આખરે અલ્લાહ તઆલાએ એને બચાવ્યો કેમ નહીં ? અમુક લોકો ઉપર તો આ વિચાર એટલો હાવી થઈ ગયો કે એમણે ખુદાનો ઈન્કાર કરીને ધર્મ છોડવાનો નિર્ણય કરી લીધો. એવામાં એક સમજદાર માણસ આગળ આવ્યો અને લોકોને સમજાવ્યું કે, અલ્લાહ તઆલાએ એને ત્રણ વાર બચાવ્યો હતો. લોકોએ ત્રણવાર એની પાસે જઈને નાવડીમાં બેસીને બચી જવાનો ઉપાય બતાવ્યો જ હતો. પણ એ પોતે જ બચવા માંગતો ન હતો.

કહેવાનો સાર આ છે કે અલ્લાહ તઆલાની મદદની રીત એની મરજી મુજબ હોય છે. માણસની મરજી મુજબ જ એની મદદ હોય એ જરૂરી નથી. માણસને ખુદા ઉપર વિશ્વાસ હોય તો પછી ખુદાની મરજી અને મદદના તરીકા સમજવાની કાબેલિયત પણ એનામાં હોવી જોઈએ. ખુદાની દોસ્તી બેવકૂફી કરવાનું નામ નથી. અકલમંદી અને હોશિયારીનું કામ છે. • • • • •

### ભાઈઓ અને વારસો

પહેલાંના ઝમાનામાં બાપના મરવા પછી ભાઈઓ હળીમળીને વારસાઈ છુટી પાડતા હતા. આજે વારસો બધા ભાઈઓને છુટા પાડે છે.

### હસદખોરની નારાજગી

હઝરત મુઆવિયહ રદિ. ફરમાવે છે કે, હું મારાથી નારાજ દરેક માણસની નારાજગી દૂર કરી શકું છું. પણ અદેખાઈ – હસદ કરનાર સાથે હું ગમે તેવો સારો વ્યવહાર કરું, એ મારાથી નારાજ જ રહેશે.

### તંદુરસ્ત અને બીમાર માણસ

દુનિયા કમાવામાં માણસ સાજો અને સ્વસ્થ હોય છે, પછી એ જ માણસ ઈબાદત વેળા બીમાર, અશકત અને આળસુ બની જાય છે.

### સુખના દરવાજા

સારા શબ્દો, સન્માન, મુસ્કાન અને પ્રેમ – દયા આનંદમય જીવનના દરવાજા છે. જે માણસ પણ જીવનનો આનંદ મેળવવા માંગતો હોય એણે આ દરવાજા ખુલ્લા રાખવા જોઈએ.

### ઇન્સાન હોવાની દલીલ

દુખનો અનુભવ – એહસાસ વ્યકિતના જીવંત હોવાનો પુરાવો છે. પણ અન્યોના દુખોનો એહસાસ તે વ્યકિતના 'ઈન્સાન' હોવાની દલીલ છે.

### નેઅમત અને હસદ

અન્યોની કોઈ નેઅમત કે સુખ જોઈને હસદ ન કરો. શી ખબર આ એક સુખની સામે અલ્લાહ તઆલાએ એને કેટલા દુખો આપ્યા હશે ? અને પોતાની કોઈ મુસીબત ઉપર દુખી ન થાઓ, તમને ખબર નથી કે અલ્લાહ એના બદલામાં તમને શું આપનાર છે. કુરઆનમાં છે : સબ્ર કરનારાઓને બે હિસાબ બદલો આપવામાં આવે છે.

### ખુદાની રાહ

ખુદા સુધી પહોંચવાની રાહ ઘણી લાંબી અને અઘળી છે. કાચબાની ચાલે પણ ચાલતા રહેવાનું છે. મંઝિલ ન મળે તો ભલે ! કમથી કમ એ રાહે ચાલતાં મોત મળે એ પણ કાફી છે.

### મુહબ્બતની દલીલ

મુહબ્બત અને નિખાલસતા કામ અને કર્મથી પુરવાર થાય છે. બાકી વાતો હાંકતી વેળા દરેક માણસ મોટો ફિલોસોફર બનીને વાત કરે છે.

### માણસની કીમત

માણસે પોતાની કીમત એટલી જ રાખવી, જે દોસ્તો – સગાઓ ચુકવી શકે. જો વધારે મોંઘો થઈ જશે તો એકલો પડી જશે.

### સફળતાની સવાર

સફળતા સવાર જેવી છે. માંગવાથી નથી મળતી, બલકે જાગવાથી અને કામે મંડી પડવાથી મળે છે.

### જીવન એટલે

તકદીર લઈને આવવાનું અને આમાલ લઈને જવાનું નામ જિંદગી છે.